ગુજરાતી ઈમેગેઝીન • વર્ષ : 2 • અંક : 79 • સાહિત્યકાર વિશેષાંક • ઓગસ્ટ, 2019

# વાતાયન

તંત્રી : ડો. ધીમંત પુરોહિત




## રજનીકુમાર પંડ્યા @ 82

ગુજરાતી ઈમેગેઝીન • વર્ષ : 2 • અંક : 79 • સાહિત્યકાર વિશેષાંક • ઓગસ્ટ, 2019

# વાતાયન

'Vatayan'- the title is our tribute to the legendary Gujarati author Chandrakant Bakshi, his pen and his column.

તંત્રીઃ ડો ધીમંત પુરોહિત

## સાંકળિયું


1. તંત્રી લેખ : ડો ધીમંત પુરોહિત
2. ક્યાસે ક્યા હો ગયા : રજનીકુમાર પંડયા
3. હું ફીદા થયો છું : વાસુદેવ મહેતા
4. ફ્લેશબેક : ઉર્વીશ કોઠારી - બિરેન કોઠારી
5. રજનીકુમાર પંડયા : પરિચય - ઝબકાર


પ્રકાશકઃ ન્યૂઝવ્યૂઝ.કોમ વતી ડો ધીમંત પુરોહિત

મેગેઝીન ડિઝાઈનઃ હર્ષલ ગિલ્ડર

અવલોકન માટે પુસ્તક મોકલવાનું સરનામું

www.newzviewz.com, Comminicators, 509, Shivalik High Street,
Near Mansi Circle, Vastrapur, Ahmedabad : 380015
dhimantaajtak@gmail.com Mobile : +91 98798 10101



# તંત્રી લેખ : ડૉ ધીમંત પુરોહિત

# રજનીકુમાર પંડ્યા : ગુજરાતી સાહિત્ય અને સાહિત્યિક પત્રકારત્વનો એક અકળ કોયડો

રજનીકુમાર પંડ્યાના કટાર લેખનને જો પત્રકારિતા ગણીએ તો એ ગુજરાતી સાહિત્યક પત્રકારત્વમાં એક મૌલિક ઘટના છે અને એમનું ઉંમરના 82માં પડાવે પહોંચવું એ એમના જીવન સફરના શિરમોર સમી ઘટના છે. રજનીકુમારનાં જીવનના એકથી વધુ પાસા છે. દરેક પાસા એકમેકથી ચઢીયાતા છે, પણ મને સૌથી વધુ ગમતા રજનીકુમાર 'ઝબકાર'વાળા રજનીકુમાર  છે અને મને આજની તારીખે જો કોઈ એક વાતનો મોટામાં મોટો વસવસો હોય, તો એ કે હવે એ છાપાઓમાં 'ઝબકાર' કે 'ઝબકાર' જેવું ખાસ કઈ લખતા નથી. 'ઝબકાર' એટલે શું એની વ્યાખ્યા ન જ કરવાની હોય, પણ નવી પેઢીના વાચકોની જાણકારી માટે કહી દઉં, કે 'ઝબકાર' રજનીકુમાર પંડ્યાની 'સંદેશ' અખબારમાં 1980 માં શરુ થયેલી અનેક નવા ઇતિહાસોની સર્જક શબ્દ-ચરિત્રાત્મક કટાર હતી, જેણે સાહિત્ય અને પત્રકારત્વના ભેદ ભુલાવી દીધા. અખબારોમાં  જાણ્યા-અજાણ્યા લોકોની મુલાકાતો છપાતી હતી પણ કાં તો સીધા સવાલ-જવાબના રૂપમા અથવા એના ઉપર આધારિત રિપોર્ટ્સના ઢાંચામાં.રજનીકુમારે જાણીતાઓનું ઓછું પણ અજાણ્યા લોકો વિષે મુલાકાત જ નહિં પણ સંશોધન આધારિત લખ્યું અને એ પણ સાહિત્યિક સ્વરૂપમાં. જેની વાત એમાં આવે, એ વ્યક્તિ કે સંસ્થાના જીવનમાં રુપાંતરણ સધાઇ જાય એટલું એપ્રિશિએશન અને લોક્સહાય રજનીકુમારના  માધ્યમથી એમને મળ્યા. એટલું જ નહી. એમના આ 'ઝબકાર' પ્રદાનથી  લાખો ગુજરાતી વાચકોથી માંડીને ચં.ચી.મહેતા અને  વાસુદેવ મહેતા જેવા દુરારાધ્ય વિવેચકો એમના પર ઓવારી ગયા. રજનીકુમાર પંડ્યા નામ મટીને એક બ્રાંડ બન્યા એ 'ઝબકાર'ને કારણે. આમ છતાં એમનું આ પ્રકારનું લખાણ કયા કારણે બંધ થઇ ગયું અને હજી કેમ ફરી શરુ નથી થઇ શક્યું એ મારે માટે એક અકળ કોયડો છે.

હું ઊંડો ઉતાર્યો ત્યારે ખબર પડી કે એમના રમેશ પારેખ અને કિરીટ દુધાત જેવા અનેક વાર્તાકાર મિત્રોની એવી સજ્જડ લાગણી હતી, કે રજનીકુમારની સર્જકતા છાપાઓની 'ઝબકાર' જેવી કોલમોમાં વેડફાઈ જાય છે. એમણે આ બધું બંધ કરીને માત્ર ને માત્ર વાર્તાઓ જ લખવી જોઈએ. . એમ તો 'ઝબકાર' પણ ચરિત્રાત્મક વાર્તાત્મક અહેવાલ જ છે. એમાં વાર્તા તો છે જ. પછી વાંધો શો છે? ભલે રજનીકુમાર એમની સામે ઝૂકી ના ગયા પણ એક બ્રેક જરૂર વાગી. એમના એ બેઉ મિત્રોએ પાછળથી એમની ભૂલ કબુલી લીધી. જો કે રજનીકુમારના પોતાના માનવા પ્રમાણે  હવે  લેખકોને અખબારમાં અપાતું મેદાન સંકોડાઇને ફળીયું બની ગયું છે, જેમાં મુકત પણે ખેલવાની શકયતા રુંધાઇ ગઇ. આમ 'ઝબકાર'નો અંત.

સાહિત્ય ક્ષેત્રે નામના વધતા એમણે પોતાની એકાવન વર્ષની ઉંમરે  1989મા વી આર એસ કે પેન્શન કોઇ પણ લાભ વગર બેન્કની નોકરી છોડી દીધી. એ પછી એ બંધન મુક્ત થયા અને હરણફાળ ભરી, ઝળહળતી યશકલગી જેવી નવલકથા 'કુંતી' અને ડૉક્યુનોવેલ 'પુષ્પદાહ" જેવા અમર સર્જનો આપ્યા. આ નાનકડા સંપાદકીયમાં એમના પ્રચંડ એવા સાહિત્યિક અને સામાજિક પ્રદાન વિષે લખવું શક્ય નથી પરંતુ આપણે આશા રાખીએ, કે રજનીકુમાર પંડ્યાના 100 વર્ષ આપણે ઉજવીએ ત્યાં સુધી રજનીકુમાર બમણા વેગે સાહિત્ય સર્જન કરતા રહે અને 'ઝબકાર' તો ફરી લખે જ લખે!

# ક્યાસે ક્યા હો ગયા : કેફિયત

## - રજનીકુમાર પંડ્યા

ન જાણે કાગળો કંપે છે કેમ ટેબલ પર
કલમ ઝબોળી નથી મેં તો હજુ શાહીમાં
અમે તપાસ્યા કર્યા વ્યર્થ સ્વર્ણપાત્રોને
અહીં શરાબ હતો કાચની સુરાહીમાં

* કવિ હરકિસન જોશી

ઝવેરીલાલ મહેતા બોલ્યા કે, કાંઈ નહીં, તમે ઘેર નહીં હો તો તમે જ્યાં હો ત્યાં ફોટા પાડવા આવીશ. ક્યાં હશો ? મેં કહ્યું, 'નેશનલ ઇન્સ્ટીટયૂટ ઓફ ડીઝાઇન'માં. આ બોલ્યા પછી, મારી સંમતિથી ફોટા પડાવવાના હતા. કોઈ જબરદસ્તી નહોતી, છતાં ય જરા ડગમગી ગયો- જૂના ફોટા આ ચોપડીમાં ન ચાલે ? કે નવા પડાવવાની આ નાહકની ભાંજગડ ? જોને, જૂના કેટલા ફક્કડ છે !

મતલબ કે નવા હવે અગાઉ જેવા રૂપકડા નહીં આવે- રજનીકુમાર, તમે અંદરથી થથરો છો. હવે ગાલ લચી ગયા તમારા, હોઠના બન્ને ખૂણે ત્રાંસી રેખાઓ પડી ગઈ, ગળાની ચામડી પર કરચલીઓ ! આંખોના ખૂણેથી પણ તમે કરમાઈ ગયા. હસવાથી હવે થોડા વિરૂપ પણ લાગો છો- વાળ રંગતા હો તો રંગ્યા કરો ને મરો ત્યાં સુધી, પણ ચહેરા ઉપર અગાઉની ગ્લેમર ક્યાંથી લાવશો ? આંખોની ચમક, નજરમાં લલક, છટા, અદા, બોલો, રહ્યું હવે કાંઈ ? અર્થ આટલો; આપણે સ્વર્ણપાત્રો તો કદી હતા જ નહી. હતા કાચની સુરાહી, જેને જરાક ત્રાંસી કરીને જોવાથી તળીયું દેખાઈ આવે એટલો જ આસવ હવે રહ્યો છે.

ખેર, ઝવેરીલાલ આવ્યા- મને મારા કામમાંથી ઉખેડીને લાયબ્રેરીમાં લઈ ગયા. પાડ્યા ફોટા, પણ હરેક ક્લિક વખતે હું એ વિચારતો હતો કે આ મારા નહીં, મારા પર ઊઠી આવેલા સમયના સોળના ફોટા પડે છે. જોજો, એમાંથી એક આ ચોપડીમાં છે. તમે નીચેનું લખાણ જોજો. એ તમારા માટે છે. હું ફોટો જોઈશ- એ મારા શિક્ષણ માટે છે. મારો પાઠ મારા ભેજામાં બરાબર ઉતારવા માટે મારા એક વરસની ઉંમરથી માંડીને જીવનના હરેક તબક્કાના ફોટોગ્રાફ્સ સંપાદકે મૂક્યા છે.

પણ મને આમ મારી મારીને મારી વયનાં હવે બહુ ઓછાં વરસ બાકી રહ્યાં છે એમ ઠસાવવાની જરૂર નથી. એ તો હું આમેય સમજી ગયો છું. જે દિવસે મારી ઉંમરનાં સાઠ વરસ પૂરાં થયાં, તે દિવસે એટલે કે ૧૯૯૮ની છઠ્ઠી જુલાઈએ હું કેનીયામાં

યુગાંડાની બસમાં સફર કરતો હતો. કુદરતનો કંઈ એવો કાનૂન-બાનુન નથી, પણ મારા મનમાં એ દિવસે બપોરે મારા જન્મના સમયે, પોણા બારે, ચાલુ સફરે, સટાકો બોલી ગયો, બૂઢાપાએ મને ચાલુ બસની બારીની અંદર હાથ નાખીને એ પળે ગળેથી પકડ્યો. ચાલ, હવે બહુ રંગરાગ ખેલ્યા, ચાલ મારી સાથે. નાસ્તિક છો એટલે રામનામ તો નહીં ભજે, પણ હવે આ અહેસાસ સાથે જીવતાં શીખ. શરીરના, મનના, આકાંક્ષાઓના, મહાત્વાકાંક્ષાઓના ઉફાળા હવે મૂકી દેજે. હવે બધું ટૂંકેથી પતાવજે. ઝડપ કરજે. પાંચ-દસ વર્ષ આપું તો લેજે, પણ એને હવે છેલ્લા કોળીયા ગણજે. આવું થવું જોઈએ, ન થવું જોઈએ, વાજબી, ગેરવાજબી, વધુ પડતું યા ગાંડા જેવું- એ બધી ય ચર્ચા એને ઠેકાણે, પણ હું તો જે બન્યું હતું એનું રિપોર્ટિંગ કરૂં છું- મને આવું થયું. એ પછી ટાંઝાનીયા ગયો, ઝાંઝીબાર ટાપુ પર પણ. મઝા આવી. પણ સિનેમાના પર્દા પર જ્યારે બહારથી પ્રકાશ ફેંકાય ત્યારે મન હટી જાય ને આપણે પરદો છોડીને બારણા ભણી જોવા કરીએ કે કોણ આવ્યું ? કોણ આવ્યું ? એવું. ભારત આવીને આને કારણે ભયંકર ડિપ્રેસનમાં સપડાયો. બીજાં કારણો હશે પણ આ ઉપરનો અહેસાસ મેઇન રોલમાં. મને એમ થાય કે હું જીંદગીમાં કેટલો નિષ્ફળ ! કેટલો મામુલી ! કેવો અસલામત ! અરે, મને તો કોઈ આવડતું જ નથી ! લખતાં પણ નહીં. આ બધાં લખાણો હું “ફલ્યુક”માં લખી ગયો. અંધારામાં તરવાર વિંઝતાં પાંચ ધડ પડી ગયાં એથી કાંઈ તલવારબાજ બની ગયો તું ? આવું થાય. આખો દહાડો ઉંઘ આવે-કોઈના ફોન આવે તે નિર્માલ્ય, નબળાં, અધુરાં, થાકેલાં વાક્યો બોલીને ઝડપથી પતાવું. શરીરની તાકાત ક્ષીણ. ભયાનક થાકોડાનો, કૌવતહીનતાનો સતત અનુભવ થયો.

આવું છએક માસ ચાલ્યું હશે. એક વાર આકસ્મિક જ રાધનપુર જતાં ડૉ. મૃગેશ વૈષ્ણવ, મારા મિત્ર સાથે. બલકે એમની જ કારમાં હું હતો. મને કહે ‘‘કેમ યાર, બોલતા નથી, છે શું ?’’

થોડા એમની સાથે ડાયલોગ્સ- એ તો મશહુર મનોચિકિત્સક અને સેક્સોલોજીસ્ટ. અને વળી મિત્ર !

મને એમણે ત્રણ જ માસમાં એ બોગદામાંથી બહાર કાઢ્યો. એ પછી તો હું ફરી હણહણાટીમાં આવી ગયો. ઘણું લખ્યું. ‘ફરેબ’ નવલકથા લખી-એકદમ શક્તિથી છલકાતો થઈ ગયો.

પણ વિદાય લેતા મહેમાનોમાંથી કોઈક એવો પણ નીકળે કે જે નીકળી ગયા પછી પણ આપણા ઓટલે જ રાતવાસો કરે. સવારે પાછો ઘરમાં આવવા ટાંપીને બેસે, એમ. એમ આ બૂઢાપાનો અહેસાસ પણ.

ભલે ડીપ્રેસન ગયું પણ આ ઉમરનો અહેસાસ મને વારંવાર બ્લેકમેઈલ કરે છે- જો કે *બ્લેકમેઈલ* શબ્દ તો હું વાપરૂં છું, બાકી એ સાચો છે. એની વાતમાં, એની ધમકીમાં દમ છે. એટલે જ વારેવારે એ અહેસાસને પંપાળું છું- ઝવેરીલાલ ફોટા પાડવા આવ્યા ત્યારે પણ આવી જ મનોદશા પેદા થઈ ગઈ. બૂઢાપાની ધૂમ્રસેર વીંટળાઈ વળી.

એમાં ય એમણે પાડેલા ફોટોગ્રાફ્સ હાથમાં આવ્યા ત્યારે તો ખચિત જ.

બૂઢ્ઢા માણસોને પસાર કરેલા રસ્તા પર નજર નાખીને વચગાળાના સરવૈયા કાઢવાની રજા હોય છે. ને એવો આ પ્રયત્ન છે.

★★ ★★ ★★

જીંદગીમાં એક સવાલ મને વારંવાર મારા જીવતરની ભયાનક નિષ્ફળતાનો અહેસાસ કરાવ્યા કરે છે-તારે શું થવું હતું ? શું થઈ ગયો ? સ્વ. કનુ અડાસીએ મારા વિષેના આ પુસ્તક માંહ્યલા લેખમાં લખ્યું છે કે કોઈ છંછેડાયેલી અપ્સરાનો શાપિત થઈને આ પૃથ્વી પર આવી પડેલો જતી છું- પણ ના, હું જતી-બતી કંઈ નહીં હોઉં- સન્યાસ-યોગ-બ્રહ્મચર્ય-વેરાગ-ભભૂત ફક્ત મારા મનમાં કદી ઉગ્યા જ નથી. આપણી એ ધાતુ નથી. હું તો છલોછલ જીવનરસથી છલકાતો હતો શરૂથી જ. શિશુવયમાં કલાકો સુધી કોથળા પર પડ્યા પડ્યા છત તરફ તાકીને ગાયા કરવાની મને ટેવ હતી. ઘરમાં થાળી વાજા પર વાગતી રેકોર્ડ સાથે સૂર પૂરાવતો ને ગીતો મને મોઢે થઈ જતાં. પાઠ્યપુસ્તકોમાંથી કવિતાઓ મોઢેની મોઢે ! મારૂં જગત વિસ્મયથી ભરેલું હતું. જો કે દરેક બાળકનું હોય છે, પણ અત્યારે ફરી એક 'રિવ્યુ' કરતી નજર એના પર નાખું છું ત્યારે સમજાય છે કે વિસ્મય પારદર્શક કાચની સપાટી ઉપર પડતા તડકા જેવું હતું, જે કાચને અજવાળ્યા પછી ય છેક આરપાર અંદર જાય છે ને ભીતરની અંધારી દુનિયાનેય થોડી અજવાળી આપે છે.

તોફાની બાળકો જ આગળ જતાં તેજસ્વી થાય છે અને આ દુનિયાની બજારમાં ચમકી ઉઠે છે- પણ મારામાં ટિખળના મામુલી અંશોને બાદ કરતાં તોફાન નહોતા. મારી ગણના શાંત બાળકોમાં થતી હતી. પણ એકરાર કરૂં છું કે એવી મારી છાપ અસલી નહોતી. એ તો મારા પર મારા મોટાભાઈ ઈંદુભાઈના ભયંકર દાબને કારણે હતી- વાસ્તવમાં તો એં દાબ પણ ઈમોશનલ બ્લેકમેઈલીંગમાંથી જ નિપજેલો હતો. એ મારાથી પાંચ વર્ષ મોટા હતા. પણ મારી આજુબાજુના પરિવેશમાં બીજો કોઈ 'ભાઈ' ન હોવાને કારણે એ કેન્દ્રમાં રહેતા અને શરૂઆતના વર્ષોમાં તો રોલ મોડેલ પણ રહ્યા. તકલીફ એક જ વાતની હતી કે એ જન્મજાત રીતે, અંગ્રેજીમાં જેને 'ઇસેન્ટ્રીક' કહેવાય તેવા હતા. એમના સ્વભાવમાં એકાંગીપણું, ધૂનીપણું, તરંગીપણું અને તે ઉપરાંત પણ બીજાં અનેક વૈચિત્ર્યો હતાં, જે મારી ઉપર એ બળજબરીથી થોપવાનો પ્રયત્ન કરતા. રસ્તામાં અમુક પગલાં, અમુક રીતે ચાલવું, અમુક ગલીમાંથી પસાર થતી વેળા અમુક વાક્યો સ્વગતપણે બોલવા, અટકવું, બે ડગલાં પાછળ હટવું, વળી આગળ ચાલવું, આવા વિધિવિધાનો એ મારી પાસે ભારે બળજબરીથી પળાવતા. એમાં અમુક તો વળી પોઝીટીવ ટાઈપના પણ હતા- છાપું શરૂથી અંત સુધી શબ્દશઃ મોટેથી વાંચવું, પોતે મારાથી પાંચ વર્ષ આગળ છતાં પોતાને સ્કુલમાં ચાલતા પાઠ બળાત્કારે મને શિખવવા( ને એમ કરીને પોતે રિવીઝન કરવું), કસરત કરાવવી, અમુક રીતની પ્રાર્થના કરવી, રોજના પાંચ-

સાત માઈલ હું હાંફી રહું તો પણ ચલાવવું, આ બધી જ વાતોથી મને ભારે ત્રાસ થતો. પણ હું એમને અપાર સ્નેહથી ચાહતો અને એ પણ મને (ભલે આવી રીતે પણ) ચાહતા. એટલે મારે તાબે થવું પડતું. એમાં ક્યાંક ચૂક થતી તો બરડામાં ઓયકારો બોલી જાય એવો ધુંબો પડતો. એથી પણ આગળ વધીને હું જ્યારે સાવ નાનો હતો ત્યારે તો એ સળી ખાવાની ધમકી આપતા. મતલબ કે પોતે સાવરણીની સળીઓ ખાઈને આપઘાત કરશે ! આને કારણે હું થથરી જતો. એમણે બહુ નાની વયે મારામાં શરીર પ્રત્યેની સભાનતા રોપી અને શરીર જ દુનિયામાં સર્વસ્વ છે એવી ગ્રંથી, કે જેનાથી એ પોતે પીડાતા હતા તે દૃઢમૂળ કરવાની કોશિશ કરી.

પણ આ બધી જ ચીજો સ્વભાવગત રીતે મારામાં નહોતી. અમે બન્ને ભાઈઓ ચહેરેમહોરે સરખા, તે એટલી હદ સુધી કે અમારો અવાજ અને બોલવાની ઝડપ-લઢણ પણ સરખી, પણ જન્મજાત પ્રકૃતિ એકબીજાથી તદ્દન વિપરિત અંતિમોની હતી. હું મિત્રપ્રેમી હતો એ અજાતમિત્ર હતા. બીજી પણ અનેક અનેક પ્રકૃતિભિન્નતા હતી. પરિણામે એમના સ્વભાવની ભૂમિ પર ઉગેલા લક્ષણો ને ગમા અણગમાને મારા સ્વભાવની ભૂમિ પર રોપવાના એમના બળાત્કારોને પરિણામે હું *ટપ્પર* થઈ ગયો. ટપ્પર શબ્દ કાઠીયાવાડમાં ટાપલીઓ ખાઈ ખાઈને મૂઢમતિ થઈ ગયેલા માણસ માટે વપરાય છે.

મારામાં શાંત છોકરા તરીકેના જે ગુણો આરોપવામાં આવતા હતા તે મારા આવા ‘ટપ્પર’ થઈ જવાના કારણે હતા. એમના અતિશય માનસિક દબાણને કારણે મારામાં એ જમાનામાં સ્ટેમરીંગ-જીભ તોતડાવાનું લક્ષણ વિકસ્યું હતું. એમની સ્પર્ધામાં હું હંમેશા હીનતાભાવ જ નહીં, દીનતાભાવ અને દાસ્ય પણ અનુભવતો. પરિણામે જીભ બધીર થવા માંડી. એની પાછળ મહત્વનું એક પરિબળ એ હતું કે હું કંઈ પણ બોલું કે બોલવા જાઉં તો એ તરત જ મારા ચાળા પાડતા, મને ઉતારી પાડતા, યા હું તો ભારે હાસ્યાસ્પદ બોલી રહ્યો છું એવો ભાવ મારા મનમાં એ પેદા કરતા. પરિણામે જીભેથી એકપણ શબ્દ ઉચ્ચારતાં પહેલા જાણે કે કોઈ મારૂં કઠોર અને નકારાત્મક પરીક્ષણ કરવા સામે ઉભું હોય એવી ડારી નાખતી લાગણીનો હું સતત શિકાર થતો રહ્યો- જેણે મારી વાચાને હણી નાખી. મને એ કબૂલ કરવામાં જરા પણ સંકોચ નથી કે ભલે આજે આ ઉંમરે મેં સ્ટેમરીંગ-જીભના અચકાવા પર નેવુ ટકા કાબુ મેળવી લીધો છે. આજે હું કલાકો સુધી સફળતાપૂર્વક શ્રોતાઓને મંત્રમુગ્ધ પણ કરી શકે તેવું વક્તવ્ય દેશવિદેશમાં આપી શકું છું- રેડિયો, ટી.વી. કે અન્ય જાહેરસ્થળે છૂટથી બોલી શકું છું. પણ ‘કોઈ મને ઉપહાસપૂર્વક જોઈ રહ્યું છે’ એવી લાગણી મારામાંથી સદંતર ગઈ નથી. પરિણામે સ્ટેમરીંગ પણ સદંતર ગયું નથી. અંગત વાતચીતમાં તો ખાસ. જો કે મને એ સિફતથી છૂપાવતાં આવડી ગયું છે અને લોકો મારી ટીકા માત્ર દ્રુતવાક્-ફાસ્ટ બોલનાર-તરીકે જ કરે છે અને એ દ્રુતવાક્તાનું લક્ષણ તો મારા વડવાઓમાંથી ઉતરી આવ્યું છે. મારા મોટાભાઈ તો ઠીક, પણ મારા ઘણા પિતરાઈઓ ઝડપથી બોલે છે. મારા પિતાજીના

મોટાભાઈ હરગોવિંદભાઈ પણ એવા હતા. અરે, મારી ભત્રીજી ઉષા, અદલ મારા જેવું યા મારા કરતાં પણ વધુ ઝડપથી બોલે છે. પણ આ ખામી નથી. વારસો છે. જ્યારે જીભ અચકાવી એ મોટાભાઈના ખોફને કારણે જન્મેલી કાયમી માનસિક નૂકશાની હતી, જેને હું બુઠ્ઠી કરી શક્યો, નિર્મુળ નહીં. પણ મારા મા-બાપ આ વાતની સતત ચિંતા સેવતાં હતાં. અમારી થોડી ઉંમર વધી- બન્ને આઠ-દસ-પંદરના થયા એટલે બન્ને ભાઈઓ વચ્ચેની આ લવ-હેટ રિલેશનશીપ એમની નજરે ચડવા ઉપરાંત અમારા બન્નેનાં અલગ અલગ લક્ષણો પણ સુસ્પષ્ટ થવા માંડ્યા. હું મા-બાપને પૂરી શાતા અને સંતોષ આપતો હતો, જ્યારે મોટાભાઈ તરફથી સતત એમને રંજાડ વધતી જતી હતી. મારા પરનો તેમનો સિતમ તેઓ સ્પષ્ટ જોઈ શકતા હતા અને મારા પિતા તો હંમેશા કહ્યા કરતા, "રંજુને ઈંદુથી દૂર રાખવો"- આ કેમ શકય બને ? કારણ કે હું પાછો મારા મોટાભાઈને ચાહતો પણ બહુ હતો ને તેમને પણ મારા વગર ચાલતું નહીં. અલબત્ત તેમની મને ચાહવાની રીત કાંટાળી હતી, પણ હતી તો એ ચાહના જ. અમને પરસ્પરથી વિખુટા પાડવા મુશ્કેલ હતા. એટલે પછી બીજા અનેક રસ્તા વિચારાતા. મને વેકેશનમાં મારા પિતા પોતે જ્યાં નોકરી કરતા હોય એવા સ્થળે (ગોંડલ-વાંકાનેર વગેરે સ્થળોએ) લઈ જતા અને શકય તેટલો સમય મને મોટાભાઈથી દૂર રાખતા. અલબત્ત પછી થોડા જ વખતમાં મોટા ભાઈને પણ રાજકોટ કોલેજમાં ભણવા જવાનું થયું અને અમારો સતત સહવાસ એ રીતે પણ ખંડિત થયો. એ સહવાસ ખંડિત ન થયો હોત અને હું સતત એમના ઓછાયામાં જ રહ્યો હોત તો મારૂં શું થાત તેની કલ્પના મુશ્કેલ નથી. આગળ ઉપરની જીંદગીમાં તેમનો જ પુત્ર સુધાકર તેમના સતત ઓથારમાં રહ્યો અને અંતે સ્કીઝોફ્રેનિક થયો- થોડાં જ વર્ષો અગાઉ તેણે આત્મહત્યા કરી લીધી; મારા મોટાભાઈ પરત્વેના સંપૂર્ણ સમ્માન સાથે આ હું લખી રહ્યો છું. કદાચ મારાં કેટલાંક પરિવારજનોને આ નહીં ગમે, પણ એક્સ- રેમાં જૂના ડાઘ પણ આવ્યા વગર રહે નહીં, તેમ આ પણ.

એ તબક્કો મારા જીવનનો ભારે મહત્વનો તબક્કો હતો કદાચ. મોટાભાઈ સાથે અતૂટ લાગણી- ઝૂરવાની કક્ષાના પ્રેમનો સંબંધ તો જીવનભર, એ ૧૯૯૭માં અવસાન પામ્યા ત્યાં સુધી રહ્યો. અરે, એમના અંતિમ દિવસોમાં મે એમની શુશ્રુષા-સારવાર પણ કરી અને છેલ્લે અગ્નિદાહ પણ મારા જ હાથે અપાયો. પણ એમની સાથેનો મારો સંબંધ કોઈ અજબગજબના મિશ્રણ જેવો હતો. તેમણે જ મને સાહિત્યનો થોડો નાદ લગાડ્યો. તેમનામાં રહેલા અણવિકસીત કલ્પનાશીલ સર્જક- ભલે ગાંગડુ ફોર્મમાં તો એમ પણ- મને માણસના મુખભાવોના અર્થઘટન, સરખામણીઓની સચોટતા જેવી ભેટ આપી. હિંદી ફિલ્મસંગીતનો શોખ પણ તેમણે જ લગાડ્યો. આ બન્ને ચીજમાં આગળ ઉપર જતાં તેમનાથી તો હું કેટલો બધો આગળ નીકળી ગયો, પણ સાવ બાલ્યવયમાં તેમણે આપેલા આવા સંસ્કારોનો ઋણસ્વીકાર મેં મારૂં 'હાસબિલોરી' પુસ્તક તેમને અર્પણ કરીને કર્યો છે.

પણ એમના કોલેજ ભણવા ગયા પછી તેમનું સહવાસ-સાતત્ય તૂટ્યું ત્યારે મારી

જીંદગીમાં થોડા બીજા નવા મિત્રોનો પ્રવેશ થયો. મોટાભાગે એ થોડા શેરીમિત્રો અને થોડા શાળાજીવનના મિત્રો હતા. (શાળાજીવનના બે-ત્રણ મિત્રોનો તો આ પુસ્તકમાં એક લેખ પણ છે) થોડા મિત્રો મારે ત્યાં પરીક્ષાનું વાંચવાના નિમિત્તે જતા આવતા થયા. હું તેમને ઘરે જતો આવતો થયો. લાયબ્રેરીમાં જઈને છાપાં-મેગેઝીનો વાંચવાનો શોખ તો મને ઈંદુભાઈએ લગાડ્યો જ હતો, એટલે એ નિમિત્તે પણ થોડા નવા મિત્રો થયા. પહેલી વાર મેં મારા ઘર કે ભાઈ-બહેન સિવાયની નવી દુનિયા જોઈ. એમાં પણ પિતા બહારગામ નોકરી કરતા હોય, મોટાભાઈ બહારગામ ભણતો હોય અને ઘેર સાંસારિક પ્રશ્નોને કારણે સાસરેથી પાછી આવેલી બહેનને નવેસરથી ભણાવવાની અને એને ભાવનગર ઘરશાળા અધ્યાપન મંદિરમાં એડમિશન અપાવવાથી માંડીને મૂકવા જવાની જવાબદારી માથે આવી પડી ત્યારે સાચા અર્થમાં 'દુનિયા'ને મેં જોઈ. પહેલી જ વાર સમજાયું કે આપણા મા-બાપ-ભાઈના મનમાં જે ખયાલો હોય, વિચારો હોય, ગ્રંથીઓ, પક્ષપાતો કે પૂર્વગ્રહો હોય એ પ્રમાણે આ જગત નથી હોતું. બલકે દુનિયા જુદી રીતની પણ હોઈ શકે. વિપરીત પણ હોઈ શકે અને એ વિપરીતતા છતાં એ વધારે માનવાલાયક હોઈ શકે. મતલબ કે આપણાં ઘરનાંથી જુદું આપણાથી વિચારી શકાય-દુનિયા ઘણી મોટી હોય છે અને એમાં આપણા ઘર કરતાં પણ વધુ સારૂં બીજે સ્થળે હોઈ શકે છે.

કોલેજમાં ગયા પછી આ દર્શન વધુ દૃઢમૂલ થયું. એ દિવસોમાં મારા જીવનમાં-લગ્નજીવનમાં અને એના કારણે મારી લાગણીઓની સૃષ્ટિમાં જે હોનારત સર્જાઈ તે આ પુસ્તકમાં સંપાદકે આલેખી જ છે. એનું વિગતે વર્ણન કરવાની મારી અહીં મરજી નથી. પણ એ ગાળો સાચા અર્થમાં મારા આંતરિક ઘડતરનો ગાળો હતો. અંધારીયો હતો, પણ એ અંધારામાં પણ મારી આંખો ખુલ્લી હતી. ખુલ્લી આંખના અંધારા અને બંધ આંખના અંધારા વચ્ચે બળતણ વગર અટકી પડેલા વિમાન અને ખોટવાઈને અટકી પડેલા વિમાન જેટલો ફેર હોય છે- કોઈપણ ઘડીએ બળતણ પ્રાપ્ત થાય તો સાજું વિમાન ફરી ઉડ્ડયન કરી શકે, એમ આ ભયાનક ઝંઝાવતી દિવસોમાં પણ મારી આંતરિક ચેતના 'બળતણ' મેળવવા પ્રયત્ન કરતી હતી. હું ખોટવાઈને ઉભો નહોતો રહી ગયો. મારા ધબકારા બંધ ન પડી જાય તેટલી આવડત મેં મારી વીસ-બાવીસ વર્ષની જીંદગીના અનુભવે કરીને કેળવી લીધી હતી. એ દિવસોમાં એક માત્ર મારા પિતા સિવાય મારી પડખે કોઈ જ નહોતું. પુરુષ સભ્યો તો કોઈ જ નહીં. મોટાભાઈ પાસેથી કોઈ મદદની આશા રાખવી એ બલ્બ પાસે હવાની આશાએ ઉભા રહેવા જેવી વાત હતી. બનેવીનું પણ એવું જ. એમણે તો બહેનના જીવનમાં જ પ્રશ્નો સર્જર્યા હતા. મામા-માસા-ફુઆ કે કોઈ જ કુટુંબમાં હતા જ નહીં. પિતરાઈઓ જોડે મદદ માગવાનો વ્યવહાર જ નહોતો. અધુરામાં પૂરૂં, પિતા પણ મારો ડીવોર્સનો મુકકદ્દમો શરૂ થયાના પાંચ જ વર્ષમાં ગુજરી ગયા. અફાટ રણમાં હું આમ સાવ એકલો પડી ગયો. જે લોકો 'મારા ફાધર આમ અને મારા મામા તેમ' બોલ્યા કરતા કે મોટાભાઈ, ફુઆ, બનેવી કે દેશવિદેશમાં રહેતા સમર્થ

સગાવહાલાઓની નિકટતાના ઉલ્લેખ કર્યા કરતા, તેમની આગળ હું અણોસરો-ઝંખવાણો પડી જવા માંડ્યો. હું કોઈ અફાટ વેરાનમાં બીજાઓના મુકાબલે તો તદ્દન શાપિત બનીને ભટકતો હોઉં તેવી હૃદયપીડા અનુભવવા માંડ્યો. તરુનો પરિચય ૧૯૬૨માં થયો અને તે મારી સાથે હતી, પણ તેની એકલીની જ હુંફ મને મળતી. તેની બા-તારાબા-મારાં સાસુ મને બહુ વાત્સલ્યપૂર્ણ રીતે ચાહતા. બાકી એ સિવાયના તેમના ઘરના સભ્યો, કે જેમનો અમારા સંબંધ વિષે શરૂઆતમાં વિરોધ હતો- તેમની તરફથી કોઈ જ પીઠબળની આશા નહોતી. તેમની વૃત્તિ કે ક્ષમતા કાંઈ જ નહોતાં. ઉલટાનું તરુના મસિયાઈ ભાઈ રમુભાઈ અને કુસુમભાભી અમને ઘણી વાર આડશ પૂરી પાડતા. તેમનું ઋણ આજ લગી હું ભૂલી શકયો નથી.

આમ કૌટુંબિક મોરચે મારી હાલત છત્રી વગર ભરચોમાસે નીકળેલા શરદીના જૂના દરદી જેવી હતી. મારી બાનો જીવ મારા માટે બહુ કોચવાતો-મારાં પરાણે લગ્ન કરાવવાના અપરાધભાવથી એ સતત પીડાતી. બહેન તો બિચારી શું કરી શકે ? તેના બાળકો મોટાં થયાં હતાં અને પોતે નોકરીએ વળગી હતી. એને એના પ્રશ્નો હતા, જેમાં પાછું મારે જ મદદરૂપ થવાનું હતું. તદ્દન નાના પગારની સામે સામી પાર્ટીને પગારના ચાલીસ ટકા જેટલી આપવી પડતી ભરણપોષણની રકમ, કોર્ટકચેરીના ધરખમ ખર્ચા, ધક્કોધોડા, માનસિક ટોર્ચર, તરુને ક્યારેય કોર્ટનું મોં જોવું નહીં પડે તેવું મેં તેને આપેલું વચન અને મારા ભૂતપૂર્વ સસરા(જેમણે જીવનભર અધગાંડી માનસિકતામાં જ સરકારી નોકરી કરી)નું વધતું જતું ઝનૂની સામાજિક ટોર્ચર- આને કારણે ઘણીયે વાર અમારે ચાલુ નોકરીએ પણ તરુને ભૂગર્ભવાસ કરાવવો પડતો.

બસ, આવી જ ઘટનાઓના મન ઉપર સતત વિંઝાતા ચાબુક વચ્ચે મારી ભરયુવાનીનાં કિમતી દસ વર્ષો એવી રીતે વીત્યાં કે જાણે અધખૂંપેલા તીર સાથેનું કોઈ પક્ષીનું લોહીનીંગળતું ઉડ્ડયન. મારી બા સતત સતત જીવ બાળતી- હું મારી નાની નાની, પ્રમોશન કે એકાદ વાર્તાને ક્યાંય ઈનામ-ચંદ્રક મળ્યા હોય તેની, વાતો કરીને તેના મનને આનંદ આપવા પ્રયત્ન કરતો. કમનસીબે મોટાભાઈના સંસારના રોશીમનડા અને તેમની સાથેના સતત રહેતા વૈમનસ્યથી એ દુઃખી તો રહેતાં જ. મારા આવા નાના નાના જળશિકરોનાં છાંટણા એના મનના અંગારને ઠારી ન શકતા.

આ બધી ચીજોની મારા મન પર પ્રગાઢ અસરો થઈ. અમુક વાતો અહીં લખી શકાય તેવી નથી, પણ તરફડાટ જ્યારે માઝા મૂકતો ત્યારે એના શમનના જાતજાતના (વિકૃત નહીં તેવા) નૂસખા હું શોધતો હતો. મન અને શરીર પ્રબળ ઉત્તાપથી સળગતું હોય ત્યારે કોઈ ધાર્મિક કથા, વાચન, પૂજા, પાઠ, યોગ, દમન કે આધ્યાત્મિક વાતો મને એનું સમાધાન ન આપી શકતી. માગ્યા-ભીખ્યા કે ખરીદ્યા વગરના વ્યસન ન પડે તેવા કોઈ શારીરિક આનંદો મારા મનને પણ પ્રફુલ્લિત કરી દેતા. મને એ સામેથી મળ્યા કર્યા એ પણ હકીકત છે.

એ સિવાય, યંત્રણાભર્યા દિવસોમાં મને કાંઈક રાહત આપી હોય તો સંગીત,

સાહિત્ય અને જેતપુર બહારની દુનિયામાં પ્રવેશ્યા પછીના મિત્રોએ. સંગીતનું કોઈ અદમ્ય આકર્ષણ મારામાં હતું જ, અલબત્ત સુગમ સંગીત મને બહુ અપીલ ન કરતું અને શાસ્ત્રીય સંગીતની રુચિ કેળવાઈ જ નહોતી. પણ જૂના ફિલ્મી સંગીત અને એની શબ્દાવલીઓ,જો તેમાં ઉંડાણ હોય તો, મારા પર જાદુઈ અસર કરતી. જ્યારે અતિશય ગમગીની વિંટળાઈ વળતી ત્યારે સંગીતના સુરો મને હળવે હાથે પંપાળીને, હૃદયના ઊંડાણ સુધી પહોંચે તેવી શાતા આપતા. બસો રૂપિયાનો મેકેન્ઝી રેડિયો મેં વસાવ્યો હતો. એને સ્ટુલ પર મૂકીને, ત્યાં માથું ઢાળીને સાનભાન ભૂલીને કલાકો સુધી ગાયનો સાંભળવાની મને ટેવ હતી. એ જ અરસામાં ૧૯૬૫માં મને 'સવિતા' વાર્તા હરિફાઈમાં નાનકડો બે બેન્ડનો 'મરફી' રેડિયો ઇનામમાં મળ્યો હતો તે મેં જેતપુર રહેતા મારા પિતાને આપી દીધો હતો. તેઓ પલાંઠી મારીને એના ઉપર રાજકોટ આકાશવાણી પરથી પ્રસારીત થતાં ભજનો કે ગરબા સાંભળતા ત્યારે મને અનહદ પરિતોષ થતો. કયારેક મારી વાર્તા કે વાર્તાલાપ એ રેડિયો પર સાંભળતા ત્યારે આખી શેરીને ભેગી કરતા. ક્યારેક એ વખતે હું પણ સામેલ હોઉં, એ વખતે મારા મા-બાપના મોં પર, છલકાઈ ન જવાય તેની કાળજી રાખીને વ્યક્ત કરાતી પ્રસન્નતા, મારા દુઃખને ઘડીભર ભૂલવાડી દેતી.

સાહિત્યનો શોખ શૈશવમાં જે માત્ર વાચન સુધી જ વિસ્તર્યો હતો તે કિશોરાવસ્થામાં થોડા લેખન ભણી વળ્યો હતો. યુવાનીમાં કવિતા-વાર્તાઓ છપાતી થઈ, નાનાં-મોટાં ઈનામો પણ મળતાં થયાં, પણ દુનિયાના સાહિત્યમાંથી તો ઠીક, પણ ગુજરાતી સાહિત્યમાં પણ ઉભરતાં નવાં નામો અને તેમની કેટલાકની કૃતિઓ જોઈને ઘણી વાર "આપણને એવું ના આવડે" નો ભાવ મને ઘેરી વળતો. મારૂં લખેલું બધું જ મને મામૂલી મામુલી લાગતું. જો આવો ભાવ વધારે વખત મારા ચિત્તમાં પ્રસરતો રહ્યો હોત તો જરૂર હું લખતો બંધ થઈ ગયો હોત, પણ તેમ ન થયું. કારણ કે મારા આત્મવિશ્વાસના ઢીલા પડતા જતા દોરને બહારના કોઈ આલંબનોની ખૂંટી સાથે બાંધીને એને ખતમ થતો અટકાવવાની મારામાં એક સહજ વૃત્તિ હતી. પ્રચંડ પૂરમાં તણાયે જતો નાનકડો મંકોડો પણ બચવા માટે તરફડીયાં મારે છે એમ જ હું તરફડીયાં મારતો. ને એવાં તરફડીયાંને પરિણામે જ હું જે ગામે સરકારી ઓડિટ માટે જાઉં ત્યાં સાહિત્યના શોખવાળા મિત્રોને શોધી શોધીને નીકટતા કેળવવાની મને આદત હતી. મને લાગે છે કે હારેલો માણસ જેમ મદિરા શોધે તેમ હું મિત્રો શોધતો. નતીજો એ આવ્યો કે મને એવી ખોજના જવાબમાં રતિલાલ બોરીસાગર, રમેશ પારેખ, અનિલ જોશી, મકરંદ દવે જેવા મિત્રો મળ્યા. પણ મને પરખનાર અને વાર્તાક્ષેત્રે ટકાવી રાખનાર ગુરુવત્ મિત્ર મળ્યા તે મોહમ્મદ માંકડ. ૧૯૬૧માં હું એમને બોટાદમાં એમને ઘેર જઈને મળ્યો હતો. સતત લઘુતાભાવ અનુભવતા એવા મને એમણે "હું અસલ, સાચો વાર્તાકાર છું ને કોઈથી કમ નથી, બલકે વિશેષ છું" એવું ભાન મારામાં પ્રગટાવી આપ્યું- કોઈ દીવામાં ઘી પૂરે એ તો સારૂં કામ છે જ, પણ છતે ઘીએ ઢળી પડીને કોઈ દિવેટ બૂઝાઈ જતી હોય ત્યારે

એને કોઈ સંકોરી આપે તેની ચેષ્ટા જીવતદાન આપનારાની કોટીની છે- એમનું ઋણ કદી ન વિસરી શકાય. આજ પર્યંત અમારો એ નાતો કાયમ છે- એમની ઉમેદ મને પૂર્ણ કોટીનો વાર્તા-નવલકથાકાર બનતો જોવાની હતી. મારી રીતે હું જે થવાનો હતો તે થઈને રહ્યો. કોઈ દિકરો ગમે તેટલો રૂપાળો થાય, પણ એનો ઘાટ બાપના ધાર્યા કરતા જુદી ભાતનો ઉતર્યો હોય તો બાપ નારાજ રહ્યા કરે. એમાં એમની સુક્ષ્મ આકાંક્ષા પર થતા પ્રહારને લીધે જન્મતો ચણભણાટ પણ સામેલ હોઈ શકે. આ વાંચનારા કોઈ જાતની ગેરસમજમાં ન રહે એટલા સારૂ માત્ર એક જ દાખલો દઉં. જેને કારણે મને નામના મળી ને ગુજરાતી સાહિત્યને નવા પ્રકારનું સાહિત્યસ્વરૂપ મળ્યું, એમ કેટલાક વિવેચકો માને છે તે જીવનચિત્રોની મારી કટાર 'ઝબકાર' મને તેમણે 'સંદેશ'માં અપાવેલી. નામકરણ પણ તેમનું જ. છતાં એ એનાથી લેશમાત્ર ખુશ નથી. પણ એમની નાખુશીથી હું દુઃખી નથી, કારણ કે એમનાં અને મારાં મૂલ્યો વચ્ચે પૂરાં દસ વર્ષનું અંતર છે. અમારી સમજણો જુદી-જુદી હોઈ શકે. એમના મનમાં પડેલી સાદગી મારામાં નથી. હું તો વરણાગીયો પુરુષ છું. એ જાડી લોકેષણા વગરના છે- મારામાં પણ જાડી લોકેષણા તો નથી જ, પણ જે છે તે ભરપુર પ્રમાણમાં છે. એ "આઈ ડોન્ટ કેર" વાળા છે, જયારે હું "આઈ એમ ડીપ્લી કંસર્ન્ડ" વાળો તીખો માણસ છું. એમણે મને જે સાહિત્યિક મુલ્યો પ્રતિત કરાવ્યાં છે તે મુલ્યો મુજબનું લખવા મારો પ્રયત્ન છે. તેમણે મને બક્ષેલી સ્વમુલ્યાંકન-સેલ્ફએસેસેમેન્ટની કઠોર અઘરી પ્રક્રિયા મેં અપનાવી છે- જે મને બહુ કામમાં આવી છે, પણ તેઓ વિશ્વના જે સાહિત્યકારો અને સાહિત્યયુગની હવામાં વિચારે છે તેમાં હું વિચારી શકતો નથી. કારણ કે આ જમાનાની બેકદર, દોંગી, ઘણી વાર તો સૂક્ષ્મતાની સમજણ વગરની બુઠ્ઠી માનસિકતાનો વારંવાર અનુભવ થઈ ચૂક્યો છે. તેથી મારી સાથે હરામખોરી કરે તેને અડબોત ઝીંકી દેવાની યુયુત્સાની વૃત્તિવાળો હું છું. રમણલાલ જોશીનો કેસ તેનો પૂરાવો છે. મારી જગ્યાએ મોહમ્મદ માંકડ હોય તો તેમ ન કરે. "કાળક્રમે સાચાની કદર થશે" તેમ તેઓ માનનારા છે. મારી સમજણ તો રોકડી છે- આપણે જન્મીએ તે ઘડીથી કાળનો ક્રમ શરૂ થાય છે, ને મરીએ તે સાથે એ ક્રમ પૂરો થાય છે. શ્વાસ બંધ થાય તે પછીની બીજી જ ક્ષણે નોબેલ પ્રાઈઝ મળે તો ય શું ? મર્યા પછી થતી કદર, સમ્માન અને રેકગ્નીશન એ તો ધરતી પર નહીં, આકાશમાં ચીતરાતી રંગોળી છે. જે એક વાર એવી ધરતી પર ચીતરાવી જોઈતી હતી, જે એક વાર હતી ને હવે કાળના ડૂબાણમાં ચાલી ગઈ. ગારદ થઈ ગઈ. આકાશને ધરેલાં ફૂલ લેવા કોનો હાથ લાંબો થવાનો હતો ?

ખેર, આવા ગુરુ-મિત્ર મને મારા એ કાળમાં મળ્યા તેને કારણે મારૂં સાહિત્યલેખન બંધ ન પડ્યું.

એવા જ બીજા, મારામાં આત્મવિશ્વાસ ફૂંકનાર, સુરેશ જોશીના યુગમાં મને એબ્સર્ડીટીમાંથી બચાવી લેનાર, સુખદુઃખમાં સાથે રહેનાર ગુરુ-મિત્ર મને મળ્યા તે પ્ર.રા. નથવાણી. તેમના વિષે આખું પુસ્તક લખી શકાય તેવા મારા અને એમના પ્રગાઢ

સંબંધો હતા-અહીં જગ્યા નથી. આંતરસૂઝનું, આવડતનું અને તેમ છતાં અનેક લક્ષણો-અપલક્ષણોનું એ ગજબનું આ જગત પર જવલ્લે જ જોવા મળતું પડીકું હતા.(છે.) મારી આર્થિક મુશ્કેલીઓમાં, માનસિક યંત્રણાઓમાં (કેટલીક તો એમની સાથેના મારા સંબંધના અનુષંગે ય જન્મેલી) એ મારી સાથે રહ્યા. એમણે મને આ દુનિયામાં એવા એવા મુકામો બતાવ્યા જે હું કદિ જોવા જ ન પામત, કે જોવા માગત પણ નહીં. એ પોતે વાર્તાઓ લખતા હતા, પણ એમના શબ્દોમાં "તમારી વાર્તાઓ વાંચ્યા પછી થાય છે કે હું લખીલખીને શું લખવાનો હતો ?" એ સંપાદક તરીકે બહુ સારા, એડીટર તરીકે તો નિર્મમ, છતાં ન્યાયપૂર્ણ અને મૌલિક દૃષ્ટિવાળા હતા. પહેલાં "અંજલિ"ના માલિક-તંત્રી હતા. પછી 'દૃષ્ટિ'ના થયા. પાછળથી ઔદ્યોગિક ક્ષેત્રના ગ્રંથો બહાર પાડવા માંડ્યા. તેમાં હું તેમને મદદરૂપ થતો. બે પૈસા આવક પણ મારા ભયંકર આર્થિક તંગીના દિવસોમાં રળતો. એમાં લેવા પડતા સામાન્ય માણસોના નિઃરસ ઈન્ટરવ્યૂને રસાળ બનાવવાના મારા પ્રયત્નોમાંથી જ 'ઝબકાર'ના ફોર્મેટનો જન્મ થયો. આ વાંચીને મારા કેટલાક, એમને નજીકથી જાણનારા મિત્રો હસશે. પણ આ મારી કશા પણ પૂર્વગ્રહ કે પક્ષપાત વગર પેદા થયેલી દૃઢ પ્રતિતી છે. આપણે તો હજારો ટન માટી ખોદી ખોદીને એમાંથી થોડા ગ્રામ સોનું શોધનારા છીએ. એમનું નકામું આપણે ન નડે તેની કાળજી રાખીએ તો કામનું તો ઘણું કામનું નીકળે.

એમના સંસર્ગથી સાહિત્ય સિવાય પણ બીજી રીતે ઘણું હાંસલ થયું. ગમે તેવા માંધાતા સાથે ઓઝપાયા વગર બેધડક વાત કરવી, લૉજીકથી સામાને મહાત કરવો અને ખાસ તો આ દુનિયામાં ડગલે ને પગલે જોવા મળતી નાની-મોટી બૌદ્ધિક બદમાસીથી બચવું. આ બધી કળાઓ એ બીજા પર અજમાવતા ત્યારે હું ધ્યાનથી જોતો અને એનું અનુકરણ કરવા કોશીશ કરતો. સામાનાં વાક્યોને 'બીટવીન ધ લાઈન્સ' સાંભળવાનું જો મને તેમણે ન શિખવ્યું હોત તો મારી એ જમાનાની બાઘાઈનો લાભ ઘણા લોકો ઘણા મોટા પ્રમાણમાં ઉઠાવી ગયા હોત. અરે, અશકય લાગતાં ધાર્યા નિશાન પાડવાની તેમની ક્ષમતા જોઈને હું ચક્તિ થતો. મારી વ્યક્તિતામાં તેમની તે લક્ષ્યવેધિતાએ ઘણા ઉંડા ચાસ પાડ્યા. ના, તેમને મળ્યા અગાઉ હું એવો નહોતો.

એક વાત મેં નોધી છે કે જીંદગીમાં આપણને ભટકાતા હરેક માણસને મળતાં પહેલાં આપણે આપણું પોતાનું, આપણી પ્રકૃતિના તાણાવાણામાંથી બનાવેલું ફિલ્ટર રાખવું જોઈએ, જેથી આપણને અપથ્ય એવું એમાંથી આપોઆપ ગળાઈ જાય. નથવાણી, મોહમ્મદભાઈ કે અરુણ હરિયાણી એ બધાના વિશેષો જે મને સ્પર્શ્યા, જે મને માફક આવ્યા તે મેં લીધા, ને બીજા પડતા મૂક્યા. અરૂણ હરિયાણી જેવા, મને મોટાભાઈ માનતા પરમમિત્રની વાચાળતા, જીહ્‌વાસરસ્વતિ, હકારાત્મકતા, અ-થાક વગેરે મને બહુ સ્પર્શ્યા, પણ તેમાં જે ઊંડાણ ખૂટતું મને જણાયું તે મેં મારા તરફથી એમાં ઉમેરી લીધું. નથવાણીની અનેક કળાઓમાં, જ્યાં મને સચ્ચાઈ ખૂટતી લાગી, વિશ્વસનીયતા, તર્ક-પાવિત્ર્ય મને ખૂટતાં લાગ્યાં ત્યાં મેં ઉમેરી લીધાં. તેમની તર્કબાજીમાં જ્યાં મને

વિતંડા લાગતી હતી, નૈતિકતા ઠેબે ચડતી લાગી ત્યાં, એટલા પૂરતો હું એમનાથી વિમુખ થઈ ગયો. સંપૂર્ણ નૈતિક હોવાનો મારો કોઈ દાવો નથી, પણ જ્યાં સામી વ્યક્તિ દયામણી રીતે આપણાથી છેતરાઈ રહી છે એમ લાગે ત્યાં બેશક મને ભીતરથી કોઈક બાવડું પકડીને પાછો વાળી લે છે. એવે વખતે ગુરુની આમન્યા પણ તૂટી જાય છે. મારું કોઈના પ્રત્યેનું અંગત માન, ઉપકારવશતા અને અહોભાવ, કદી મારી અંદરની લલકની આડે નથી આવતો. કદાચ એ લલક ગેરવાજબી હોય તો પણ. મારી મર્યાદાઓ ઘણી છે. સમજણ સંકીર્ણ હોય એવું અનેકવાર બન્યું છે- પણ શું કરૂં ? એ બધાનું બનેલું રમકડું તો છું હું !

મેં કહ્યું તેમ મિત્રોએ, સંગીતે અને સાહિત્યે મને જીવતો રાખ્યો. કારણ કે મા-બાપ-બહેનનો અપારપણે મળતો પ્રેમ, કે પ્રિયતમા(તરુ)નીહુંફ પણ મને મારા અંદરના જીવનનો જ એક ભાગ લાગતો હતો. મારે જે બહારથી બંધાઈ રહેવા માટે જોઈતું હતું તે આ રીતે ઉપલી ત્રણે ચીજોએ પૂરૂં પાડ્યું. મિત્રોની બાબતમાં હું વધુ નસીબદાર એટલા માટે હતો કે સ્વભાવગત રીતે કોઈની પણ નિકટતાનો હું તરસ્યો હતો. આજે પણ છું. ઘણી વાર સામી વ્યક્તિને મારી એ નિકટતાની તરસ સ્પર્શી જાય છે કે એની ખુદની એ વખતની કોઈ તલબનો જવાબ જો એને મારામાં જડી જાય છે તો સ્ત્રી હોય કે પુરુષ, અમારા વચ્ચે મૈત્રી જન્મી જાય છે. એનાં પછી અનેક *પરિમાણો* સર્જાય છે. એનું વિવરણ કરવાનો મારો ઈરાદો નથી. નૂરજહાંનું ગાયેલું પેલું ગીત યાદ આવે છે. કારણ કે હું અહીં મારી જબાન બંધ રાખવા માગું છું.

*કુછ ભી ન કહા ઔર કહ ભી ગયે*
*કુછ કહતે કહેતે રહ ભી ગયે*
*બાતેં જો જૂબાં તક આ પહોંચી*
*આખોં ને કહી, આંખોને સૂની*
*કુછ હોઠોં પર, કુછ આંખોમેં*
*અનકહે ફસાને રહ ભી ગયે*

**　　**　　**

પહેલાં કોલેજકાળમાં જે મિત્રો મળ્યા અને જીવનભર પ્રબળ અસરદાર રહ્યા તેના વિષે સંપાદકે આ પુસ્તકમાં લખ્યું છે. વિનેશ પટેલ, નટુભાઈ અંબાણી, વસંત દેસાઈ, મનોહર ભાટીયા (એ તો પ્રાથમિક શાળાથી કોલેજ સુધી અને તે પછીના કાળ સુધી) જેવા મિત્રો હતા. આ ચારમાંથી એકે ય હવે હયાત નથી, પણ મારી જીંદગીના બહુ લાંબા પટ સુધી એમનો મિત્રપ્રેમ મેં ભરપેટ માણ્યો. મને એવી લાગણી ન મળી હોત તો માણસ તરીકેના મારા સંવર્ધનમાં જરૂર ખામી રહી ગઈ હોત- મારા પરિવારમાં મારાં મા-બાપ,ભાઈ-બહેને હંમેશા મને મિત્રતાથી ભડકેલો રાખ્યો હતો- અમારા ઘરમાં

લોહીના સંબંધો કરતા મૈત્રીને હંમેશા પાતળો અને ઉપલકીયો સંબંધ ગણવામાં આવતો પણ કૉલેજકાળમાં આ મિત્રો દ્વારા અને પાછળથી બીજા મિત્રો દ્વારા સહજ છતાં ગાઢ સૌહાર્દનો જે અનુભવ થયો તેણે મારા મનમાં રોપાયેલી એ ભડકને સળગતા કાકડાની જેમ દૂર ફેંકી દીધી. નહીં તો જીવનભર મને એ એકાંગી જ રાખત-અજાતમિત્ર. જીવ સાહિત્યનો-સંગીતનો હોવા છતાં માત્ર સરકારી નોકરી મળે તે ખાતર જ મારા પિતાએ મને ભણતરમાં કોમર્સની લાઈન લેવડાવી હતી. પણતરની ભૂલ જેવડી જ આ ભણતરની પણ ભૂલ હતી, જેણે પણ મારા યુવાનીના સર્જન ઉન્મેષથી છલકાતા દિવસોનું સારી પેઠે ભક્ષણ કર્યું. એને કારણે નોકરી પણ અણગમતી અને સાહિત્યરસને સાવ સુકવી નાખનારી મળી હતી. એમાં જોવાં મળતાં અલગ અલગ ગામો અને પ્રવાસની યુવાનીને ભાવે તેવી મઝા અને ગામડાઓમાં માણવા મળતી સાહ્યબી, એ એક માત્ર આશ્વાસન હતું. બહુ જલદી મારો એ વ્યામોહ તૂટી ગયો. મને રંગીન કાચની આરપારનું કાળું- સુક્કુંભઠ્ઠ ભવિષ્ય દેખાવા માંડ્યું. મેં જલ્દી નિર્ણય કર્યો કે મારે બી.કોમ હોવા છતાં એમ.એ. કરીને અધ્યાપક થવું અને સાહિત્યનો સંગ ચોવીસે ય કલાક સેવવો. એ માટે રાજકોટમાં સ્થાયી રહેવું જરૂરી હતું. એમાં ઓડિટરની પ્રવાસી નોકરી ન ચાલે. મેં જલ્દી રાજકોટમાં મારા કોલેજકાળના મિત્ર હરસુખ જુઠ્ઠાણીની મદદથી એમની મેનેજરશીપ નીચે ચાલતી સૌરાષ્ટ્ર સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ કો-ઓપરેટીવ બેંકમાં એકાઉન્ટન્ટની નોકરી શોધી લીધી. ઓડિટરની નોકરી કરતાં તેમાં નેવું રૂપીયા પગાર ઓછો હતો. એ જમાનામાં પગાર જ ચારસો રૂપીયા હતો ત્યારે આ હ્રાસ ઘણો મોટો ગણાય. અધુરામાં પૂરૂં ડીવોર્સના મુકદમાનો ભારી ખર્ચો માથે પડ્યા કરતા બરફના મોટા કરાની જેમ વણઅટક્યો ચાલુ હતો. મારા પિતાએ જીવનભર સરકારી નોકરી કરી હતી અને તેઓ સાહ્યબીભરેલી પેન્શનેબલ સરકારી નોકરી (*"બે ટંકનો દાળ રોટલો"*- એ તેમના શબ્દો) હું મૂકી દઉં તેની તરફેણમાં નહોતા. પણ મારા માટે સતત માયા રાખતા એવા એ મન કાઠું કરીને સંમત થઈ ગયા. જૂના જમાનાના પિતાની જેમ પોતાનો અહમ્ એ વચ્ચે લાવ્યા નહીં. મેં હજુ એમનો એ પોસ્ટકાર્ડ સાચવી રાખ્યો છે- અમસ્તા ય એ માયાળુ-દયાળુ તો હતા જ. (તેમના વિષે મારા પુસ્તક ઝબકાર કિરણ-૫માં મેં આખો લેખ લખ્યો છે) તેમની આ ચેષ્ટા અનપેક્ષિત નહોતી તો ય એણે મારા માનસ ઉપર બહુ ઉમદા છાપ પાડી. મારી વિચારણાના એક આખા ખૂણાનો મોરો એણે ફેરવી નાખ્યો. એ પછી ક્યારેય-ક્યારેય-ક્યારેય સ્વજન (ભલેને પુત્રી હોય) મારા મત વિરૂદ્ધનું કંઈ કરે તો પણ કદી મારો અહમ્ ઘવાતો નથી. દઢપણે હું મારો અભિપ્રાય વ્યક્ત કરૂં, પણ સામેની વ્યક્તિ જો એથી વિરૂદ્ધનું કરે તો એનાથી મારા એના પ્રત્યેનો પ્રેમ કે વલણમાં ફરક પડતો નથી. વ્યક્તિની વ્યક્તિ તરીકેની સ્વતંત્રતા હું સહજભાવે સ્વીકારૂં છું.

તરુ અને હું સાથે રહીએ (ઓફિશ્યલ લગ્ન વગર જ) એવા સંજોગો ઉભા થયા અને એનો સદુપયોગ કર્યો. મારા ભૂતપૂર્વ સસરા અમૃતલાલનાં સતત ઉપદ્રવ અને પજવણી છતાં અમે બન્નેએ સાથે બી.એ. કર્યું અને એમ.એ.ના પણ ફોર્મ ભર્યાં. એ દિવસોમાં, એમ.એ.ના અભ્યાસ દરમિયાન જે એક-બે નવા સારા-સાચા જીવનભરની અતૂટ મૈત્રી જેમની સાથે થઈ તેવા મિત્રોમાં અરૂણ હરિયાણીનો પ્રવેશ થયો. મિત્રો પાસેથી ઘણું ઘણું શીખીને ગાંઠે બાંધવાની મને આદત છે. અરૂણ પણ મારી જેમ જ સંઘર્ષરત હતો. તેમનો પણ મારા જેવો જ કોર્ટ કેસ અને આર્થિક સ્થિતી હતાં. એનેય એક પ્રેમસંબંધ હતો. અમે બધા એમ.એ.નું સાથે વાંચતા, ત્યારે નાણાંને અભાવે બે ટિફીન મંગાવી અમે ત્રણ જણાં (હું-તરૂ-અરૂણ) એમાંથી ભાગે પડતું ખાતાં-તરુ પણ સાથે જ વાંચતી એટલે રસોઈમાંથી એને મુક્તિ મળવી જરૂરી હતી. નોકરીમાંથી વાંચવા માટે વગર પગારે મેં રજા લીધી એટલે પગાર મળતો નહોતો. તરૂની નોકરી અમે મૂકાવી દીધી હતી. કારણમાં અમૃતલાલનું ટોર્ચર, મુકદમાને કારણે ક્યારેક સેવવો પડતો ભૂગર્ભવાસ અને વાંચવા માટે લેવી પડતી લાંબી રજા. એ દિવસોમાં એક સાયકલ હતી. પણ એમાં પંકચર પડે તો સંધાવવાના પૈસા મારી પાસે હોય કે ન હોય એવું બનતું હતું.



એ વાત પણ અત્યંત નવાઈની ગણાય કે મારા જે કોઈ મિત્રો હતા અને જેમના વ્યક્તિત્વમાંથી હું, એમને પણ કહ્યા વગર કશુંક ગ્રહણ કરીને જાતને મઠારવાનો પ્રયત્ન કરતો હતો તે બધા જ સાહિત્ય કે લેખનના મિત્રો હતા. બેંકના આટલા બહોળા વર્તુળમાં કોઈ સાથે ક્યારેય મારી ઘનિષ્ઠતા ઉભી થઈ નહીં- બલકે એ ક્ષેત્રમાં પણ મારી કામગીરી યશસ્વી હતી, છતાં એ બધા મારા કરતાં બેંકીંગમાં વધુ જાણે છે, ને હું તો હાસ્યાસ્પદ લાગું છું તેવો ભાવ કશા પૂર્ણ દેખીતા કારણ વગર મને થઈ આવતો. એ લોકો ટેબલ પર ભેગા થઈને હાહાહીહી કે ટોળટપ્પા કરતા હોય કે એકબીજાની સાથે ઘેર જવા આવવાના સંબંધો ગુંથતા હોય ત્યારે મારી સામેલગીરી એમાં કદી ન થતી. મને બહાર મળવા શરૂ થયેલા યશ-કિર્તીથી તેઓમાંથી કોઈ પ્રભાવીત થતું જ નહીં- ઉલટાનું મારા બહારથી વધુ ફોનકૉલ્સ આવતા કે મને મળવા બહારથી બીજા કરતાં વધુ મુલાકાતીઓ આવતા તો એ ટીકાનો, મારા વિરૂદ્ધ ફૂંકાતી ચાડીનો અને બેંકર તરીકેની મારી ગેરલાયકીનો મામલો ગણતા. ક્રિષ્ણા નાંદી અને બીજી ઘણી મારી સ્ત્રી-મિત્રો મને ઘણી વાર ઓફીસમાં મળવા આવતી એની (ઈર્ષાવશ) કુથલીમાં તો એકવાર ઓફીસની મહિલા કર્મચારીઓ પણ સામેલ થઈ હતી. આ બધાને કારણે મારા ચિત્તમાં હું એ બધાથી પરાયો છું એવી ગ્રંથી પેદા થઈ ગઈ. એને લીધી અને કંઈક તો લેખનની મારી વધતી જતી વૃત્તિ-પ્રવૃત્તિને લીધે અંદર અંદરથી હું બેંકની કામગીરીની ધિક્કારતો થઈ ગયો હતો એ પણ એટલી જ સાચી વાત. બેંકની મારી કામગીરી યશસ્વી માત્ર મારા લેખનના કે મૈત્રીના કારણે થયેલા અને બેંક માટે ફળદ્રુપ નિવડેલા સંબંધોને કારણે જ હતી- બાકી બેંકના આંતરિક વહીવટમાં મારૂં કોઈ ચમકતું પ્રદાન નહોતું. ને મને એમાં રસ પણ નહોતો પડતો. ભૂતકાળમાં હું જ્યારે ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ બેંકમાં મેનેજર હતો ત્યારે મારી આવી વિમુખતાનો ગેરલાભ લઈને જ ઈર્ષાથી સળગતો મારો બીજો એક સમકક્ષ કર્મચારી ગોટાળો કરી ગયો હતો. તેનાં માઠાં ફળનો સ્વાદ હું ચાખી ચૂક્યો હતો. ને એ પછી મારી નથવાણી સાથેના સાહિત્યીક કે વ્યાવસાયીક સંબંધોને કારણે કોઓપરેટીવ બેંકના ડાયરેક્ટર તરફથી કરવામાં આવતા "વિક્ટિમાઈઝેશન"ની દુર્ઘટના પણ જીવનમાં બની ગઈ. તેમ છતાં હું 'સુધર્યો' નહોતો. (કદાચ એ *સુધરવાનું* એક લેખક માટે *બગડવાની* પ્રક્રિયા હશે) લખવાનું જ્યારે બહુ વધી ગયું ત્યારે મેં મારી બેંકને (વિજયા બેંક) વિનંતી કરી કે મારો પગાર ભલે થોડો ઘટે, પણ મને અમદાવાદમાં જ કોઈ બ્રાંચ મેનેજર સિવાયની પોસ્ટ આપો. હું તમને મારા સંબંધોને કારણે હોબ્બેશ બિઝનેસ લાવી આપીશ. બેંકે મારી દરખાસ્ત માન્ય રાખી, પણ મારી બિઝનેસવાળી શરતોનો પૂરો લાભ લીધા છતાં પોતાના તરફથી શરત એણે પાળી નહીં. મારા બહાર જવા-આવવા પર, થાપણો આપનારને મળવા જવાનો હોઉં તો પણ પ્રતિબંધ અને એ બધું જ કરી આપવા છતાં જવાબદારીવાળી કામગીરીનો, ક્યારેક તો મેનેજર તરીકેનો સોંપાતો બોજ મારી કેડ ભાંગી નાખનારો સાબિત થયો. મને તરત જ સમજાઈ ગયું

કે હું છેતરાઈ ગયો છું. ક્રિકેટરો, રમતવીરોને આ દેશમાં ચાલુ પગારે પૂરતી મોકળાશ આપવાનો રિવાજ છે- સાહિત્યસેવીઓ માટે નહીં. કમનસીબ! ભૂતકાળમાં એમ.એ. કરતી વેળા મારી જામનગર બદલી થઈ ગઈ હતી, ને હું ત્યાં વમળોમાં સપડાયો હતો- એમ.એ. કરવાનાં અરમાન અધુરાં રહ્યા હતા. તેથી હવે આ એકાવનની ઉંમરે બીજી કોઈ સાહિત્ય કે લેખનની નોકરી મળવાનો ચાન્સ નહોતો. મને લાગ્યું કે સતત લેવાયેલા ગલત નિર્ણયો અને શત્રુસંજોગોએ હકાલી હકાલીને મને ઉંધી દિશામાં જ દોડાવ્યે રાખ્યો હતો ને શિખરને બદલે ખીણમાં પહોંચાડી દીધો હતો. હું હાંફી ગયો હતો. હાંફ વિજેતાના શ્વાસની નહી, પરાજિતના નિઃશ્વાસની બનેલી હતી. આ બધું છતાં મારી અમદાવાદ બહાર બદલીના ભણકારા તો નજીક ને નજીક આવતા જતા હતા. મારો ધુંધવાટ આને કારણે વધતો જતો હતો. બહાર લખાણોને કારણે મળતા રેકગ્નીશને થોડું આત્મસન્માન પણ પ્રગટાવી આપ્યું હતું. મારે મારા ઉપરી અધિકારી કુલકર્ણી સાથે રોજ ચડભડ થતી હતી. 'ઝબકાર'ની કે ગુલમહોર' કટારોની લોકપ્રિયતા પ્રચંડ હતી. લોકો-મારા વાચકો મને શોધતા શોધતા બેંકે આવી ચડતા અને મને આ કુથ્થાની વચ્ચે બેઠેલો જોઈને મારી દયા ખાતા. દયા આમ સારી વસ્તુ છે, પણ જો એ આપણને મળતા માન સાથે ભળી જતી હોય તો એ બહુ 'રોન્ગ કોમ્બિનેશન' સાબિત થાય છે. એક વાર તો એવું બન્યું કે કુલકર્ણી સાથે મારી ગરમાગરમ દલીલો ચાલતી હતી (એ સાહેબની ખુરશી પર બેઠા હતા અને હું સામે ઉભો હતો,ને ચેમ્બરમાં બેઠેલી પાર્ટી હું કોણ છું તે ઓળખ્યા વગર, બેંકનો સામાન્ય કર્મચારી સાહેબની વઢ ખાઈ રહ્યો છે, તેમ સમજતી હતી) ત્યારે જ વિલાસીની નામનાં એક બહેન હાથમાં બુકે લઈને લોણાવલાથી મને એક લેખ બાબત વધાઈ આપવા આવી ચડ્યાં. પહેલાં મારે ઘેર ગયાં પછી મારી ઓફીસે આવ્યાં. હું ઉભા ઉભા ઠપકો સાંભળી રહ્યા હતો, એ જોઈને એમને એમ થયું હશે કે આ તો રજનીકુમાર ન જ હોય. એમણે ખુરશીમાં બેઠેલા, મારી સામે ડોળા કકડાવતા કુલકર્ણીને બુકે એમ સમજીને આપી દીધો કે એ રજનીકુમાર છે. એમને કોઈએ કહ્યું હતું કે રજનીકુમાર બેંક મેનેજર છે. એ કારણે પણ હોય. બીજી-ત્રીજી મિનીટે સ્પષ્ટતા થઈ અને તપી ગયેલા ચહેરાવાળા કુલકર્ણીએ એ જ મુખમુદ્રા સાથે મારા ભણી બુકે લંબાવ્યો (આ રીતે જીંદગીમાં કદી મને કોઈએ બુકે આપ્યો નથી !) મારા હાથમાં આવેલાં બુકેનાં પુષ્પો મને કોઈ આનંદ આપી શક્યા નહીં. વિલાસીનીબહેન પણ પછી મને આશ્વાસક એવા થોડાં વાક્યો બોલ્યાં, પણ એથી તો મારો અપમાનબોધ વધુ તીવ્ર બન્યો. થોડી વારે એ ચાલ્યાં ગયાં. ફરી મને કદી મળ્યાં નહીં કે પત્ર પણ લખ્યો નહીં. કદાચ એ જ ઘડીથી મેં નિર્ણય કર્યો કે કાં નોકરી છોડી દેવી કાં લખવાનું. મેં નોકરી છોડી દેવાનો નિર્ણય કર્યો-૧૯૮૯નો એ ઓકટોબર માસ.

કૉલેજકાળના મારા હોસ્ટેલના રૂમ પાર્ટનર નટુભાઈ અંબાણી, કે જે રિલાયન્સના એક્ઝીક્યુટિવ ડાયરેકટર હતા, તેઓ મને વારંવાર મારા આંકડાઓ વિષેના અજ્ઞાનને

જોઈને કહેતા કે, "તને બેંક મેનેજર કોણે બનાવ્યો !" મારા પર ૧૯૯૮માં અવસાન પામ્યા ત્યાં સુધી એમણે અપાર સ્નેહ વર્ષાવ્યો હતો. તેમની સલાહ મેં લીધી. માન-મરતબાવાળી, જેને માટે લોકો લાખો રૂપિયા અવળે હાથે ખર્ચવા તૈયાર હોય એવી નેશનાલાઈઝ્ડ બેંકના મેનેજરની પદવી ન છોડવા એમણે મને ૧૯૮૧માં પણ સલાહ આપી હતી. (કારણ કે તેમણે આપેલો વર્સ્ટેડ સ્યુઈટીંગનો ધંધો ચલાવવાની મારી મરજી હતી.) આ ૧૯૮૯માં પણ તેમણે એ જ સલાહ આપી. અમારી બેંકના ચેરમેન તેમના મિત્ર હતા. તેમને વાત કરીને આ રોજના રોશીમનડાનો ઉકેલ લાવવાની તેમણે સત્વર તત્પરતા બતાવી, પણ મારૂં મન ખાટું પડી ગયું હતું. મેં એ સમાધાન સ્વીકારી લેવા રાજી થયેલા મારા મનને કઠોરતાપૂર્વક ચગદી નાખ્યું. ભવિષ્યનો બહુ લાંબો વિચાર ન કર્યો. એટલું સમજતો હતો કે મારી પાસે કલમ છે ને કલમનું બજાર પહેલાં કરતા ઘણું વિસ્તર્યું છે. સાહિત્યલેખન ઉપરાંત જાહેરખબરો, કોપી રાઈટીંગ, લાયઝનિંગ, રેડિયો, ટી.વી., અખબારો, સામયિકો, કોઈ ને કોઈ રીતે પણ હું કલમના જોરથી ઢબઢબી જઈશે. મારે આ બાબતમાં પૂછવાજોગ વ્યક્તિ હવે એક જ હતી. તે મારી પત્ની તરુ. તે સ્ત્રી સામાન્ય માટીની નથી. એણે કદિ પણ ભારે ભારે પહેરવા-ઓઢવાની, મોજશોખથી જીવવાની કે દાગીના કે નાણામાં આળોટવાની ખેવના રાખી નહોતી. ભયંકર નાણાંકીય કટોકટીમાં પણ તેણે કુશળતાથી, જરા પણ કચકચ વગર અમારી ઘરગૃહસ્થી ચલાવી હતી. કદાચ આ ગુણ તેને તેની માતા, મારા પર અત્યંત સ્નેહ વર્ષાવનાર, ખૂબ જ ગરવાઈભર્યા, ખાનદાન એવાં તારાબહેન પાસેથી મળ્યા છે. તરુએ તરત જ એક હરફ પણ વિપરીત મતનો ઉચ્ચાર્યા વગર સંમતિ આપી દીધી. પુત્રી તર્જની તો માત્ર છ જ વર્ષની હતી. એના ભણતરના ખર્ચા હવે શરૂ થવાના હતા, તો પણ.

મેં ૧૯૮૯ના નવેમ્બરની અગીયારમીએ રાજીનામું આપી દીધું. એક પક્ષનું ચૂંટણીનું પ્રચારસાહિત્ય લખી આપવાના થોડા રૂપિયા મળ્યા હતા. તેમાંથી મેં નોટીસ પે ચૂકવી દીધો. બેંકમાંથી કાર લોન લીધી હતી તે પણ વાપસ કરી દીધી. આ બધું કર્યા પછી મને મારી થોડી પ્રોવિડન્ટ ફંડ કે ગ્રેચ્યુઈટીની રકમ મળી.

૧૯૯૦માં રાષ્ટ્રીય કક્ષાનો 'સ્ટેટસમેન' એવોર્ડ મળ્યો તે સમાચાર કુલકર્ણીએ પોતાની બેંગ્લોર બદલી થયા પછી ત્યાંના છાપામાં વાંચ્યા. એણે મને પોતાના મારા તરફના વર્તન બદલ પસ્તાવો વ્યક્ત કરતો પત્ર લખ્યો. એમાંથી કેટલોક અંશ સંપાદકે આ પુસ્તકમાં છાપ્યો છે. તેમનો કહેવાનો એક ધ્વનિ એવો પણ હતો કે આપણી વચ્ચે આ તડાફડી ન થઈ હોય તો તમે બેંકની નોકરી છોડત નહીં. એમની વાતમાં માત્ર ટેકિનકલ સત્ય હતું. હકીકતમાં હું મારા ચિત્તમાં ચાલતા બે પરસ્પર વિરોધી વ્યાપારોની સતામણીથી ગળે તો આવી જ ગયો હતો. એમણે એક ધક્કો માર્યો એટલે એ ઘડી જલ્દી આવી ગઈ. બાકી ગાયનેક કોઈ બાળકના બાપ હોવાનો દાવો કરી શકે નહીં. બાળક તો ગર્ભમાં બંધાયેલું હોય જ છે.

અણગમતી છોકરીમાંથી છૂટતાં મને દસ વર્ષ લાગ્યા હતાં, ને અણગમતી નોકરીમાંથી છૂટતાં ત્રીસ. એકાવનના આરે પહોંચી ગયો. અર્ધી જીંદગી ! 'ચાર દિન'માંથી દો આરઝુમેં કટ ગયે ઔર બાકી દો...

★★ ★★ ★★

અહીં મારી આત્મકથા લખવાનો મારો કોઈ ઈરાદો નથી. પણ ઘટનાઓ માણસના વ્યક્તિત્ત્વને ઘડે છે એટલે થોડી એની ઝલક આપવી મેં જરૂરી સમજી. બાકી પુરા બે ગ્રંથ ભરાય તેટલી સામગ્રી મારે જીવવાની આવી. એકદમ નાટ્યાત્મક ઘટનાઓ મારા જીવનમાં બની. ફિલ્મોમાં જ બને તેવા મેલોડ્રામા મારા જીવનમાં બન્યા. જેની સાથેનો સંબંધ તૂટવાની કોઈ જ કલ્પના કે દેખીતાં કારણ ન હોય તેવા સાથેના સંબંધો તૂટ્યા ને જેમની સાથે સંબંધ બાંધવો આકાશકુસુમવત્ લાગ્યો હતો તેમની સાથેના નિકટતાના સંબંધો જનમ્યા અને વિકસ્યા. ક્યારેક છલાંગ મારી ત્યારે મોંભરીયા પછડાયો ને ક્યારેક જેની વિહ્‌વળતાથી નિષ્ફળ શોધ કરી હતી તે મને જ શોધાતું શોધતું સામેનું આવ્યું- જેને માત્ર મોજ ખાતર હાથ કરવા ચાહ્યું, તેની સાથેના સંબંધોમાં મોજ તો મળી જ, પણ મસ્તી ય ભળી, ને જીવનભર હૃદયના પાતાળમાં સંગોપાઈ રહે તેવો અવિલોપ્ય પ્રણય પણ જન્મ્યો. ઘણી વાર જે ઝડપથી નજીક આવ્યા તે ઝડપથી દૂર પણ થઈ ગયા ને ઘણી વાર મિત્રના મિત્ર મિત્ર થયા ને મિત્ર ભૂલાઈ ગયા. ક્યારેક કોઈએ મારો ત્યાગ કર્યો તો ક્યારે ભારે કઠણ હૈયે, સામાની લાખ આજીજી છતાં મેં એના તરફથી મોં ફેરવી લીધું. એમ કરવા પાછળ કોઈને અન્યાય ન થઈ જાય, કોઈના ભરોસાનો હું ભંગ ન કરૂં, કોઈના કે મારા શાંત જીવનજળમાં તરંગો ન ઉઠે તેની કાળજી રાખી, તે જ કારણ મને લાગે છે. કદાચ મનના આંતરપ્રવાહોની તાસીર જુદી હોય. કારણ કે મારા મનનો, જાતે જ મરમી હોવાનો મારો કોઈ દાવો નથી. અત્યારે જેટલું ઉકેલી શકાય છે, જેટલું વંચાય છે તેટલું કહું છું.

એક જમાનામાં હું લાગણીવશ હતો. અંગ્રેજીમાં જેને 'સેન્ટીમેન્ટલ' કહેવાય તેવો, પણ એ તબક્કો બહુ જલદી ખતમ થઈ ગયો. લાગણીઓ રહી, 'વશતા' ચાલી ગઈ. સારૂં થયું છે. મારા ખભે માથું મૂકીને રોદણાં રડતા ઘણા મિત્રોને હું લાગણીનું શાસ્ત્ર સમજાવી શકયો છું- મારો દાખલો દઈ દઈને. જો કે *લાગણીવશતા* માંથી છૂટ્યા છતાં હું *લાગણીશીલતા* માંથી છૂટી શકયો નથી. મન તો ઘણું ય થાય છે, પણ બનતું નથી. કારણ કે લાગણીઓના આધારે તો આ જીંદગીની આટલી સફર મેં કાપી છે. એટલે એને છોડવી કે એના વગર જીવવું એટલે મીઠાશ વગરની મીઠાઈની અપેક્ષા રાખવી.

આ લાગણી શી ચીજ છે ? જગતના પ્રત્યેક મનુષ્યમાં એ આમ તો તત્ત્વગત છે. પણ કોઈના માટે એ રાજા છે ને કોઈના માટે તવાયફ. લાગણીને તવાયફની જેમ મન પડે ત્યારે દિલ બહેલાવવા ખાતર રાખનાર માણસો કદી એના અભાવને કારણે વ્યાકુળ થઈ ઉઠતા નથી. તીવ્ર બુદ્ધિને ચડેલો થાક ઉતારવા એ લાગણીના નાટારંભ યોજે છે-

હરખાય છે ને પોતે કેટલા લાગણીસભર છે એ બતાવવાની પેરવી કરે છે. લાગણી એમના કહ્યામાં છે. એમની આંખોમાંથી એ વરસી બતાવે, જીભમાંથી ટપકી બતાવે, મુખભાવમાંથી પણ નીતરી બતાવે, એ કહે તેનો એ 'શિકાર' કરી લાવે ને એ હુકમ કરે ત્યારે પાછી મ્યાન પણ થઇ જાય.

એવી કેટલીય વ્યક્તિઓના પરિચયમાં હું જીંદગીની શરૂઆતથી આજ લગી આવ્યો છું કે જે આવા લાગણીના મદારી હોય. હા, હું એવાઓથી ભરપૂર છેતરાયો છું. ખત્તા ખાધી છે- લોહીઝાણ થયો છું. એમને જેવો હું ચાહવા માંડ્યો કે તરત જ એમણે મારા પર સવારી કરી ને લાગણીનો ચાબૂક હાથમાં લીધો. *લાગણીવશ* એટલે સેન્ટીમેન્ટલનો સેન્ટીમેન્ટલ હું રહ્યો હોત તો એમના ખંડીયાની કક્ષાએ હું આવી જાત, પણ હવે એવી રેલ નથી આવતી કે મારા સ્વત્ત્વને તાણી જાય. કારણ કે એવી વ્યક્તિઓને જોખવા માટેનો કાંટો મારી ભીતર મેં વસાવી લીધો છે. એ કાંટો બહુ ઉદાર છે. બને ત્યાં સુધી મારી કોઈને ઓછા જોખવાની ચેષ્ટા હોતી જ નથી. મારી એ સ્વભાવગત નબળાઈ છે કે દાઉદ ઇબ્રાહીમને પણ હું ખરાબ માની શકતો નથી. એની ખરાબીનો અનુભવ થયા પછી પણ 'હશે, હવે એ એવું નહીં કરે' એમ જાતે ને જાતે જ માનવા માંડું છું. એ પછી બીજો, ત્રીજો, ચોથો અનુભવ થાય પછી પણ મને એના પ્રત્યે ધિક્કાર તો પ્રગટતો જ નથી. બસ, થોડો નારાજ થઈને વિમુખ થઈ જાઉં છું. વાસ્તવમાં એમ હોવું ન જોઈએ. રીએક્શન કડક હોવું જોઈએ. મારી ઈન્ટેલિજન્સ એમ કહે છે કે આ બેવકૂફી છે. એ તો મારી જાતનો એક છૂપો અહમ્ છે કે હું એને મારી ભલમનસાઈ કે સારપમાં ખપાવું છું. પણ એ *કોઈ પણ ધોરણે* સાચું નથી. એ બેવકૂફી છે, છે અને છે જ. આ પુસ્તકમાંના લગભગ દરેક મિત્રોના લેખમાં મારી એવી બેવકૂફીને ભાંડવામાં આવી છે. સંપાદકે એને દાદ ગણીને છાપી છે, પણ તમે એના પરથી દાદનો વરખ ખંખેરીને જ વાંચજો, હા, મારામાં અને બેવકૂફમાં એટલો જ ફરક છે કે બેવકૂફ એ જાણતો નથી કે પોતે બેવકૂફ છે. જ્યારે મારા જેવો જાગતો બેવકૂફ જાણે છે ને જણાવે છે કે પોતે બેવકૂફ છે. બાકી મિત્ર ડૉ. અશરફ ડબાવાલાના પેલા શેરનો અનુભવ મને વારંવાર થયો છે ઘણા મિત્રોના સંદર્ભે :

*ડૂબી ડૂબીને ડૂબવાનું શું માણસમાં;*
*એક વેંત ઉતરોને ત્યાં તો તળીયાં આવે*

હું આવો સદાય લાગણીએ ફાડી ખાધેલા મારણ જેવો કેમ છું ? ફરી ખોદકામ કરૂં છું ત્યારે પાયો અને ઈમારત બન્ને મળે છે. પાયો એ કે હું જન્મજાત જ આવો- પોઝિટિવ નેચેર્ડ છું. મારા દાદા હું સાતેક વર્ષનો હતો ને ગુજરી ગયા. પણ તેટલી ઉમરમાં ય તેમની સેવા હું બહુ કરતો. એમના ત્રણ વાક્યો મારા માટે : "આ છોકરો રડતો કેમ નથી ?", "રંજુ સેવાભાવી છે", "આ ભૂખ લાગે તો ય બોલતો નથી" કદાચ મારી જીંદગીના પહેલા બાયોડેટા જેવાં હતાં. પાયાની વાત આ, તો ઈમારતની

વાત એ કે મા-બાપ અને કુટુંબીઓનો પ્રેમ ભરપૂર મળ્યા છતાં મને નોર્મલથી કંઈ વિશેષ એવી બહારની લાગણીની ધખના પણ રહી. મારૂં વલણ પાંગરતી વેલ જેવું રહ્યું- જરાક આલંબન જેવું મળે ત્યાં ઢળી પડવાની વૃત્તિએ વારંવાર જોર કર્યા કર્યું. મારી એ આંતરિક નીડ હતી, કારણ કે લગ્નજીવનની ભયંકર હોનારત, મૂળભૂત પાંખા સભ્યોનો પરિવાર, અણગમતી નોકરી, સંવેદનોને વ્યક્ત થવા માટેના બંધ બારણાં અને સાહિત્યના સતત વાંચને ખેડી આપેલી સ્પંદનભૂમિ. આ બધાને કારણે લાગણી એ મારો ચહેરો નહીં, કલેજું બની ગઈ. અને એનો માર્યો હું ઠેરઠેર ભટકયો. કયાંક જળ મળ્યું, ક્યાંક ઝાંઝવાં. નિખાલસપણે એકરાર કરૂં કે જળ એટલું બધું માતબર મળ્યું કે ઝાંઝવાંએ આપેલી ગંભીર નુકશાનીનો હવાલો પાડતાં ય સારી પૂંજી વધીયાણ છે. આથી અજંપો છે, પણ અસુખ નથી. અજંપો તો હોય. એ તો આપણે જીવીએ છીએ એની પ્રતીતિ છે, બાકી અસુખ હોય તો તો એ અધમુવા હોવાની નિશાની.

લાગણીના કારણે ઘા ઘણા ખાધા-મિત્રોની વાત જવા દઈએ, કારણ કે મિત્રોની દુનિયા એ તો સામસામી પડાતી એન્ટ્રીઓની દુનિયા છે. કયારેક આપણે તહોમતદાર તો કયારેક ફરિયાદી હોઈએ છીએ. જજની ઉપસ્થિતી વગર સુનાવણી ચાલ્યા કરે ને ડીક્રી બજ્યા વગર જ સમાધાનો કે છૂટાછેડા થયા કરે. ફરી ડૉ. અશરફ ડબાવાલાનો એક શેર :

*આ પ્રતીતિના નગરમાં આપણું તો શું ગજું ?*
*આપણે છળમાં હતાં, તે આટલું જીવી ગયાં*

પણ મિત્ર ન હોય તેવાં પરત્વેની લાગણીનો માર ભારે વસમો પડ્યો. ગાયક જગમોહન 'સુરસાગર', 'કુંતી'વાળાં માયાબેન યાજ્ઞિક અને બીજા કેટલાંક. પણ આ કયાં આત્મકથા છે ? સંપાદકે થોડું પોતાના કથનમાં નાખ્યું છે- મારે નથી કહેવું. આજ તો નહીં જ.

★★ ★★ ★★

પણ નિર્વ્યાજ, અમાપ પ્રેમવર્ષા કરનારા સાચા મિત્રો મને એવા મળ્યા, કે જીંદગીમાં ભૌતિક ધોરણે જે ઘણું નથી મળ્યું તેની ખોટ લાગી નથી. અહીં દેશે કે વિદેશે- પારાવાર, સાચુકલા અને ટાણે જવાબ દે એવા મિત્રોથી મારી દુનિયા સભર છે. કોઈનાં નામ રહી જાય તે બીકે દરેકનાં નામ રેકોર્ડ કરવાની લાલચ રોકી દઉં છું. નહિંતર અનેક ચહેરા નજર સામે તરવરે છે. એમાં જૂનામાં જૂના મિત્રો નટુભાઈ અંબાણી (હવે તો સ્વર્ગસ્થ), પૂજ્ય સ્મિતાભાભીથી માંડીને નવામાં નવા- માત્ર પાંચ વર્ષમાં પચાસ વર્ષની દોસ્તીનો દળ આપનારા અમેરિકાના ઈશ્વર પટેલ કે ભરત પોપટ- હર્ષા પોપટ આવી જાય. હસમુખ રાવળ, ભૂપેન્દ્ર ત્રિવેદી-ભારતીબેન જેવા સંઘર્ષ- કાળના દોસ્તો યાદ આવી જાય. હસમુખભાઈએ સદાય મને નાના ભાઈની જેમ સાચવ્યો

અને ચાહ્યો, તો અરવિંદ પટેલ જેવા સંગીત મહારથીએ મારા જીવનમાં સ્વ. વિનેશ પટેલ જેવા સર્વોત્તમ મિત્રની શે પૂરી: તેમનો ન જાગું તો જાગવા માટે અપાતો ઠપકો ય સ્નેહવચન જેવો લાગે. ઉર્વીશ-બિરેન-બિનીતની તો વાત જ શી કરવી ? ઓહો, મારા જીવનનો કેવો, કેટલો, ક્યા પ્રકારનો ખાલીપો તેમનાથી પૂરાયો છે ? કેટલી બધી હદ સુધી ? મેં કદી ધાર્યું નહોતું કે આવા તેજસ્વી છોકરાઓ માત્ર વાચક બનીને જીવનમાં પ્રવેશશે અને પછી મારા અસ્તિત્ત્વનો એક ખાલી ખૂણો વાત્સલ્યની સુગંધથી છલકાવી દેશે-અહીં એમને વહાલ કરવા માટે એક વાક્યની જગ્યા છોડું.....................................................................................

ભાઈ સુમંત રાવળ, એવો ગુણગ્રાહી નીકળ્યો, કે એ ખુદ આજે પ્રખ્યાત વાર્તાલેખક થયો છતાં જીવનના હરેક મુકામે મને ગુરુ ગણીને યાદ કર્યા કરે- એ પણ મુશ્કેલ ચેષ્ટા છે. બાકી તો ચેકોમાં સહી કરવાની વાતો કરનારા ઘણી વાર રસીદમાં પણ સહી નથી કરી શકતા. એ વૃત્તિ જન્મજાત શાલીનતામાંથી જ જન્મે.

સાહિત્યકારોમાં મારા અનેક વડીલો છે, જેમણે મને મારી કારકિર્દીની શરૂઆતમાં પ્રોત્સાહન આપ્યું. તેમાં અશોક હર્ષ, ચાંપશીભાઈ કે ભગવતીકુમાર શર્મા, પિતાંબર પટેલ, હરીન્દ્ર દવે, કુંદનિકા કાપડીયા, ગુલાબદાસ બ્રોકર જેવા સમર્થો છે. ચં.ચી.એ તો મારા 'ઝબકાર' પર ફીદા થઈને અનેક પત્રો લખ્યા. વાસુદેવ મહેતા તાતા તેજના માણસ ગણાતા- કોઈની સાડાબારી ન રાખતા, પણ મારા પર ત્રુઠયા હતા. એમણે મારા વિષે, વગર માગ્યે, વગર પૂછયે, પાછળથી પણ વગર જાણ કર્યે અવારનવાર લખ્યું અને મારી વાર્તાઓ પરત્વે પ્રોડ્યુસરોનું ધ્યાન દોર્યું.

મહેરબાન મિત્રોમાં વિનોદ ભટ્ટ-એ દોસ્તે જ ૧૯૭૫માં મારાથી અબોલા લેવાની ધમકી આપીને મારા જેવા લઘુતાગ્રંથીથી પીડાતા માણસનું પ્રથમ પુસ્તક-વાર્તાસંગ્રહ 'ખલેલ' એક પ્રકાશક પાસે હઠ કરીને છપાવ્યો. મને ૧૯૯૩માં ઈશ્વર પટેલ (શિકાગો) સાથે જોડી આપીને 'પુષ્પદાહ'ના સર્જનમાં પાયાનું નિમિત્ત બનનાર આ જ દિલાવર. એ બેધડક જાહેરમાં લખીને (પુસ્તક અર્પણમાં ઢંઢેરો પીટીને) "મારો પ્રિય વાર્તાકાર" ગણાવે છે ત્યારે 'શમ્આકી લૌ કોઈ, ચૂપકેસે બઢા દેતા હૈ'. લાભશંકર ઠાકર પણ મને વારંવાર એ રીતે હૈયાસરસો ચાંપે છે.

રતિલાલ બોરીસાગર તો સાહિત્યજગતના મારા આદિમિત્ર. ૧૯૫૬થી તેમનું નામ જાણું. ૧૯૬૦થી પ્રત્યક્ષતા. એ નિષ્કપટ, નિર્ભાર, સરળ છતાં સમર્થ હાસ્યલેખક સાથે મારા કૌટુંબિક સંબંધ વર્ષોથી. હમણાં જ તેમણે મારાં જીવનચિત્રોના સંગ્રહ *'અનોખા જીવનચિત્રો'*નું સંપાદન સુપેરે કર્યું- પુરસ્કાર તો પ્રકાશક પાસેથી ન લીધો *("કારણ કે*

*રજનીકુમારનું કામ છે")* પણ મારી નાલાયકીઓ પણ ચલાવી લીધી *("કારણ કે રજનીકુમારની હતી")* કઈ નાલાયકીઓ ? મેં ટાઈટલ પર એમનું નામ ન છાપ્યું, પુસ્તક અર્પણ કરવાનો તેમનો અધિકાર ઝૂંટવીને મારા હસ્તક લઈ લીધો. બીજા લેખકની પ્રસ્તાવના પણ એમાં ફીટ કરી દીધી, બીજા પણ હશે. મને પાછળથી સમજાયું, ત્યારે મેં તેમની માફી માગી લીધી. પણ "જંગલમેં મોર નાચા, કિસીને ન દેખા" એટલે અહીં જાહેરમાં તેમની સાચા દિલથી માફી માગીને, બંધાઉ છું કે જો બીજી આવૃત્તિ થશે તો અને ત્યારે એ ભૂલો સુધારી લઈશ. દિલીપ રાણપુરા, જોસેફ મેકવાન અને એવા બીજા અનેક સન્મિત્રો, એમના વિષે વિગતે મારી લાગણી આલેખાયેલી અહીં ન જુએ તો જતું કરે (વિનંતી) બાકી તેમને, અને જેમના નામ પણ નથી લખ્યા તેવા દોસ્તોને ક્યાં ખબર નથી કે હું એમને કેટલા ચાહું છું ? (આ તો રસીદબુકનાં પાનાં ખૂટી પડ્યાં છે એટલે! બાકી રસીદ ન આપવાનો ઈરાદો નથી.)

ભાઈ જનક ત્રિવેદી કે જેમણે સતત મારી વાર્તાઓને અને મને દિલોજાનથી ચાહ્યા કર્યો છે તેના આભારપુત સ્મરણ સાથે દોસ્ત કિરીટ દુધાત અને નાનાભાઈ જેબલીયા-બહાદુરભાઈ વાંકની વર્ષો જૂની દોસ્તી યાદ આવે છે. વાંક તો પારણાથી મારા હિસ્સેદાર. કેવા ઉત્તમ વાર્તાકાર, ચિત્રકાર ને છતાં સતત ઉકળતા ચરૂ જેવા- નાનાભાઈને જોઉં ત્યારે વિશ્વકક્ષાનો ઉવેખાયેલો વાર્તાકાર નજરે તરવરે. એમનો ગુન્હો એટલો જ કે એ ગામડેગામ પડ્યા છે, ને નહોર વગરના પંજા ધરાવે છે. એમને થોડાક નહોરની જરૂર હતી, પણ એ કંઈ વેચાતા મળતા નથી. મામૂલી અનુકરણીયા આજે દિગંતમાં ડંકા વગાડે છે, જ્યારે નાનાભાઈને તો કોક મહેન્દ્ર ત્રિવેદી જેવા પરખંદા પ્રધાન પરખે છે ત્યારે ભયો ભયો થઈ જાય ઘડીભર, નહીંતર ઝઝુમવામાં જ એમનું જીવન ચાલ્યું જાય તેમ છે.

નામવર રમેશ પારેખ વિષે મેં મારા પુસ્તક 'ઝબકાર' કિરણ-૬માં આખો લેખ લખ્યો છે. અને આ પુસ્તકમાં પણ સંપાદકે એના લેખ ઉપરાંત છુટ્ટે હાથે એના મારા પરના પત્રોમાંથી એના ગદ્યના નમૂના આપ્યા છે. રમેશ પારેખ મારો સાવ કાચી યુવાવસ્થાનો મિત્ર જ નહીં, મારી લગ્નહોનારતમાં મારી ભેર કરનાર ભેરુ છે. આટલો જબરદસ્ત કવિ, છતાં મગજમાં એની હવા નહીં- આડંબરવિહીન વહાલ એ તેની ખાસિયત છે.

કિરીટ દૂધાત ગામડાની, જરા બરછટ ગણાતી, કણબી કોમમાંથી આપઘડતરથી નીપજેલો ગુજરાતીનો વર્તમાન પ્રવાહનો ઉત્તમ વાર્તાકાર છે મારા એક વાચક લેખે તે મને અવારનવાર મળતો. મારી વાર્તાઓથી રાજી રાજી, પણ 'ઝબકાર'થી *કરાજી*. મારી સાથે એને અંગે વાદવિવાદ બહુ કરતો. પણ ધીરેધીરે એને સમજાયું કે *"છે બીમારી આમ તો કરપીણ પણ, આપનો 'ઘાયલ' મરે, સંભવ નથી"* એમ કોલમલેખન મારી બિમારી હોવા છતાં હું વાર્તાકાર તરીકે મરૂં એમ નથી. મારા બેચાર 'ઝબકાર' વાંચીને

તે એવો તો ડોલી ગયો કે એણે (રમેશ પારેખની જેમ જ) પોતાના શબ્દો પાછા ખેંચ્યા. આમાં મારી કોઈ જીત નથી, પણ તેની જ વશેકાઈ છે. યુવાવસ્થામાં મારી પાસેથી જૂનાં ગીતોની કેસેટ લેવા આવતો. મારી કેસેટ્સની ઈન્ડેક્સ કરી આપવાનું કામ એણે એ સંગ્રહની ભયાનક અસ્તવ્યસ્તતાથી હેબતાઈ જઈને મૂકી દીધું, પણ એણે મને ચાહવાનું મૂકી દીધું નહીં. બલકે એનો તો રોજ ચડતો જતો આંક છે. મારી વકીલાત જ્યાં ત્યાં કરતો ફરે એવો એ ઉંચા ગજાનો વાર્તાકાર, મોટો-ડેપ્યુટી કલેક્ટર કક્ષાનો અફસર છે. છતાં એની ચેમ્બરમાં હજાર માણસોની હાજરીમાં હું એને 'તું' કહું છું તે કોઈ નીકટતા જતાવવા નહીં, હૃદય પરથી જીભે આવી જતા અમીને વ્યકત કરવા. એવો એ નમ્ર-નિખાલસ માણસ એકના એક અવેજની મારી રસીદ વારંવાર ફાડે છે. ને દુનિયાને બતાવે છે કે જો આ રજનીકુમારની વાર્તાઓ વાંચી વાંચીને હું વાર્તાઓ લખતાં શીખ્યો. મારી સાથે બીજાં બે નામ પણ બ્રેકેટમાં મૂકે છે. સાહિત્યના ક્ષેત્રમાં બીજાં અનેક નામો મારી અતૂટ મિત્રાચારીના છે- એવી અતૂટ કે અહીં નામ નહીં જુએ તો પણ મૈત્રી નહીં તોડે.

★★ ★★ ★★

સાહિત્યના ક્ષેત્રમાં આવ્યો અને યથાશક્તિ- યથાસંજોગ જાણીતો થયો. ઍવૉર્ડમાં મેજોર કયા કયા મળ્યા તે આ પુસ્તકની શરુઆતમાં આપેલી યાદીમાં જોઈ લેવું,પણ હકનું હતું છતાં નથી મળ્યું તેની યાદી માનવીય પ્રકારની ગમગીની પ્રેરનારી છે. પંગતમાં જમવા બેઠા હોઈએ ને જોઈતી વાનગી પીરસનારો આપણને અવગણીને, સાવ નજીકથી ઘસાઈને ચાલ્યો જાય એ તો તુચ્છ વાત, છતાં નિમિષ માત્ર માટે પણ એના કારણે દુ:ખી ન થયો હોય એવો માણસ આ પૃથ્વીના પટ પર કોઈ પેદા થયો નથી. સમજણ એને રૂઝાવી દે તે પહેલાં લોહીનો ટશીયો તો ફૂટતો જ હોય છે. એમ મને મળવાજોગ રેકગ્નીશન-એવોર્ડ ન મળ્યા ત્યારે "મને તો એવું કાંઈ નહીં" કહેનારાઓમાં હું નથી. બેશક, ઘવાયો છું, દુ:ખી થયો છું, પણ હતોત્સાહ થયો નથી એ પણ એટલી જ સાચી વાત છે. કિરીટ કહે છે એમ કેમ ? હું કહું છું કે ચીસ પાડવાનું યંત્ર આપણા કબજામાં છે- ધારીએ તો ઉંહકારો પણ ન કરીએ, પણ વાગે તો પીડા ન થવા દેવાની કોઈ તદબીર આપણા હાથમાં નથી. એ તો થાય જ- સિવાય કે આપણે શબ હોઈએ.

દિલ્હીના કેન્દ્રીય સાહિત્ય અકાદમીમાં ફાઈનલ ગ્રાઉન્ડ લીસ્ટમાં *'ચંદ્રદાહ'*નું નામ એક વાર હતું, પણ એ વખતે ન મળ્યું તેનો રંજ ન હોય, કારણ કે એ તો પસંદગી પધ્ધતિ છે. પણ *'કુંતી'*નું નામ તો સાવ ફાઈનલ ચાર પુસ્તકોમાં બે વાર આવ્યું હતું. એક વાર તો ત્રણમાંથી બે નિર્ણાયકો મારી કલમના જબરા પ્રશંસક હતા. મારા ચાહનારા હતા. એ વખતે બહારથી મને કોઈ ત્રીજી જ વ્યક્તિએ સમાચાર પણ આપ્યા કે પેંડા મંગાવી રાખજો, ત્રણેક દિવસમાં તમને આ એવોર્ડ મળી રહ્યો છે. પણ હું હરખપદુડો નથી. હોઠે આવેલો જામ છીનવાઈ જવાના અનેક પ્રસંગો સૌને બનતા હશે- મારે પણ

બન્યા છે. એમ જ એ વખતે એક મોટા માણસના એમના પુત્રે લખેલા જીવનચરિત્રને લીધે 'કુંતી' છેલ્લી ઘડીએ ઉડી ગઈ. મારી ફરિયાદ નથી. એ પુસ્તક તો ખરેખર - ખરેખર- ખરેખર લાયક હતું જ, પણ મને દુ:ખ નથી થયું એમ કેમ કહી શકું ? અન્યાય નથી જ થયો, પણ હું આહત નથી થયો એમ પણ કહી શકવાની સ્થિતીમાં હું નથી.

*'પુષ્પદાહ'* જે રીતે લખાઈ, જે પડકાર સાથે લખાઈ અને જ્યાં જઈને લખાઈ તે આખી વાત એના ખુદમાં જ એક અનન્યતા હતી. નવલકથા તરીકે કેવી નીવડી આવી તે બેશક વિવેચનનો વિષય છે, પણ એની રચનાની આખી જન્મકથા, અનુભવકથા નિરાળી અને એના વાચ્યાર્થમાં 'અપૂર્વ' હતી. પણ મારા વહાલા દોસ્ત વિનોદ ભટ્ટના ગાડે બેસવાને કારણે હું રમણલાલ જોશીની હડફેટે ચડી ગયો. એમણે વિમોચનના મુદ્દાને કેન્દ્રમાં રાખીને 'ઉદ્દેશ'ના તંત્રીલેખમાં વમન કર્યું- ''વિવેચન હવે પછી'' એમ લખ્યું- (પણ એ વિવેચન તો કદી આવ્યું જ નહીં.) મેં ય તલવાર તાણી, પણ જે લોકો વાતના ઊંડાણમાં જતા નથી એવા લોકોની દુનિયામાં (ને આવા લોકો બહુમતીમાં છે) એ પુસ્તકની હવા બગડી ગઈ. રમણલાલને પણ ઠીક ઠીક જોડા પડ્યા. મને એમણે યાસીન દલાલ મારફત સુલેહનો સંદેશો કહેવડાવ્યો. કારણ કે એમને સમજાઈ ગયું કે રજનીકુમારની *ગેમ* કરવાની આ રીત સાચી નહોતી. એ મારૂં સાયલેન્સરવાળી ગનથી ખૂન કરી શકયા હોત- મતલબ કે *'પુષ્પદાહ'*નું છોડીયાફાડ વિવેચન પ્રગટ કરાવીને "કૃતિ"ને ઝાંખી કરી શકયા હોત, ને તો તો મારાથી એક હરફ પણ ન ઉચ્ચારી શકાત. પણ એવું એમને સૂઝયું નહીં. કારણ કે એમનું નિશાન કૃતિ હતી જ નહીં, લેખક હતો. સિત્તેર વર્ષે પણ ચાણક્યતા ન જન્મે તે ન જ જન્મે. કોઈ શું કરે ?

જોકે મારૂં દુ:ખ ઘણા અંશે ભરપાઈ થઈ ગયું. *'પુષ્પદાહ'* પ્રંચડ લોકપ્રિયતા પામી. પ્રકાશકે નકલો વધારે છાપી, તો પણ ટૂંકા ગાળામાં બીજી આવૃત્તિ થઈ ને હિંદી સિરીયલ માટે તેના હક્કો પણ ભારે કિંમતે વેચાઈ ગયા. એની અંગ્રેજી આવૃત્તિ પણ અમેરિકાના પ્રકાશકો છાપી રહ્યા છે.

★★ ★★ ★★

આટલે સુધી વાંચનારા વિચારતા હશે કે હજુ લગી આમાં અમુક નિકટતમ ગણાય તેવાં નામો કેમ નથી આવ્યા ? હા, મારા જે અંતરંગ સોબતી છે તેમને મેં જાણી બુઝીને છેલ્લા ઉલ્લેખવા ધાર્યા છે, કારણ કે સાંજ પડે માણસ ઘર તરફ પાછો ફરે ત્યારે ચાર ગલી દૂરથી જ તે ઘરની હવા અનુભવવા માંડે છે તેમ આ લખાણના અંતભાગે આવી રહ્યો છું ત્યારે એવાં સ્વજનોને યાદ કરવા છે જેમણે મને ઘરનો સ્વાદ એમના સંબંધોમાં જ આપ્યો છે. એ કદી પર લાગ્યા જ નહીં.

જીંદગીમાં આ બધી હવે ઉતર્યા કાળની ઉજાણી છે. જીવન જે કાંઈ રહ્યું હોય તે માણી લેવાની અમારી આ તજવીજ છે. અમારા આ બધા મિત્રો પરસ્પર પાક્કી ચાહનાના દોરથી અવગુંફાયેલા છે. એક વાર મને સેવંતિલાલ પૂછતા હતા કે આ બધી મઝા મિત્રોમાંથી જે માણસ છેલ્લો બચશે તેને યાદ આવશે, તો એનું બિચારાનું શું થશે ?

મેં પટ દઈને કહ્યું હતું : "જે બચ્યો તે મર્યો !"

ઉમ્મર ખૈયામની રુબાઈના આ શબ્દો કેટલા સાચાં છે !

**માર્ગ બદલાતાં ગયાં**
**ને સાથીઓ ફરતાં ગયા**
**એક પાછળ એક સઘળા**
**શૂન્યમાં ભળતા ગયા**
**સાથ બેસી જીંદગીનો જામ પીનારા સહુ**
**મોતના ઘેરા નશામાં**
**ચૂર થઈ ઢળતા ગયા**

** ** **

વાચકોનો પ્રેમ પણ અપરંપાર મળ્યો. એ વાચકોએ મિત્રો પણ આપ્યા અને માત્ર કલમને ચાહનારા પણ દેશમાં તો હજારો, પણ વિદેશમાં પણ *'હું મરી જાઉં ત્યારે મારી ચિતા ઉપર 'ઝબકાર'નાં બધા જ પુસ્તકો મૂકજો'* એમ બોલનાર વીણાબહેન કામદારની કક્ષાનાં. રશ્મિ કામદાર મારા માટે પ્રાણ પાથરનારા. ભીખુભાઈ વનમાલીની અમેરિકામાં મિસીસીપી જેવી વિરાટ નદીના કિનારે આવેલી મોટેલમાં રાત્રિઓનાં જાગરણ કરીને ખુલ્લા આકાશ નીચે તારાના અજવાસમાં તેમની સાથે દિલ ખોલીને દિલની ગૂઢ વાતો કરી. કેનેડાના શૈલેશ અને નીતા દવે, કનુ ગજ્જર, ઝૈબુન્નિસા પટેલ કેવા કેવા વાચકોએ કેવો કેવો અભિષેક કર્યો. હજુ અનેક નામો સ્મરણે ચડે છે, પણ લિસ્ટ બનાવવા બેઠો

નથી. એટલે અટકું.

મુંબઈથી વીણાબહેન પાલેજા 'પુષ્પદાહ'ના પરમ વાચક. દર ગુરુવારે રાતે ફોન કરે જ, ને મુંબઈમાં મારા વિષે કયાંય છપાયું હોય તે ચીવટથી મોકલે.

ગાંધીનગરનાં શ્રીમતી કલ્પના વ્યાસ તો સાક્ષરવર્ય રવિશંકર જોશીના દૌહિત્રી. વારસાગત સાહિત્ય સંસ્કારોને બળે મારાં પરમ વાચક બન્યાં અને પછી નિકટનાં મિત્ર. તેઓ ખુદ સાહિત્યસર્જનની પ્રતિભા ધરાવે છે. ગાંધીનગરનાં અગ્રણી મહિલા કાર્યકર છે. તો એમના પતિ જિતેન્દ્ર વ્યાસ સરકારી ઉચ્ચ અધિકારી છતાં સુગમ સંગીતના અજોડ ગાયકની હેસિયતથી મારી નજીક આવ્યા.

વાચકોના પ્રેમે કરીને જ બીજી વાર સપરિવારનો મારો અમેરિકા-કેનેડા-ઇંગ્લેંડનો પ્રવાસ શકય બન્યો, નહીંતર નાદાનપણે ભારે પગારની નોકરી છોડી દેનારો આ માણસ પરિવારને તો વિદેશ લઈ જવાનું સપનું કયાંથી જોઈ શકે ? ઈશ્વરભાઈએ એવા પ્રેમી વાચકોનું સંકલન કરીને મને એ વાચકોના બળે અમેરિકા જવાનું આયોજન કરી આપ્યું.

જો કે ફરી કહું, પ્રચંડ લોકપ્રિયતા મેળવતા મિત્રોને વારંવાર કહું છું તેમ વાચકોનો પ્રેમ માણું છું-તેમનાથી છકી જવાનું તો એક તરફ, પણ દોરવાવાનું પણ પસંદ નથી કરતો.

** ** **

જીવનની સંધ્યા ભણી ઝડપથી ગતિ કરી રહ્યો છું ત્યારે કૌટુંબિક સ્વજનો ભણી સહેજે દૃષ્ટિપાત થઈ જાય છે. એક જમાનામાં ઘરમાં હું સૌથી નાનેરો હતો. આજે હવે બચેલો એક માત્ર પુરુષ સભ્ય હોવાને કારણે સૌથી મોટેરો છું. આમ છતાં હજુ મારા ઉપર કોઈ વડીલ હોય એવી તલબ આજ સુધી રહી છે. એના જ તરફડાટમાં મેં જગમોહન સુરસાગરને 'પાપા' તરીકે ઘરમાં સ્થાપ્યા હતા.

હજી ઘરમાં મોટીબહેન કમળાબહેન છે. સ્વ.ઇંદુભાઈનાં પત્ની પ્રેમીલાભાભી છે. જેમના ખોળામાં હું રમ્યો અને જેઓ મારાં લગ્ન બીલાડી સાથે બાબાગાડીમાં ફેરવીને કરાવતાં, એવાં કમળાબહેન પરિવાર સાથે અમદાવાદમાં મારી બાજુમાં જ રહે છે તેથી મને મોટી ઓથ લાગે છે. અમે ભાઈ-બહેન અમારાં મા-બાપના વખતનાં સ્મરણો તાજાં કરીને ઘણી વાર આર્દ્ર થઈ જઈએ છીએ. તેમની સાથે જવલ્લે જ કશી ચડભડ થઈ હશે. ના, નથી જ થઈ.



મારો દિવંગત ભાણેજ જિતેન્દ્ર મારાથી સાત જ વર્ષ નાનો. મારા વહાલા મિત્ર જેવો હતો. ભોળીયો જીવ હતો. સાવકી માતાના આગમન પછી પૂજાપાઠીયા પણ ક્રુર પિતા (મારા બનેવી)એ તેને ધૂતકારી કાઢયો તે ઘટનાએ એના જીવનને બહુ કરપીણ રીતે રોળી નાખ્યું. એની કાતિલ કારુણી મેં મારા એક લેખમાં વર્ણવી છે. 'કુંતી'નો એના પુત્ર સાથે ત્રીસ વરસે અશકય લાગતો મેળાપ પરદેશની ભૂમિ ઉપર કરાવી આપનાર હું મારા એ સગા ભાણાનો મેળાપ એના બાપ સાથે અથાગ પ્રયત્નો છતાં ગુજરાતમાં ય કરાવી શકયો નહીં એ મારી ઘોર નિષ્ફળતા હતી. જીતુ ૧૯૯૩માં બોમ્બેના બોમ્બધડાકાના દિવસે ગુજરી ગયો. એની પત્ની ભારતીએ પોતાના પુરુષાર્થથી બી.એ. થઈને ફરી એના પતિની જગ્યાએ એલ.આઈ.સી.માં નિમણૂંક મેળવી. એ ખાનદાન કુલિન સ્ત્રીએ ઘણું વેઠ્યું. હવે એ એકની એક દિકરી રિંકુના લગ્નની ચિંતામાં છે.

જીંદગીમાં કાંધ ઘણા સ્વજનોને આપવી પડી. અગ્નિદાહ પણ. જેમની સાથે કોઈ સ્નાનસૂતકનો સંબંધ નહીં એવા વૃધ્ધા અભિનેત્રી હિરાબાઈને પણ દેન દેવાનો પ્રસંગ આવ્યો. પણ સૌથી વધારે અંદરથી હલબલાવી નાંખે તેવો પ્રસંગ મારા મોટાભાઈ ઈન્દુભાઈને આપેલા અગ્નિદાહનો. એ ૧૯૯૭માં ગુજરી ગયા. તેમને ઉપલેટા સ્મશાનમાં રાતે દસ વાગ્યે મેં અગ્નિદાહ આપ્યો ત્યારે આકાશમાં ઝાડની પાછળથી નોમનો ફીક્કો ચંદ્ર દેખાતો હતો. મને એમના જીંદગીભરના ઉધામા યાદ આવી ગયા, અને મારું એમની સાથેનું સાઠ વર્ષનું ગઠબંધન. વારેવારે મારે ચિતા પાસે જવું પડતું હતું અને એમનાં હાથ-પગ કે માથા જેવા અંગોને બહાર નીકળી જાય તો ફરી આગમાં ઝોંકવા પડતા હતા. એવે વખતે જન્મતો વૈરાગ્ય સ્મશાનમાંથી જન્મેલો, પણ એણે મારા ચિત્ત પર કાયમને માટે દાઝીયા પાડી દીધા. જ્યારે જ્યારે જમાલપુરના સ્મશાન પાસેથી સરદાર પુલ જતાં પસાર થાઉં છું ત્યારે ત્યારે જો દિકરી તર્જની સાથે હોય તો અચૂક એને કહું છું, ''જો, આ મારૂં છેલ્લું સ્ટેશન છે. ને બેટા, અગ્નિદાહ તો તું જ મને આપજે.'' ઇંદુભાઈવાળું દશ્ય મનમાં છપાઈ ગયું ન હોત તો હું એમ બોલતો ન હોત.

ખેર, પ્રેમીલાભાભી કે જેમના હાથની કડક ભાખરીઓ મેં નાનપણમાં બહુ ખાધી તે જીવનભર મોટાભાઈના વિચિત્ર સ્વભાવને કારણે દુઃખિયારાં રહ્યાં, છતાં અંતઘડીએ મારા મોટાભાઈએ તેમના ખોળામાં જ છેલ્લો શ્વાસ લીધો. ઉંચા-ખાનદાન કુટુંબમાંથી આવતી એ સ્ત્રી હજુ સંસારમાં ઝઝુમે છે. હજુ મને 'રંજુ' કહીને તુંકારો કરનાર કમુબહેન પછીની એ બીજી વ્યક્તિ છે. પુત્ર સુધાકર ૧૯૯૩માં આપઘાત કરીને ગુજરી ગયો. એની પત્ની રંજન અને બેબી ઉર્મિ સાથે એમને એ લોકો અમદાવાદ હોવાથી ખાસ અનુસંધાન રહ્યું નથી એ ટ્રેજડી છે. મોટી દિકરી ઉષાએ દરજી કોમના યુવાન અનિલ સાથે પ્રેમલગ્ન કર્યાં ત્યારે એમના વિરોધ છતાં એની ઉપર મંજૂરીની મહોર મારનાર હું હતો. એ છોકરી આજે બહુ સુખી છે. એની અને મારી જન્મ તારીખ (સાલ નહીં) એક જ છે. નાની દિકરી કૃષ્ણાનો થોડો પ્રશ્ન છે, પણ ભાભી સાચેખોટે માર્ગે એનો હલ લાવવા પ્રયત્ન કરે છે. અમારાથી મદદરૂપ થઈ શકાતું નથી, કારણ કે અમારાં પાયાનાં વલણો જ જુદાં છે. હા, એમની જોડે લાગણીનો તંતુ બરકરાર છે.

મારા પિતરાઈઓ જેતપુર, અમરેલી, સુરત, જામનગર છે. બહુ ગાઢ સંપર્ક રહ્યો નથી. જેતપુરમાં વસતા પિતરાઈ મુળશંકરભાઈ અને જયાભાભી અપાર પ્રેમ ઢોળે છે. મારા લેખક હોવાનું ગૌરવ તેમને છે, પણ અમારી ભૂમિકા સમાન ન હોવાના કારણે અંકોડા બહુ ભીડાતા નથી.

** ** **

જે જ્ઞાતિમાં પિતરાઈઓનું નજીકનું સગપણ દૂરનું ગણાતું હોય એવી જ્ઞાતિમાંથી આવનારો હું તરુ સાથેના સ્નેહલગ્નને કારણે રેડીમેઈડ બહોળા સગપણોનું વિશાળ, વિસ્તૃત, મોટે ભાગે મમતા અને મમત્વભર્યું વર્તુળ પામ્યો. યશવંતભાઈ અને પ્રવીણાભાભી -મારા સગાં એક માત્ર સાળા અને એમનાં પત્ની- સાથે મારા સંબંધો વણઉખળ્યા બહુરંગી દોરાના દડા જેવા છે. ઘણો ઉખળ્યો, હજી થોડો ઉખળવો બાકી. રંગ અલગ અલગ નીકળે, પણ બધા જ માંજાવાળા નીકળે એટલે તૂટવાનો તો કોઈ અવકાશ જ નથી. એમનાં બા, મારાં સાસુમા તારાબેન પ્રતિ મને અગાધ આદર હતો. દેવી જેવાં હતાં. મારા પ્રત્યે એમનો વાત્સલ્યભાવ અસ્ખલિત હતો. મેં ભાગ્યે જ કોઈ વૃધ્ધાને આટલી ગંભીરતા અને ગરવાઈથી વરતતાં જોયાં છે. *'સહન કરો, પણ સુખ આપો'* એ તેમનો જીવનમંત્ર હતો કદાચ. એમણે એમની પુત્રીના સંબંધમાં મારા પર વિશ્વાસ મૂક્યો હતો, નહીં તો પરણેલા છોકરા ઉપર ભરોસો કેમ બેસે ? ને એની સાથે વગર લગ્ને રહેવા પણ કેમ દે ? એમણે મારી નજર વાંચી લીધી હતી અને એના દ્વારા સચ્ચાઈને નાણી લીધી હતી. તેમણે કદાચ કયારેય તરુને ઠપકો આપ્યો હશે, મને ક્યારેય નહીં. મેઘાણીની 'વેવિશાળ' નવલકથામાં આવે છે એમ મને એ "બચાડા જીવ" ગણતા.

એમના સગ્ગા ભાઈ, તરુના મામા ધનેશ્વર વ્યાસ અને મુક્તામામી અમારા

સ્નેહસંબંધથી શરૂઆતમાં જરી નારાજ અને વિરોધી, પણ મને જાણ્યા-નાણ્યા પછી મારી એકદમ નિકટ આવી ગયા. એક જમાનાના એ કડપદાર મોટા અમલદાર ભારે પ્રભાવશાળી હતા. પોતાની બહેનને (મારાં સાસુને) અનર્ગળ પ્રેમથી ચાહતા. એકવાર એ જ્યારે એમને ઝંખતા હતા ત્યારે એ ભાઈ-બહેનની મેં મુલાકાત પણ ગોઠવી આપી. ત્યારે મારા માથે એમણે હાથ ફેરવ્યો હતો. પાછળથી મને પત્રમાં એ જેમ 'જય ઝબકાર' લખતા થઈ ગયા કારણ કે મારા પ્રશંસક બન્યા હતા. એમના પુત્રો બધા જ પ્રતાપી. ડી.ડી.વ્યાસ ગુજરાતના નામાંકિત એડવોકેટ, તો આર.ડી.વ્યાસ હાઈકોર્ટ જજ. ધીરેન વ્યાસ વિખ્યાત કલેકટર તો ધીમંત વ્યાસ રાજકોટના નંબર વન ઈન્કમટેક્સ કન્સલ્ટન્ટ. જ્યોતિ વ્યાસ મોટા એડવોકેટ, તો પ્રદ્યુમ્ન વ્યાસ આઈ.પી.સી.એલ.માં પ્લાન્ટ મેનેજર. વિશેષરૂપે મને આર.ડી.વ્યાસ અને પ્રદ્યુમ્ન વ્યાસ સાથે વધારે ટ્યુનીંગ રહે છે. મામા તો હવે નથી, પણ મુક્તામામી આ એકાણુંની ઉંમરે પણ મારા માથે હાથ ફેરવી હાથમાં પીપરમીંટ આપે છે ત્યારે હૃદયમાં માના નામની ઉથલપાથલ મચી જાય છે.

જ્યારે એમની પુત્રીઓનો તો હું લાડકો જીજાજી છું. મોટી બહેન-યશોધરાબહેન તો અસલ આદર્શ આર્ય સન્નારીના ચિત્ર-મોડેલમાં ચાલે એવાં. એમના પતિ- મારા સાઢુ નવિનચંદ્ર સાહિત્યરંગી સજ્જન, બહુ જ મુલાયમ ઋજુ માણસ. એમના પુત્રો તો બરાબર, પણ દિકરી-જમાઈ ભગવતી અને કશ્યપ ભટ્ટને પુરું ગુજરાત ઓળખે. ગુજરાતના ઉંચા ગજાના ગાયક 'વોઈસ ઓફ તલત મહેમુદ', અનિલ વિશ્વાસને અમે સાથે નિમંત્રેલા અને એમના નિમિત્તે જ મેં તલત મહેમુદ-જગમોહન મુલાકાત યોજી. નવિનચંદ્રનાં બહેન હેમલતાબહેન હવે તો વૃદ્ધ થયાં, પણ અતિશય ગરવાં સન્નારી. રાજકોટમાં એમણે પણ અમારા કટોકટીના દિવસોમાં અમને ઉષ્મા પૂરી પાડી હતી. તરૂના મામાનાં બીજાં પુત્રી વિદુબહેન ફોનમાં પણ મારી મીઠી મશ્કરીઓ કરી લે. તરૂનાં એ બહેનપણી જેવા હતાં. એમના પતિ બી.એમ.આચાર્ય ગંભીર પ્રકૃતિના, પણ મારી સાથે બહુ મૈત્રીપૂર્ણ. એમના મોટાભાઈ ગિજુભાઈ આચાર્ય મારા જૂના વાચક અને વડીલ. બહુ આકસ્મિતાની વાત તો એ કે એ બન્ને ભાઈઓના પિતા મૂળશંકર આચાર્ય મારા પિતાના ગાઢ મિત્ર હતા. સંબંધોનો છેડા ક્યાંથી કેટલામી પેઢી સુધી વિસ્તરે છે ? મારા સ'ળા યશવંતભાઈ અને પ્રવીણાભાભીનાં સંતાનો અતુલ, મુકુલ, કેતન અને હર્ષાના બચપણથી વિકાસનો હું સાક્ષી છું. એમાંથી કેટલાકનાં નામો મેં પાડ્યાં છે. હવે એમના સંતાનોનાં નામ માટે જ્યારે મને-અમને પૂછવામાં આવે છે, ત્યારે ગઈ સદીની વાતો ગઈ કાલની હોય એવો ભાસ થાય છે.

કેટલાક સંબંધોમાં આકસ્મિકતાએ અદ્ભુતતાના રંગો ભરી દીધા હોય છે. તરુને સગી બહેન નથી, પણ મારે સાળી નથી એમ હું ન કહી શકું, તે માટે કુદરતે તરુના જીવનમાં નાનપણથી જ સખી દામિની મહેતાનો પ્રવેશ કરાવ્યો હશે. અવનવા આયામોવાળો એમનો બહેનપણાંનો સંબંધ ખરેખર બહેનપણામાં પલટાઈ ગયો, ને મને

"સગ્ગી" સાળીની ભેટ મળી. મણિનગરમાં એમનો નિવાસ, એટલે એ લાગણીની ગાંઠ વધુ મજબૂત બની. અમારી તર્જની માટે દામિનીમાસીનું ઘર 'પગડે ઘા' છે. (નજીક જ છે) એમના બાળકો જ્વાલા અને નિલેશ પણ હવે મા-બાપ બન્યાં. મારા સાઢુ હરનિશભાઈ એ વાસુદેવ મહેતાના સગ્ગા ભાણા થાય- મારા મિત્ર બની રહ્યા છે.

તારક મહેતાને હું મારા ભાઈ ગણું છું, એટલે એમનો સમાવેશ અહીં કરું છું. એમણે એમની આત્મકથા 'એક્શન રિપ્લે'માં અમારા ભ્રાતૃભાવ પરત્વે ઇંગિત કર્યું જ છે. ઇંદુબહેનનું તો મૂલ થાય તેમ નથી. એ દંપતિ અમને પોતાના સાવ નિકટના સ્વજન ગણે છે. એમનો આભાર માનું તો એ સવા ટકાનો ટકો કર્યો ગણાશે.

** ** **

સમાપનમાં હવે જીવનના સાવ કેન્દ્રમાં અને હૃદયના તળીયે જઈ ઠરેલા સંબંધોને યાદ કરૂં. સૌથી પહેલું નામ, એના પ્રવેશના સમયના સંદર્ભમાં લઉં- તરુનું. ચાલીસ વરસથી એ સ્ત્રી મને જીરવે છે- મારાં અનેક તોફાનો-ઉફાનો સહિત. મને ખબર છે કે એના ખોળા સિવાય મારો બીજો કોઈ આરોવારો નથી. એને હું પ્રિયતમાવત્, પત્નીવત્ અને પુત્રીવત્ અને ઉત્તમ મિત્રવત્ બધી રીતે ચાહું છું. એનાં અનેક નામ લાડમાં પાડ્યાં છે, જે અલગ અલગ સમય તબક્કે જીભ પર આવતા રહ્યા. એ નિષ્કપટ, નિષ્પાપ, સરળ અને કંઈ પણ ખોટું કરવાથી વિરુદ્ધ સન્નારીએ મારો સંસાર, મારા સ્ખલનો, મારા મહેમાનો, મારા સગાંવહાલાં, મારી પ્રવૃત્તિથી નીપજતા પ્રોફેશનલ હેઝાર્ડ્સ, મારાં લક્ષણો, અપલક્ષણો, મિજાજ, ગમા-અણગમા, આડાઅવળા અનિયત ટાઈમટેબલ્સ, બધું જ સાચવ્યું છે. ફરિયાદો કરી હશે, બળવો નહીં. એના પોતાના પક્ષપાતો અને પૂર્વગ્રહો બહુ જાડાં પણ છે, ને તીવ્ર પણ. છતાં એમાંથી કોઈ જ અમારી વચ્ચે તિરાડ પાડી શકે એવા જોરદાર નથી. મારી આબરૂ એણે સાચવી છે, અભાવો સહન કર્યા છે. કદી કશી માગણી કરી નથી. દુનિયાભરના પુરુષો કરતાં અમારો ક્રમ ઉલટો છે. અહીં એ સાડી માટે જીદ નથી કરતી. મારે એને સાડી લેવા માટે સમજાવવી પડે છે. એક બાબતમાં અમે એકમત છીએ- કોઈને કશું આપવાની બાબતમાં. એ કહે, દઉં લાખ ? તો હું કહું, દે સવા લાખ! ને હું એવું પૂછું તો એ પણ એવો જ હોંકારો આપે છે. મારી બેંકની નોકરીમાં હું લાંચ લેવાના મારગેથી પાછો વળ્યો હોઉં તો માત્ર એના જ કારણે. વેરાવળમાં એક વાર બેંકના એક કસ્ટમરે મોકલેલી આખી ખાંડની બોરી એણે આવી તે જ ઘડીએ પાછી વાળી હતી. મારા કરતાં તે વેંત ઉંચી સાબિત થઈ હતી.

સંપૂર્ણ પૂજા-પાઠ, વિધી, આરતીના વાતાવરણમાં આવતી એ ભલે રેશનાલિસ્ટ હોવાનો બિલ્લો ન લગાડે, પણ મારી વાદે એણે પ્રતીતિપૂર્વક વ્રત, વરતોલાં, પૂજા, પાઠ, દીવો, આરતી, શ્રદ્ધા, હોમ, હવન, મંદિરગમન બધું જ મૂકી દીધું. અને એનો એને અફસોસ પણ નથી. એના સંદર્ભમાં પાકિસ્તાની મહીલા શાયર પરવીન શાકીરનો એક શેર યાદ આવે છે

*વો કહીં ભી ગયા, લૌટા તો મેરે પાસ આયા*
*બાત ઈતની તો અચ્છી હૈ, મેરે હરજાઈમેં*

એની વાત સાચી છે. એના વગરના જીવનની હું કલ્પના કરી શકતો નથી.

દિકરી તર્જની વિષે તો મેં *'દિકરી વહાલનો દરિયો'* પુસ્તકમાં આખો લેખ લખ્યો છે. ઘણી વાર મને લાગે છે કે મને મારી મા આ દિકરીના સ્વરૂપમાં પાછી મળી છે. એ જન્મી તે જ અરસામાં તારકભાઈ મારે ત્યાં આવ્યા હતા. બોલ્યા હતા,''આ છોકરીની આંખો વિશિષ્ટ છે.'' હા, એમની વાત સાચી છે. દિકરીની આંખોમાં અકથ્ય ભાવ છે. તેની સમજણની પ્રતીતિ સંપાદકે તેનો ઈન્ટરવ્યુ કર્યો ત્યારે તેમને તરત જ થઈ ગઈ હતી. મને તેમણે ફોન પર એ વાત કરી હતી. એનામાં બાળસહજ નિર્દોષતાની સાથોસાથ કિશોરીસહજ ચંચળતા, સપનાં અને તોફાન છે, પણ નાદાનિયત લેશમાત્ર નથી. મારા પહેરવા-ઓઢવામાં એ મને સલાહ આપે છે, ટોકે છે, મઠારે છે ત્યારે મને મધુરો મોદ નિપજે છે. ભણતરમાં એ નોર્મલ છે, પણ ચિત્રકળા કે સંગીતકળાની ફેકલ્ટીમાં એ નિખરી ઉઠે તેવી તેજસ્વી છે. એનામાં માતૃવત્ વાત્સલ્ય સહજ છે. હજુ આ સત્તરની ઉંમરે પણ તે ટેડીબેરને સાથે લઈને સૂવે છે, ત્યારે એના માનસિક અર્ધઘટનો હું તરૂને સમજાવું છું ને મલકાઉં છું. માતૃત્વથી છલકાતી સ્ત્રી પાણીની જેમ ઝીણામાં ઝીણી સંકીર્ણતામાં પણ જગ્યા કરી શકે છે. કારણ કે વિસ્તરવું, છવાવું અને ખોવાવું એની પ્રકૃતિ હોય છે.

જેના મેં અનેક લાડકાં નામ પાડયા છે એવી આ દિકરી અમારૂં પરમ સૌભાગ્ય છે. એ સાસરે જશે ત્યારે વિદાય વખતે, કદી ન રડી શકનારા એવા મને પોશપોશ આંસુએ રડવું આવશે. હું અણોસરો થઈ જઈશ ને નિમાણો, એમાં કોઈ જ શંકા નથી. કયારેય પણ ટી.વી.-સિનેમામાં, એ હાજર હોય કે ન હોય પણ જો કન્યાવિદાયનું સામાન્ય કોટીનું ગીત પણ વાગતું હોય તો હું મારા ગમે તેવા કામ વચ્ચે પણ ધ્યાનભંગ થઈ જાઉં છું અને આંખો ભરાઈ આવે છે. એ વખતે મને, એ નજીક હોય તો છાતીસરસી ચાંપી દેવાની ઉત્કટ ઈચ્છા થઈ આવે છે. અને એ કોઠાડાહી પણ એ સમજે છે. હું અંદરના ઓરડે કામ કરતો હોઉં ને એ ડ્રોઈંગરૂમમાં ટી.વી. જોતી હોય એ દરમ્યાન આવું કોઈ ગીત આવે તો એ અચાનક વોલ્યુમ મોટું કરી દે છે અને હું એકદમ બહાર નીકળીને...

** ** **

તરુ-તર્જની અને હું -ક્યારેક તો આ ત્રીપુટી ખંડિત થશેને ? કઈ રીતે ? તર્જની સાસરે જશે અને અમે બન્ને એકલાં પડી જઈશું. પછી અમે બન્નેમાંથી એક...

હા, એ અકાટ્ય નિયતી છે.

પ્રિય મિત્ર હરકિસન જોશીની પંક્તિઓ યાદ આવે છે :

*શ્વસું છું એટલે જોવા*
*નથી મળતું હજુ મિત્રો*
*કે મારા શ્વાસની પાછળ*
*લપાઈને મરણ ચાલે*

પણ કેવું મૃત્યુ હું ઈચ્છું ? આ પુસ્તકમાં સંપાદકે એક જગ્યાએ મારા એના વિષેના શબ્દો પણ ટાંક્યા છે. એને કાયમ રાખીને એટલું ઉમેરું કે તર્જનીનો વસ્તાર જોવાની ઈચ્છા રાખવી એ કુદરતના ક્રમમાં વધુ પડતું લાગતું હોય તો એ ઈચ્છા સમેટી લઉં, પણ એટલી તો કામના કરવા દો કે એ બહુ યોગ્ય જગ્યાએ ગોઠવાઈને સુખી હોય. પછી ભલે તરુની ઈચ્છા પૂરી પડો. કોઈ પણ હિંદુ સ્ત્રીની ઈચ્છા મુજબ રાતી ચુંદડીએ જવાની એની અંતિમ ઈચ્છા હોય, તો ભલે તેમ થાઓ. તર્જની હાજર હોય અને તરૂ મારા ખોળામાં. મારા એના માથા પર ફરતા હાથ સાથે જરા પણ રિબાયા વગર હથેળીને ફરકાવીને દેહ છોડે.

એની બીજી જ મિનીટે મારો દેહ પણ...

લ્યો, આ પડ્યો પડદો. ભલે પડતો.

❋ ❋ ❋

**અને ખરેખર તરુના કિસ્સામાંતો એ બન્યું પણ ખરું. 2016 ના એપ્રિલની 27મી તારીખે એણે લગભગ માથે ફરતા મારા હાથ નીચે જ દેહ છોડ્યો - જોકે મારોય પડદો બીજી મિનીટે પાડી દેવાનું ક્યાં મારે હાથ હતું?**

❋ ❋ ❋

# તુમસે કુછ કહેના હૈ...

**લેખકની અગત્યની નોંધ :**

2000ની સાલમાં મારી 62 વર્ષની વયે પ્રગટ થયેલા ભાઇ ઉર્વીશ અને બીરેન કોઠારી દ્વારા સંપાદિત ગ્રંથ "રજનીકુમાર:આપણા સૌના"માં મારી કેફિયત સમાવવામાં આવી હતી. તે સ્વાભાવિક જ મારી ત્યાં સુધીની જીવનજાત્રાના સ્પંદનોને આવરી લેતી હતી. એ વખતે સાઠ-બાસઠની ઉમર મને બહુ લાગતી હતી અને તેથી 'હવે બહુ જિંદગી બચી નથી ' એવા ગંભીર માનસિક અભિનિવેશથી મેં એ લખી હતી. પણ હવે આજે 82એ પહોંચી ગયા પછી મને આ વય પણ બહુ લાગતી નથી. કારણ, લેખનક્ષેત્રના જ અનેક મહાનુભાવો આજે નેવું નેવું કે સો સો વર્ષના ઉંબરે આવીને પણ મોજથી પોતાની હયાતી માણે છે. નગીનદાસ સંઘવી જેવા તો સોએ પહોંચીને સ્વસ્થ રહ્યા છે. જ્યારે હું ય હાલ તો એવો કોઇ રોગભોગી નથી કે એમ એનાથી ટપકી જાઉં. હાર્ટ એટેક જેવું કંઇ ત્રાટકે તો એની વાત જુદી છે. એટલે બ્યાંસી એ બહાદૂરીનો માઇલસ્ટોન નથી.કોઇ આકસ્મિકતા વચ્ચે ન આવે કે તાત્કાલિક જીવાદોરીને ઉચ્છેદી ન નાખે એવી કોઇ બિમારી ન આવે તો આમને આમ હજુ થોડાં વર્ષ નીકળી જાય એવું લાગે છે. એટલે અત્યારે,આ ક્ષણે મને 82નો કોઇ રોમાંચ નથી. અલબત્ત,આનંદ છે એ નક્કી!

'ન્યૂઝ વ્યુઝ ડોટ કોમ' અને આ ઇમેગેઝીન 'વાતાયન'ના તંત્રી ધીમંત પુરોહિત મારા વર્ષો જુના દોસ્ત છે. આ 6 થી જુલાઇએ ભાઇ મનિષ પાઠકની અનોખી સંસ્થા ઓમ કોમ્યુનીકેશન્સ દ્વારા મારા 82મા વર્ષના પ્રવેશનો પ્રસંગ ઉજવાયો. એ નિમિત્તે મારા જીવન-કવન વિષે મારા આર્કાઇવલ વક્તવ્યનો જે જાહેર કાર્યક્રમ થયો તેમા મારું વક્તવ્ય પત્યા પછી અનેક તરસ્યાશ્રોતાઓએ તેના બીજા-ત્રીજા હપ્તાની માગણી કરી કારણ કે સાત પડવાળી વાનગીની જેમ મારી જિંદગી પણ અનેક પડ ધરાવે છે. એ કંઇ દોઢ કલાકમાં સમેટી ન શકાય.

એમાં વળી આ ઇ-મેગેઝીન 'વાતાયન'નાં તંત્રી અને મને ચાહનારા મારા પ્યારા મિત્ર ધીમંત પુરોહિતે આવો વિશેષાંક પ્રગટ કરવાનું નક્કી કર્યું અને મને તે માટે સામગ્રી આપવાનું કહ્યું. એ સામગ્રીમાંથી મારી આ કેફિયત તેમને પસંદ પડી અને આ વિશેષાંકમા લેવાનુ નક્કી કર્યું.

પણ પ્રશ્ન એ છે કે 2000ની સાલની એટલે કે છેક બે દાયકા પહેલાની મારી એ કેફીયત આજે યથાતથ કેટલી પ્રસ્તુત છે ? આ ધીમંતે નહિં, મેં મારી જાતને પૂછેલો પ્રશ્ન છે.

તો એનો જવાબમાં એ છે કે, મારી જિંદગીનો એ વખતનો તખ્તો હવે રહ્યો નથી. ઘણું ઘણું આ વીસ વર્ષમાં બદલાયું છે. એ કાળના વર્તમાનમાં જે પાત્રો હયાત હતાં તેમાંના અનેક હવે દિવંગત થઇ ચુક્યાં છે. ખુદ મારાં પત્ની તરુલતા એ લેખમાં મેં લખ્યા મુજબ 'લાલ ચુંદડીએ' 2016ના એપ્રિલની 27મીએ બ્લડ કેન્સરથી વિદાય થયાં. એમાં ઉલ્લેખેલાં અનેક કુટૂંબીઓ પણ વિદાય થઇ ગયાં છે. નાનાભાઇ જેબલીયા, જનક ત્રિવેદી, દિલિપ રાણપુરા, વિનોદ ભટ્ટ, તારક મહેતા ,ઇંદુબહેન તારક મહેતા અને બીજા અનેક દોસ્તારો ચાલ્યા ગયા છે. અનેક એવાં નામો પણ છે જેમની સાથેના સમીકરણો મારો મોહભંગ થવાને કારણે સદંતર બદલાઇ ગયાં છે. એમાંથી કોઇ કોઇ તો અવસાન પણ પામ્યા છે. એટલે આવાં બધાંના નામો  આ 'રિવાઇઝ્ડ' કેફિયત વાંચતા વાંચતા એક સણકા સાથે મને પોતાને યાદ ના આવે લોહી ના કાઢે એટલા માટે કોઇ પણ દુર્ભાવ વગર ભૂંસી નાખ્યાં છે.

અમુક નવા ઉત્તમ સંબધો પણ ઉગ્યા. આમ તો અનેક, પણ મારી પાસે ગુજરાતી સાહિત્યમાં સીમાચિહ્ન એવા છ કાર્યો કરાવનારા મુંબઇના સાહિત્યપ્રેમી ઉદ્યોગપતિ હવે તો સ્વર્ગસ્થ એવા નવનીતભાઇ શાહ અને તેમનાં પત્ની ફીઝાબહેન, મારા અંગત બની ગયેલા સાહિત્યમિત્ર નવનીત ઠક્કર - એ પણ હવે તો સ્વર્ગસ્થ -  ને એ સાથે જ ભાઇ ધીમંત પુરોહીત, સહકારી ખાતાના ઉચ્ચ અધિકારી એવા ભરત જોશી, રીટાયર્ડ આસિસ્ટંટ લેબર કમિશનર મોહન મંદાણી. વાચકમિત્ર પૂનાના ડૉ જ્યોતિબહેન કારીયા અને એમનું આખું મિત્ર વર્તુળ અને એમના જ માધ્યમથી એમાં અભિનેતા અશોકકુમારના પુત્રી રૂપા ગાંગુલી  અને

એમના પતિ અભિનેતા દેવેન વર્મા અને બીજા થોડાં. બધાના નામ લખવા અહી શક્ય નથી

મારો નિવાસ બદલાવાથી માંડીને મારા વિચારો સુધ્ધાં બદલાયા છે. એ વખતે હું રેશનાલિસ્ટ હોવાનો માનસિક બિલ્લો ચિત્તમાં ધરીને ફરતો હતો પણ રેશનાલિસ્ટોના મારા અતિ કડવા અનુભવે બીજા ધાર્મિક પંથો જેવા જ એ રેશનાલિસ્ટોના સંપ્રદાયને મેં જીવતા સર્પની જેમ છાંડી દીધો અને પાકો રેશનલ પણ મારી અંગત એવી કેટલીક પ્રતીતિએ આસ્તિક બની રહ્યો. જીવન પ્રત્યેનો મારો અભિગમ બદલાયો વધુ વાસ્તવવાદી બન્યો. આંખેથી અમુક ડાબલા ઉતારી નાખ્યા ને ચોપાસ જોતો થયો.

સાહિત્યક્ષેત્રે પણ 'વીસમી સદી', 'મેઘદૂત', શાકુંતલ', 'રુસ્વા મઝલૂમી', 'જ્યુથિકા રે' અને 'પ્રકૃતિ ' જેવા માતબર કામો સ્વ નવનીતભાઇ અને ફિઝાબહેને મારી પાસે કરાવ્યાં. માતબર કિમત આપીને મારી નવલકથા "કુંતી"ના હકો અધિકારી બ્રધર્સે અને "પુષ્પદાહ" ના હકો બહેન સુશીલા ભાટીયાએ મારી પાસેથી ખરીદ્યા. થોડા હચમચાવી નાખતા બનાવો પણ બન્યા 'કુંતી'ના પાત્રની પરિકલ્પના જેના પરથી આવી તે બહેન અને મારા તે બહેન સાથેના સંયુક્ત એવા જે નક્કર ઘટનાક્રમ પરથી મારી 'કુંતી' નવલકથા રચાઇ અને જેના પરથી રાષ્ટ્રીય કક્ષાએ હિંદી સિરીયલ 'કુંતી' બની તેના સંદર્ભે મારી, નિર્માતા અધિકારી બ્રધર્સ અને પ્રકાશક આર આર શેઠ પર નેવું લાખનો બહુ ચર્ચિત દાવો તે ઉપકૃતા બહેને કર્યો અને હારી ગયાં ગયાંઅને મારી માફી માગી. જમનાદાસ કોટેચા સામે મેં બદનક્ષીનો દાવો કર્યો અને તેમાં અંતે કરગરીને તેમણે મારી ફોન પર અને અખબારોમાં માફી માગી.

પરિવારક્ષેત્રે પણ સારી એવી ઉથલપાથલ થઇ, દીકરી તર્જનીનો લગ્નવિચ્છેદ થયો અને એ હવે એની દીકરી અનુશ્રી સાથે મારી સાથે જ છે અને મારું ધ્યાન રાખે છે.

આમ 2000ની સાલની એ કેફિયત પછી બીજા અનેક નવા ઘટનાક્રમોએ આકાર લીધો છે. પરંતુ તે મૂળ કેફિયતમાં થોડા સમાર્જન પછી તેને નવેસરથી લખવાને બદલે આ અલગ પુરવણી સ્વરુપે અહી મૂકું છુ.

ઇતિશ્રી અલમ,

રજનીકુમાર પંડ્યા

29-7-2019

# હું ફીદા થયો છું

## - વાસુદેવ મહેતા

મોપાસાં અને ચેખોવ તો વિશ્વપ્રસિદ્ધ લેખક છે, પણ તેવી કલા બીજે ક્યાંય ન હોય એમ માની લેનાર કે મોપાસાં કે ચેખોવની કલાને બરાબર ઓળખતો નથી. આ રજનીકુમારની વાર્તાઓમાં એ જ કલાતત્ત્વ છે, કહો કે એનું જ નાનકડું પૂમડું છે. સૌરાષ્ટ્રની સૃષ્ટિ તેમાં છે. બીજા કોલમમાં અત્યંત સભાન લાગતા રજનીકુમાર આ વાર્તાઓમાં બિલકુલ એવા દેખાતા નથી. એમની કલા જ દેખાય છે. લાક્ષણિક તત્ત્વ ફોટોગ્રાફિક છે. સંવાદ-ઉપમા અલંકાર તથા પાત્રોના મનોદર્શન ઉપર હું ફીદા થયો છું. પીંછીની થોડામાં થોડી લીટીઓ અને લસરકાથી વાર્તા કેવી રીતે બની એ માણવા માટે બે-ત્રણ વખત વાંચી જાઉં છું.

જ્યારે ઈશ્વરની આવી મહેરૅ મળી છે, ત્યારે રજનીકુમાર બીજું શું કામ લખતા હશે? એનો વિચાર કરું છું ત્યારે રજનીકુમાર પોતે જ 'રંગબિલોરી કાચના' 'સપ્તરંગ'ની એક વાર્તા જેવા લાગે છે.

(૧૫-૦૭-૮૭)

★★ ★★ ★★

રજનીકુમાર પંડ્યાની થોડી વાર્તાઓ વાંચી ત્યારે આશ્ચર્ય થયું કે આવો લેખક એવોર્ડ કે ચંદ્રક કે સેમિનારનો વિષય હજી સુધી કેમ બની શક્યો નહિ હોય? મારા કોલમ 'અલ્પવિરામ'માં એ સવાલનો જવાબ મળ્યો કે રજનીકુમારને કેટલાક એવૉર્ડ તથા ઈનામ મળી ચૂક્યાં છે. આ વાતને દોઢેક દાયકો થયો હશે છતાં વાર્તાકાર તરીકે એમની સાચી કિંમત વિવેચકો તેમજ વાચકોએ આંકી નથી તેવો અસંતોષ રહ્યો છે. વાર્તાસંગ્રહો અને વિશિષ્ટ અંકોમાં તેમની વાર્તાઓ પસંદ થાય છે, પરંતુ સંપાદકે ક્યાં તો ન છૂટકે એ કર્યું હોય અથવા પરખ વગર સામાન્ય હરોળમાં તેમને મૂકી દીધા હોય એવું લાગે છે.

હું સાહિત્ય સર્જક નથી, પરંતુ ગુજરાતી-અંગ્રેજી વાર્તાજગતનો નિત્યપ્રવાસી છું. ટૂંકી વાર્તાનો પ્રાણ પકડવા માટે નિબંધો-મહાનિબંધો એ ક્ષેત્રના નિષ્ણાતોએ લખ્યા છે, છતાં છેવટે તો યાદગાર અનુભૂતિનો તણખો વાચકના ચિત્ત પર નિશાન મૂકી દે, કાવ્યની જેમ ક્ષણભર તેને દુનિયા જુદી લાગી જાય એ જ સાચી વાર્તા.

રજનીકુમારની વાર્તાઓ મોટે ભાગે આ કસોટીમાં પાર ઉતરે છે. એમની વાર્તા કલા તથા રસની, ચોટની દ્રષ્ટિએ ગુજરાત જ નહિ, પણ ઉત્તમ બ્રિટિશ, અમેરિકન, ફ્રેંચ, રશિયન ઉસ્તાદોની હરોળમાં સહેલાઈથી બેસે તેવી છે. કેટલીક તો ચેખોવ અને મોપાસાં જેવાની અમર કૃતિઓની કક્ષાની છે. એમનાં પાત્રોની કોઈ કોઈ લાક્ષણિકતા અને તે પણ એવી ઓચિંતી પ્રગટે ત્યારે તમાકુનો રસ પેટમાં ઉતરતા સાથે થાય છે એવો છમકાર

કેટલીક વખત એટલો પ્રબળ હોય છે કે વાંચન થોડીક વાર અટકાવી દેવું પડે છે.

તેઓ હવે વધુ લખે કે ન લખે, જે લખ્યું છે તે તેમને અન્ય વાર્તાસાહિત્યના ઉત્તમ ઈલ્મીઓની પંગતમાં મૂકી ચૂક્યું છે. વાર્તા એટલે બનાવ કે પ્રસંગ કે ઘટનાની કથા, કથાની ઈજનેરી રચના, સંવાદ, ભાષા, આરોહ, પરાકાષ્ટા, અવરોહ, અંત વગેરેનો સરવાળો, જે દરેકમાં રજનીકુમાર બેનમૂન કલાકાર છે. એમના સંવાદ ચુનીલાલ મડિયા, ગુણવંતરાય આચાર્ય, મેઘાણી વગેરે જેટલા જ સચોટ છતાં તેમાં કાંઈક વિશેષ તત્ત્વ પણ છે. અને ગમે તે વાર્તા લ્યો, ટૂંકી કે લાંબી, સમાજના ગમે તે થર, સ્તર વગેરેની હોય પણ એમાં જોરથી ધબકતો જીવ તો હોય જ.

ટી.વી.ની સિરિયલો જોતાં મને દર વખતે અફસોસ થાય છે કે બંગાળી, હિન્દી અને આસામી વાર્તાઓનું ફિલ્મી રૂપાંતર થાય છે તો રજનીકુમારની વાર્તાઓને એવું સદ્‌ભાગ્ય કેમ મળતું નહિ હોય ? ખરેખર ઉત્તમ ગયેલી સિરિયલોના જેવો ખનીજ અહીં ભંડારાયેલો છે, જેમાંથી ચાહો તેવી વાર્તા મળે તેમ છે. એમની થોડીક વાર્તાઓનું ફિલ્મીકરણ અમદાવાદ દૂરદર્શનમાં જોયેલું, પરંતુ એમની વાર્તાઓની દુર્દશા એના કરતાં વધારે કરવી મુશ્કેલ હશે એવો ખેદ થયો. ભૂપેન હઝારિકા કે સત્યજીત રોયના બરના ડાયરેક્ટર સિવાય કોઈ એમની વાર્તાઓનો ફિલ્મી અવતાર ઘડી શકે એમ નથી એ જ એ વાર્તાઓમાંનું અમર તત્ત્વ છે. એમની કૃતિઓને કોઈની સાથે સરખાવવાની જરૂર નથી. વાર્તા વાંચવાની તલબ લાગે ત્યારે રજનીકુમારની કોઈ પણ વાર્તા વાંચો. ડૂબકીમાંથી બહાર આવીએ ત્યારે સમાધી તૂટ્યા જેવું લાગશે. (૦૬-૧૦-૯૫)

☆☆ ☆☆ ☆☆

અમદાવાદ દૂરદર્શન પર 'વેવિશાળ' ફિલ્મનાં પાસાં વિષે સર્જક ઉપેન્દ્ર ત્રિવેદી તથા રસજ્ઞ રજનીકુમાર પંડ્યા વચ્ચે ચર્ચા હતી. એકજોતાં ટી.વી. વાળાએ આ જોડી બંધબેસતી પસંદ કરી હતી. રજનીકુમાર પંડ્યાની બરોબરીના વાર્તાકાર ગુજરાતીમાં તેમજ અન્ય ભાષાઓમાં બહુ જૂજ છે. એમનું એક અજબ લાગતું લક્ષણ પાત્રાલેખનમાં તેમજ સંવાદોમાં પાત્રોના લાક્ષણિક સ્નેપશોટ્સનું છે. દાયકાઓ પછી કોઈ પરિચિત અચાનક મળી ગયો હોય એમ વાચકનો લાગણી આવેશ બિંદુરૂપ બની જાય છે. જો છાપેલા વાર્તા નવલકથા સાહિત્યને તખ્તો કે ફિલ્મમાં પલ્ટાવવું હોય તો રજનીકુમારની વાર્તાઓ પ્રથમ પસંદગી છે. એમના જેવી જ બીજી પસંદગી જોસેફ મેકવાન છે.

મેઘાણીની નવલકથા હોય તો તેને ફિલ્મરૂપ આપનારે જરા ઓછી મહેનત લેવી પડે. રજનીકુમાર પંડ્યાની વાર્તાઓની જેમ મેઘાણીની નવલકથા વાંચતો વાચક કલ્પનાપ્રધાન હોય તો કથા તેના ચિત્તમાં સળંગ નાટકરૂપે દેખાયા કરે. સવાલ એ છે કે, આમ છતાં મેઘાણી કે રજનીકુમાર કે ધૂમકેતુની વાર્તાઓનાં ટી.વી.કરણ કેમ સંતોષ છલકાવી દે તેવાં બન્યાં નથી કે બનતાં નથી ?

(૨૬-૦૨-૯૭, 'સંદેશ')



# ફ્લેશબેક

## - ઉર્વીશ કોઠારી - બિરેન કોઠારી

રજનીકુમારનું પ્રિય વાક્ય 'ટ્રુથ ઈઝ સ્ટ્રેન્જર ધેન ફિક્શન' તેમનાં લખાણો જેટલું જ તેમની પોતાની જિંદગી માટે પણ સાચું છે. તેમનું અત્યાર સુધીનું સમગ્ર જીવન નાટ્યાત્મક ઘટનાઓની ભરમાર જેવું રહ્યું છે. 'ઝબકાર'નાં સાચુકલાં છતાં અજબગજબ લાગે એવાં પાત્રોની માફક રજનીકુમાર ખુદ પણ 'ઝબકાર' માટેનું એક સશક્ત દાવેદાર કેરેક્ટર છે ! તેમની અત્યાર સુધીની જીવનકથા 'ઝબકાર'ની આખી લેખમાળાનો- બલ્કે એક દળદાર નવલકથાનો મસાલો છે. તેમાં વધારાનો કોઈ રંગ પૂરવામાં ન આવે તો પણ ભારોભાર વાર્તાતત્ત્વ અને ભરપૂર ચડાવઉતાર વાર્તાને 'સુપરહીટ" બનાવી શકે એમ છે. આ 'સત્યકથા'ના મહત્ત્વપૂર્ણ, યાદગાર અને સૂચક પ્રસંગોમાંથી કેટલાકનું અહીં આલેખન કરવામાં આવ્યું છે. રજનીકુમારનાં વિવિધ લખાણોના સંદર્ભ લઈને રજૂ કરાયેલા આ પ્રસંગોમાંથી તેમની જિંદગી અને તેમની પ્રકૃતિની અનેક અજાણી-ઓછી જાણીતી વાતો મળી રહેશે. આ બનાવોની રજનીકુમારના સર્જન અને વ્યક્તિત્વ પર થયેલી અસરના નિર્દેશો સ્નેહીઓ-વાચકો સુધી પહોંચશે તો આ આલેખનનો હેતુ સફળ થયો ગણાશે.

ઈ.સ. ૧૯૩૮ની છઠ્ઠી જુલાઈ. મેમણોના સખાવતી દવાખાનામાં સેવા આપતાં લેડી ડોક્ટર મિસ બોન્ડ માટે તેડું હતું. એક હિંદુ અમલદારની પત્નીને પ્રસૂતિની પીડા ઉપડી હતી. અમલદાર હાંફળાંફાંફળાં પોતાના મેમણ દોસ્તની મોટર લઈને આવી પહોંચ્યા હતા. મિસ બોન્ડ તેમની સાથે જવા તૈયાર થયાં એવામાં ગામના એક મેમણ વેપારી આવ્યા. તેમની બીબીને પણ પ્રસૂતિની પીડા ઉપડી હતી. એની સ્થિતિ પણ ગંભીર હતી. ટ્રસ્ટનો નિયમ હતો કે હિંદુ અને મુસ્લિમ બન્ને કેસો ઇમરજન્સીવાળા હોય ત્યારે મુસ્લિમ દર્દીને ત્યાં પહેલાં જવું. હવે ?

હિંદુ અમલદારે મિસ બોન્ડને બહુ વિનંતી કરી, આંખમાં આંસુ સાથે આજીજી કરી, પણ નિયમ એટલે નિયમ. અમલદારે સાવ હારીને મિસ બોન્ડને પૂછ્યું, 'એની ચાન્સ ઑફ યોર ફર્સ્ટ વિઝિટિંગ માય પ્લેસ ?' લેડી ડૉક્ટરે ચહેરા પર દિલગીરીનો ભાવ લાવીને કહ્યું, 'સૉરી! નો ચાન્સ વૉટસોએવર. તમારે ત્યાં હું પછીથી આવીશ.'

વિલંબનો અર્થ હતો પત્ની અને બાળકનું મૃત્યુ. આ કલ્પનામાત્રથી ભાંગી પડેલા હિંદુ અમલદાર હતાશાથી ગાડીમાં બેઠા. એવામાં મેમણ દર્દીને ત્યાં જવા નીકળેલાં મિસ બોન્ડ દવાખાનામાંથી બહાર નીકળ્યા. મેમણ વેપારીની ગાડી દવાખાનાના બીજા દરવાજે ઊભી હતી અને હિંદુ અમલદારની ગાડી આગળના દરવાજે. એ જ દરવાજેથી બહાર નીકળેલાં મિસ બોન્ડ હિંદુ અમલદારની ગાડીના મેમણ ડ્રાઇવરને જોઈને ઝાઝી તપાસ વિના ગાડીની પાછળની સીટ પર બેસી ગયાં. મેમણ ડ્રાઇવરની જોડે બેઠેલા હિંદુ અમલદાર માટે એ સુખદ આશ્ચર્ય હતું ! એમણે ડ્રાઇવરની હથેળી દાબી અને ગાડી સીધી તેમના ઘરે જઈને ઊભી રહી.

પછીની વાત બહુ ટૂંકી છે. પોતાને ગેરસમજણ થઈ છે તેની જાણ થયા પછી મિસ બોન્ડ ધૂંધવાયાં હશે, હિંદુ અમલદારને ઠપકો પણ આપ્યો હશે, છતાં નજર સામે કણસી રહેલી સ્ત્રીને જોઈને તેમણે બેગ ખોલીને સારવાર શરૂ કરી દીધી હશે. એક મિનિટનું પણ મોડું થયું હોત તો માતા અને બાળક- બન્નેનો ખેલ ખલાસ હતો, પરંતુ મિસ બોન્ડની ગેરસમજણના પ્રતાપે 'નો ચાન્સ વૉટસોએવર' વાળાં બન્ને બચી ગયાં.

એ હિંદુ અમલદાર દેવરામભાઇ પંડ્યા અને હીરાલક્ષ્મીબેનનો સુખદ અકસ્માતને લીધે ઉગરીને સુખરૂપ અવતરેલો પુત્ર એટલે રજનીકુમાર પંડ્યા.

★★ ★★ ★★

લેડી ડૉક્ટરની ઉતાવળને કારણે બાળકનો જીવ બચી ગયો, પણ તેનો જમણો હાથ ભાંગ્યો હતો. ત્યાં સોજો આવી ગયો અને પરિસ્થિતિ એટલી ખરાબ થઈ કે છઠ્ઠીનું ઝભલું પહેરાવી ન શકાય. ઘરમાં બા-બાપુજી, દાદા-દાદી અને નાની બહેનો સુધ્ધાં રડે. છેવટે ગામના એક પઠાણ ઉસ્તાદ બંદૂકીયાએ જમણા હાથનો કડાકો બોલાવીને મલમપટ્ટો લગાડી આપ્યો અને આશ્વાસન-કમ આશીર્વાદ ઉચ્ચાર્યા, 'બહેન, રડ મા. તારો આ છોકરો જમણા હાથે ઘણાં સારાં કામ કરશે. હું ઉસ્તાદ બંદૂકીયો બોલું તે સાચું જ હોય.'

રજનીકાંત ઉર્ફે રંજુની ઉંમર માંડ બે મહિના હશે ત્યારે ઘરમાં લગ્નપ્રસંગ હતો. મહેમાનો આવ્યા હતા. એમાં રંજુ હેરાન ન કરે એટલા માટે બાએ તેને અફીણની ગોળી પાઇ. આ વાતથી અજાણ તેમની બહેને થોડી વાર પછી રંજુને બીજી ગોળી પાઇ. ત્યાર પછી રંજુએ નસકોરાં બોલાવવાનાં શરૂ કર્યાં. પિતાજીના ખૂબ ઢંઢોળ્યા પછી પણ રંજુની આંખ ન ખૂલી. સ્ટેટના સરકારી ડૉક્ટરને બોલાવ્યા, પણ એ કહે, 'પોલીસને જાણ કરો, પછી હું કેસ હાથમાં લઉં.' ત્યાર પછી ખાનગી ડૉક્ટર હરિભાઇ અડાલજાને બોલાવ્યા. એ વખતે બે માસના રંજુ અને મરણ વચ્ચે બહુ છેટું હોય એવું લાગતું ન હતું. ડૉક્ટરે આખી રાતનો ઉજાગરો વેઠીને સતત દવા, ઇંજેક્શન અને ગરમ કોફીનો ડોઝ ચાલુ રાખ્યો. છેવટે સવારે નવ વાગ્યે રંજુની આંખ ખુલી. તેને ડૉક્ટર તરફથી નવા જીવન ઉપરાંત નવું નામ મળ્યું : 'અફીણીયો'.

(જોગાનુજોગે, પોતાના પુત્રથી તંગ આવી ગયેલા ડોક્ટર અડાલજાએ પાછલી ઉંમરમાં અફીણ ખાઇને આપઘાત કર્યો હતો!)

★★ ★★ ★★

રજનીકુમારના જન્મના દોઢેક વર્ષ સુધી દેવરામભાઈની નોકરી જેતપુરમાં હતી. ત્યારની ધૂંધળી યાદોમાં એક યાદ 'સંદેશ' પેપરની પણ ખરી. ગામમાં બપોરે ચાર વાગ્યે 'સંદેશ' આવતું હતું. એક આનો તેની કિંમત. રંજુના દાદા આતુરતાથી 'સંદેશ'ની રાહ જોતા ઓસરીમાં ભીંતના ટેકે ઊભા ગોઠણ કરીને બેઠા હોય. ફેરિયાની બૂમ સંભળાતાં જ રંજુના હાથમાં એક આનો પકડાવીને તેને 'સંદેશ'ની નકલ લેવા મોકલતા. આ ઘટનાક્રમના ચાર દાયકા પછી સંદેશના પાને 'ઝબકાર' દ્વારા 'રંજુ' રજનીકુમાર પંડ્યા તરીકે બહોળી લોકપ્રિયતા અને પ્રસિદ્ધિ મેળવવાનો હતો.

★★ ★★ ★★

પિતાજી દેવરામભાઈ પંડ્યા બ્રિટિશ સરકારના અમલદાર હોવાથી ઘરમાં પૂરેપૂરો સાહ્યબીનો માહોલ હતો. બે ઘોડાની બગી, પસાયતા-પગી-પટાવાળાની ચોવીસ કલાકની સેવા— આવી જાહોજલાલીમાં ૧૯૪૫માં 'સાહેબના દીકરા' રજનીકાન્ત ઘરથી ત્રીજી ગલીમાં આવેલી નિશાળે ભણવા બેઠા. પહેલા દિવસે 'ભાઈ' (પિતાજી) સાથે બે ઘોડાની બગીમાં રંજુ નિશાળે પહોંચ્યો ત્યારે ખુદ હેડ માસ્તર દરવાજે આવકારવા ઊભા હતા! પિતાની આંગળી પકડીને તે ક્લાસમાં પહોંચ્યો. આખા ક્લાસમાં બે જ ખુરશીઓ હતી : એક માસ્તર માટે અને બીજી 'સાહેબના દીકરા' માટે ! એમાં રંજુ માટેની ખુરશી ચડિયાતી અને પાથરણાવાળી હતી.

સાંજે સ્કૂલ છૂટ્યા પછી બગીમાં ઘેર પહોંચેલા રંજુને માતાએ સહજતાથી કહ્યું, 'તને નિશાળેથી મૂકીને આવીને તારા ભાઈ (પિતાજી) શું રડ્યા છે ! શું રડ્યા છે!' સંતાન સાથેની એકાત્મતા અને તેના વિયોગની વેદનાનો આ કિસ્સો સમયની સાથે

ભૂલાઇ ગયો, પણ તેની છાપ રજનીકુમારના મનમાં કેવી સજ્જડ ઝિલાઇ હશે તેનો અહેસાસ એ ઘટનાનાં બરાબર એકતાલીસ વર્ષ પછી થવાનો હતો— જ્યારે નાનકડી પુત્રી તર્જનીને સ્કૂલે મૂકવા જતી વખતે 'કદી ન રડી શકવાનો અભિશાપ ધરાવનારા' રજનીકુમારની આંખોમાંથી આંસુ પેટાળ ફાડીને ફૂટી નીકળવાનાં હતાં.

★★ ★★ ★★

દેવરામભાઈએ મેનેજરીનાં ત્રણેક વર્ષ ચરખા-બાબરામાં વીતાવ્યાં હતાં. ચરખાના કુંવર રાવતવાળા એ વખતે સગીર હતા અને રંજુ સાથે સ્કૂલમાં ભણતા હતા. તેમને બે આનાની નોટબુક જોઈતી હોય તો પણ મેનેજર પાસે મંજૂરી માગવી પડે, એવી અગાઉના મેનેજરોની જોહુકમી અને કુંવરનું ઓશિયાળાપણું હતું. એવી સ્થિતિમાં રંજુના દોસ્ત બની ગયેલા રાવતવાળાએ શિયાળાની ઋતુમાં એક વખત હિંમત કરીને કહ્યું, "બહુ ટાઢ વાય છે. મારે એક સ્વેટર લેવું છે અને અડદિયા પણ ખાવા છે. સાહેબને(દેવરામભાઇને) કહોને કે મારો ખર્ચ મંજૂર કરે !"

રંજુએ આ વાત દેવરામભાઈને કરી એટલે તેમણે બીજા જ દિવસે રાવતવાળાને બોલાવ્યા અને અતિશય લાગણીસભર-આર્દ્ર સ્વરે સમજાવ્યા કે આ રાજ્ય તમારું જ છે, હું તો તેનો ચોકીદાર છું. દેવરામભાઈના બધા શબ્દોનો અર્થ રાવતવાળા સુધી પહોંચ્યો નહીં હોય, પણ તેની પાછળ રહેલી ભાવનાની છાલક પહોંચી ગઈ હતી. પોતાના જેવા બાળક સાથે એક દમામદાર અમલદાર આ રીતે નીચા નમીને વાત કરે, એ ન મનાય એવી વાત હતી! રજનીકુમારે લખ્યું છે, "જીવનની કોઈ તડકી-છાંયડીમાં દરબાર આ પ્રસંગને અવશ્ય નહીં વિસર્યા હોય. હું પણ. હાથમાં આવી પડતી સત્તા- પછી તે પદને કારણે હોય, કલમને કારણે હોય કે પ્રેમભાવને કારણે કોમળપણે સોંપાયેલા સૂત્રની હોય, કદી પણ મનમાં મદ પ્રગટાવી શકતી નથી. મદથી મને સદંતર મુક્તિ નથી. દાબો પણ નથી. પણ એના ભલે કમજોર પણ જીવતા રહેલા પગોમાં સજ્જડ બેડી મારા પિતાએ નાખી આપી છે. એટલે એ લાંબું ચાલી શકતો નથી. તરત જ છોલાઇને જમીનદોસ્ત થઈ જાય છે."

★★ ★★ ★★

ચરખાના આહિર નારણભાઈ ભોજાભાઈ ડવ બીજા-ત્રીજા ધોરણમાં રજનીકાન્તની સાથે બેસીને ભણ્યા હતા. એ વાતના પાંચ દાયકા વીતી ગયા પછી 'ફૂલછાબ'માં રજનીકુમારના લેખો વાંચીને નારણભાઈએ રજનીકુમારને પત્ર લખ્યો : તમે એ જ રંજુભાઇ ? મેનેજરશ્રી દેવરામભાઇ પંડ્યાના દીકરા ? મારી સાથે ચરખા ગામની નિશાળમાં ભણ્યા હતા એ ? તમે લેખક થઈ ગયા ? તમે જો એ જ હો તો મારે ઘેર મહેમાનદાખલ આવો...'

'આ પત્ર મારા હાથમાં આવ્યો એ ક્ષણે મારી સમગ્ર હયાતીમાં એક હળવો પ્રકંપ

જન્માવી દીધો.' રજનીકુમારે લખ્યું છે, 'બીજી અનેક વાતો ઉપરાંત એ પણ યાદ આવી ગયું કે મારાથી સાત વર્ષ નાનો એક અગિયાર માસનો નાનકડો ભાઈ ભૂપેન્દ્ર અમે ચરખામાં જ ટૂંકી આંચકીની ગંભીર માંદગીમાં ખોઈ દીધો હતો. અને મારા પિતા કેટલાક ડાઘુઓ સાથે એને બાબરા-ચરખાની સડક પર કોક ગાળે દાટી આવ્યા હતા. સડકની સાવ કોરાણે જ હશે-માથે એક પીપળાનું વૃક્ષ વાવી દીધું હતું- પાછળથી હું એમની જોડે ગાડામાં પસાર થયો હતો ત્યારે ત્રણેક વેંતઊંચો એ છોડ મને એમણે બતાવ્યો હતો. આજ એ પીપળો કેવડો હશે? ભાઇ જીવતો હોત તો પૂરો પડછંદ હોય એમ એ પણ ઘેઘૂર હશે ? મન દોડીને ત્યાં પહોંચવા તલપાપડ થઇ ગયું.'

મોકો મળતાં જ રજનીકુમાર ચરખા પહોંચી ગયા. ત્યાર પછીની અનુભૂતિ તેમના જ શબ્દોમાં : 'પાદરમાં પહોંચ્યા ત્યાં તો એ શિશુવયમાં માણેલી અમારા અમલદારી ઘરની આગળના બગીચાની ગુલાબની સુગંધથી આખું મારું અસ્તિત્વ ફોરી ઉઠ્યું. બગીચો ? હવે ક્યાં હતો ? નારણભાઇએ ફેરવી ફેરવીને અમને અમારું જૂનું ઘર બતાવ્યું... અમને એ બાદશાહી ઠાઠ ભોગવવાને ભાગ્યશાળી બનાવનાર માતા-પિતા પણ નહીં હોવાના શોકથી મન ભારે ભારે થઇ ગયું.'

પાછળથી નારણભાઇ ડવ લખે છે, "આપ જ્યારે ચરખા આવ્યા ત્યારે મારો પૌત્ર ઘોડિયામાં સૂતો હતો. તેને તમે આપણી ગામઠી ભાષામાં કડિયાના પૈસા આપ્યા ત્યારે તેનું નામ પાડેલું નો'તું. તે દિવસથી આપની યાદ કાયમ રહે માટે તેનું નામ ઘરવાળાંએ 'રજની' પાડી દીધું."

☆☆ ☆☆ ☆☆

ચરખાની નાનકડી સ્કૂલમાં એક માસ્તરની દીકરી હંસા રંજુના ક્લાસમાં ભણતી હતી. તેના કુટુંબની સ્થિતિ સાવ સામાન્ય. છોકરીને પગમાં ચપ્પલનાં પણ ઠેકાણાં નહીં. એક દિવસ બળબળતા ઉનાળામાં સ્કૂલ છૂટ્યા પછી હંસાએ રંજુને કહ્યું, 'રંજુભાઇ, મારા તો પગ બળે છે. તમારું ઘર તો સાવ ઢૂંકડું છે. તમે તો હમણાં ઠેકડો મારીને વયા જાશો. મારું ઘર બહુ આઘું છે. ઠીક છે- હાલી જઇશ છાંયે છાંયે.'

આ સાંભળીને રંજુએ પગમાંથી પોતાના ચપ્પલ કાઢીને એને આપી દીધા. ખુશખુશાલ હંસા ઘેર પહોંચી એટલે એની માએ પૂછ્યું, 'આ ચપ્પલ ક્યાંથી લાવી ?'

'સાહેબના દીકરાએ દીધા. મારા પગ બળતા હતા એટલે.' હંસાએ જવાબ આપ્યો.

બીજી તરફ, ઘરે પહોંચેલા ઉઘાડપગા રંજુને તેની બાએ પૂછ્યું, 'તારા ચપ્પલ ક્યાં ?'

સાચું બોલવાથી બા ધખે એમ વિચારીને રંજુએ કહ્યું, 'એ તો ખોવાઇ ગયા.'

દીકરો નવા ચપ્પલ ખોઇ આવ્યો એટલે બા ખિજાયાં. બધે તપાસ કરી. એવામાં હંસાનાં બા આવ્યાં અને કહે, 'જુઓ બા, આ હંસલી ચપ્પલ પહેરીને આવી-ભાઇએ દીધાં છે-ચોરી નથી કરી-બિચારીએ કબૂલાત કરી દીધી.'

તેમના ગયા પછી બા-બાપુજીએ રંજુને ઠપકો આપ્યો, 'તું જૂઠું કેમ બોલ્યો? હંસલીને દીધા છે એવું કેમ ન કહ્યું?'

રંજુએ નિર્દોષતાથી કહ્યું, 'તમે ખિજાવ નહીં એટલા માટે. મને દયા આવી હતી- બહુ તડકો હતો, એટલે મેં ચપ્પલ આપી દીધા.'

★★ ★★ ★★

રજનીકુમારનાં ત્રણ ભાઈબહેનો : સૌથી મોટાં મુક્તાબહેન, બીજા નંબરે કમળાબહેન, ત્રીજા ઇન્દુભાઈ અને સૌથી નાના રજનીકુમાર. કમળાબહેન અને રજનીકુમાર વચ્ચે દસ વર્ષનો તફાવત, જે નાનપણમાં બહુ મોટો લાગે. કમળાબહેન નાના રંજુને ચોટલી પાડીને માથું ઓળી આપે. પાળેલી બિલાડી સાથે રંજુને બાબાગાડીમાં બેસાડીને બિલાડી સાથે તેનાં લગ્ન કરાવે, લગ્નગીતો ગાય.

એ દિવસોનું કમુબહેન સ્વાદપૂર્વક બયાન કરે છે, 'ભાઈ(રંજુ)નો સ્વભાવ પહેલેથી શાંત. એને રમકડું જો'તું હોય તો પણ જતું કરી દે. પહેલેથી જ એ ખમી ખાય. હા, એને જેવું-તેવું રહેવું ન ગમે. પહેલાં તો છ આનામાં 'હમામ' સાબુ આવતો. તેનાથી આખા દિવસમાં બે-ચાર વાર એ મોઢું ધુએ. નવાં કપડાંનો પણ તેને ખૂબ શોખ. એક વાર બાપુજીએ ખમીસ કરાવ્યું ત્યારે 'મારું ખમીસ કેમ ન કરાવ્યું ? ' એમ કહીને રંજુએ ભેંકડો તાણ્યો હતો. 'તમને આ ખમીસ પહેરવા ન દઉં- હું જ પહેરું' એવી જિદ્દ કરીને પોતે બાપુજીનું ખમીસ પહેર્યું, પણ એ તો એના પગમાં અટવાય. બધાની સમજાવટ પછી એણે જિદ્દ મૂકી.'

ફિલ્મો જોવાની નવાઈ હતી ત્યારે રજનીકુમાર અને ઇન્દુકુમાર કેવી તરકીબ અજમાવતા હતા, એ પણ કમુબહેનને બરાબર યાદ છે. "બન્ને જણ સિનેમાની નકામી રીલનાં ફિંડલાં લઇ આવે. ઘરનું રસોડું એમનું થીએટર. ત્યાં અંધારું કરીને બેટરીના અજવાળામાં સિનેમાનો પટ્ટો રમકડાના મશીન પર ચડાવે. ઇન્દુભાઈ ફિલ્મ ચલાવે, પણ કંઇક ગાવું તો જોઇએ ને! મૂંગી ફિલમ થોડી ચાલે? એટલે રંજુ ડબ્બામાં મોઢું નાખીને ગાય, 'લે હિંમતસે કામ કર લે બંદે, જીવન હૈ સંગ્રામ' અને અમે બધાં જોઇએ. પાડોશનાં છોકરાં આવે તો કહે, 'આ તો રંજુ ગાય છે- કંઇ રેડિયો નથી !' એ વખતે ઇન્દુભાઈ કહેતા, 'રેડિયો જ મૂક્યો છે. બેસ છાનોમાનો જોવું હોય તો.' પાંચ કોડીમાં આ 'પિક્ચર' જોવાનું. એ પૂરું થાય પછી બન્ને ભાઈઓ ચર્ચા કરે. ઇન્દુભાઈ કહે, 'રંજુ તારે ડબ્બામાં ગાવું, પણ લૂગડું ઢાંકીને ગાવું- ખબર ન પડવી જોઇએ કે ડબ્બામાં તું ગાય છે.'

ગીતો અને ફિલ્મો સાથે રજનીકુમારનો અતૂટ નાતો જેતપુરથી જ આરંભાયો. જેતપુરમાં બે ટૉકીઝ : ડાયમન્ડ અને કેપિટલ. જિંદગીનું સૌથી પહેલું પિક્ચર 'રામરાજ્ય' રજનીકુમારે 'ડાયમન્ડ'માં જોયું. એ જ અરસામાં આવેલી 'પન્ના' ફિલ્મ તેમણે થર્ડ ક્લાસમાં બેસીને જોઈ હતી. તેનું ગીત 'હિંમતકો મત હાર, મુસાફિર' રજનીકુમારના

મનમાં શબ્દશઃ અને તર્જશઃ છપાઈ ગયું. વર્ષો પછી એ ફિલ્મના હીરો જયરાજ સાથે રજનીકુમારનો અંગત સંબંધ સ્થપાવાનો હતો અને બીજાં અનેક ગીતો આ જ રીતે તેમના મનના પટારામાં શબ્દશઃ-તર્જશઃ અંકાતાં રહેવાનાં હતાં.

☆☆ ☆☆ ☆☆

શાળામાં રંજુની છાપ હોશિયાર વિદ્યાર્થી તરીકેની હતી. ક્લાસના મોનિટર જુસબ અને રજનીકાંતના માથે ચાલુ પીરિયડે ઊંઘતા સાહેબની ચોકીદારી કરવાની જવાબદારી હતી. હેડ માસ્તર ચક્કર મારવા નીકળે ત્યારે 'ચોકીદારો' સાહેબને જગાડી દેતા હતા. એક વખત વિચારે ચડી ગયેલા રજનીકાન્તને હેડ માસ્તરના આગમનનું ધ્યાન ન રહ્યું અને સાહેબને હેડ માસ્તરનો ઠપકો સાંભળવો પડ્યો. છંછેડાયેલા સાહેબે હેડમાસ્તરના ગયા પછી કહ્યું હતું, 'રજના, બેવકૂફ. તે મને મરવી નાખ્યો.' આ જ સાહેબ ખુશ થાય ત્યારે 'રજના'ને રજનીકાન્ત કહેતા હતા.

જેતપુરના બીજા એક શિક્ષક રઘુનાથ દવે પાંચમા ધોરણમાં રજનીકાન્તના ક્લાસટીચર હતા. વર્ષો પછી એક વખત જેતપુર ગયેલા રજનીકુમાર સાથે તેમની મુલાકાત થઇ ત્યારે તેમણે કહ્યું હતું, 'મારા જેવો નસીબદાર કોણ ? પહેલાં હું તને ભણાવતો હતો. હવે તારી લખેલી વાર્તા હું અગિયારમા ધોરણના પાઠ્યપુસ્તકમાં ભણાવું છું.'

સારું ચિત્રકામ કરતો રજનીકાન્ત ચિત્રશિક્ષક ગિરીન જોષીનો પ્રિય વિદ્યાર્થી હતો. એટલે જ એક દિવસ તેણે અપેક્ષા મુજબનું કામ ન કરતાં ગિરીનભાઇએ રજનીકાન્તને જમણા ગાલે એક થપ્પડ ઝીકી દીધી હતી. અલબત્ત, પસ્તાવો થતાં તેમણે તરત હળવેથી ચૂમી લીધું હતું. પચ્ચીસ વર્ષના ગાળા પછી બેંક મેનેજર રજનીકુમારનું પોસ્ટિંગ જામનગર થયું ત્યારે ગિરીન જોષી સાથે ફરીથી મુલાકાત થઇ અને સંબંધના નવા તાણાવાણા ગૂંથાયા. ગિરીન જોષીએ પોતાના પહેલા કાવ્યસંગ્રહની પ્રસ્તાવના લખવાનું કહ્યું ત્યારે રજનીકુમારને ભારે સંકોચ થતો હતો. છેવટે, ગુરુ ગિરીનભાઇએ 'ધમકી' આપી, 'ડાબો ગાલ હજુ બાકી છે- નહીં લખે તો...'

☆☆ ☆☆ ☆☆

રંજુ માંડ સાત વર્ષનો હતો ત્યારે સૌથી મોટાં મુક્તાબહેનનું બીજી સુવાવડમાં અવસાન થયુ. એટલે ભાઈભાંડુઓમાં સૌથી મોટાં રહ્યાં કમળાબહેન. તેમની સગાઈ અને લગ્ન એ જમાનાના રિવાજપ્રમાણે વહેલાં થઇ ગયાં, ત્યારે રંજુની ઉંમર માંડ દસ વર્ષની હતી. કમુબહેનના પતિ કમાતા ન હોવાથી પગભર થવાનું તેમના માથે આવ્યું. તેમનો મોટી ઉંમરે ભણવા જતાં સંકોચ થતો હતો. તેમનાથી દસ વર્ષ નાનો રંજુ સ્કૂલમાં તેમનાથી બે-ત્રણ ધોરણ આગળ ભણતો હોય એવું બનતું. એ સંજોગોમાં ફળિયામાં રહેતા એક શિક્ષક ઉપરાંત રંજુએ કમળાબહેનને ટ્યુશન આપવાનું શરૂ કર્યું. ત્યારે ભાઈબહેન વચ્ચેની ભણવાના મુદ્દે થતી ગરમાગરમીની વાતો અત્યારે કમુબહેન-રજનીકુમાર

પાસેથી સાંભળતાં તેમાં રહેલી લાગણીની ભીની સુગંધ સ્પર્શી જાય છે. "મને ત્રિરાશીના દાખલા ન આવડે. રંજુ મને શીખવાડે, પણ મારા મગજમાં કેમે કરીને એ બેસે નહીં. ચીડાયેલો રંજુ કહે, "શું નથી આવડતું ?" એટલે હું એને કહું, "તું તો મારાથી નાનો છે. તું મને શું દબાવે ? જા, નહીં આવડે. તું શું કરી લઈશ? " એમ પાટીની ખેંચાખેંચી ચાલે. સવારમાં વહેલાં ઉઠ્યાં હોઈએ. પૂરી ખાતાં જઈએ અને ભણતાં જઈએ. હું એને કહું, "તું તો લેસન કરાવવા નથી ઉઠતો-પૂરી ખાવા ઉઠે છે અને મને ખોટો ખોટો દાખલો ગણાવે છે." અમને બન્નેને ઝઘડતાં જોઇને બાપુજી રંજુને કહે, "શું કરવા અત્યારમાં ઝઘડો છો ? તું એને શાંતિથી શીખવ." રંજુને એમ કે આમને કેમ આવડે નહીં ? એમ કરતાં એણે મારા મગજમાં ત્રિરાશી એવી બેસાડી દીધી છે કે અત્યારે પણ ફટ દઈને દાખલો કરી દઉં-સોમાંથી સો માર્ક લઈ લઉં."

દસથી પંદર વર્ષની ઉંમર દરમ્યાન સ્કૂલના એક શિક્ષકના સૂચનથી રંજુએ (આર.એસ.એસ.ની) શાખામાં જવાનું શરૂ કર્યું. કસરત કરવાનો મહાવરો નહોતો, પણ મોટાભાઈ ઇંદુકુમાર સાથે તે સાંજે છ-આઠ કિલોમીટરનું ચક્કર મારી આવતો. શાખામાં જોડાયા પછી ખાખી ચડ્ડી-સફેદ શર્ટ-હાથમાં લાઠી શાખાના કાર્યક્રમોમાં જવાનુ થતું.. તેમાં રંજુએ થોડા વર્ષોમાં સારી પ્રગતિ સાધી અને આગળના હોદ્દે પહોંચ્યો, પણ અભ્યાસ માટે બહારગામ જવાનું થતાં શાખા છૂટી ગઇ.

★★ ★★ ★★

આઝાદી પછી દેવરામભાઈનો રાજસી ઠાઠમાઠ ભૂતકાળ બની ગયો. સૌરાષ્ટ્ર સરકારે તેમને નોકરીમાં સમાવી લીધા, પણ ક્યાં રજવાડાંના વહીવટદાર તરીકેનો પ્રભાવ અને ક્યાં ડેપ્યુટી કલેક્ટરના શિરસ્તેદારનો હોદ્દો! આ ફેરફારથી દેવરામભાઈનું તેજ ગયું, પણ તેમનું તત્ત્વ અકબંધ હતું. નિવૃત્તિ પછી તેમણે ગોરપદાનો પરંપરાગત વ્યવસાય કરી જોયો, પણ માફક ન આવ્યો. ચૂલો સળગતો રાખવા માટે અરજી લખવાનું કામ સ્વીકાર્યું અને છેલ્લે સુધી ચાલુ રાખ્યું.

પોતાની સાહ્યબીના જમાનામાં તેમણે હલીમા ડોશીને બસો રૂપિયા ધીર્યા હતા. મહિને બે રૂપિયા વ્યાજ ઠરાવ્યું હતું. ક્યારેક વ્યાજ ચડી જાય ત્યારે રંજુ પણ ઉઘરાણી કરવા જતો હતો. વર્ષો સુધી આવો ક્રમ ચાલ્યા પછી એક દિવસ હલીમા ડોશી આવ્યાં, ત્યારે દેવરામભાઈએ પૂછ્યું, "હલુબેન, ક્યાં સુધી આમ ચલાવવું છે ?" જવાબની અપેક્ષા વગર આ પ્રશ્ન પૂછાયો હતો, એટલે જવાબની રાહ જોયા વિના તેમણે કહ્યું, "જાઓ, આજથી તમારું આ દેવું માફ છે." અને હલુડોશીની નોંધ-અંગૂઠાની છાપવાળું પાનું તેમણે ચીરેચીરા કરી નાખ્યું. બાજુમાં બેઠેલા રંજુના માનસ પર આ પ્રસંગ અંકાઇ ગયો. પાછળથી આ પ્રસંગને- આ ક્ષણને તેમણે "પિતાએ આપેલી એક અણમોલ ભેટ" તરીકે ઓળખાવી હતી !

"એ ક્ષણ મારી જિંદગીમાં રૂપાંતરે, ઘટનાંતરે ભજવાયા જ કરે છે. ક્યારેક હું

બાપુજીના પાત્રમાં, ક્યારેક મારા જ પાત્રમાં ને ક્યારેક હલીમા ડોશીના પાત્રમાં હોઉં છું. ક્યારેક ક્યાંક બીજા ભજવાતું એ દ્રશ્ય હોય છે ત્યારે માત્ર દ્રષ્ટાભાવે પણ એને જૂના સંદર્ભે સંવેદી લઉં છું. પણ સમગ્રપણે એ ક્ષણ મનુષ્યની મનુષ્યતાના અર્કરૂપે મારા હૃદયના તળિયે ઠરી ગઇ છે."

★★ ★★ ★★

દસ-અગિયાર વર્ષની ઉંમરે રજનીકુમારના પરિવારમાં એક પોપટના બચ્ચાનો ઉમેરો થયો. થોડા વખત પછી એ પોપટી ગળું ફૂલાવીને બોલતી થઇ એટલે રંજુનાં બહેને તેનું નામ પાડ્યું : ગેઢી. ઘરના સભ્યો વચ્ચે રહીને ગેઢી રંજુનું નામ રટતાં શીખી ગઇ. બહારથી રજનીકુમાર ઘરમાં આવે એટલે તરત પોપટી 'રંજુ, રંજુ' બોલવા લાગતી. ઘરના બાકીના સભ્યો પાંજરામાં આંગળી નાખે ત્યારે તોફાની ગેઢી બચકું ભરતી હતી, પણ રંજુ આંગળી ધરે ત્યારે તે નરમઘેંસ થઇ જતી હતી. આંખો બંધ કરીને સમાધિમાં ઉતરી જતી હોય એમ ગરદનને ખૂબ નીચે નમાવી, ચાંચ ઊંચી કરીને ગળામાંથી ધીમો મીઠો ધ્વનિ કાઢતી. એ નમેલી ગોળાકાર ગરદન પર રંજુ ધીમેથી આંગળી ફેરવતો અને એ સાવ આંખો બીડી દેતી હતી.

જેતપુર છોડીને કોલેજમાં ગયા પછી વેકેશનમાં રજનીકુમાર મોડી રાતે ઘેર પહોંચે ત્યારે તેમના અવાજ માત્રથી ગેઢી 'રંજુ'નો ટહુકો કરી ઉઠતી હતી. નોકરીની ધમાલમાં રજનીકુમારનું જેતપુર આવવાનું ઓછું થતું ગયું. એક વાર એ બહારગામથી આવ્યા ત્યારે ખબર પડી કે ગેઢી ઉડી ગઇ છે. સૌએ અપરાધભાવથી રજનીકુમારને આ વાત કરી. થોડી બેચેની સાથે રજનીકુમાર ઘરની બહાર નીકળ્યા અને થોડે દૂર પહોંચ્યા હશે ત્યાં અચાનક ટહુકો સંભળાયો : 'રંજુ'. એ અવાજ સાંભળીને રંજુએ અજાણ્યા ઘરમાં ડગ માંડ્યાં. જોયું તો ગેઢી ત્યાં પિંજરે પુરાયેલી હતી. રંજુને જોઇને તે ફરી એક વાર સમર્પિત થઇ ગઇ. ત્યાર પછી તેનો નવો માલિક એને પાછી સોંપવાની આનાકાની કરી શક્યો નહીં.

રજનીકુમારની ગેરહાજરીમાં હેરાન-પરેશાન-લોહીલુહાણ કરતી ગેઢીને વગડામાં છોડી આવવા માટે એક વખત દેવરામભાઇએ ઘોડાગાડી ભાડે કરી હતી. અડધે સુધી પહોંચ્યા પછી તેમને થયું કે રંજુને ગેઢી કેટલી વહાલી છે! બન્ને વચ્ચેના ઋણાનુબંધનો વિચાર પણ આવી ગયો અને એને છોડવાનો પ્રયત્ન મારે શા માટે કરવો- એમ માનીને અડધે રસ્તેથી તે પાછા વળી ગયા ! તેમના અવસાન પછી રજનીકુમારનાં બાએ ગેઢીને એક દૂરના સંબંધીને ત્યાં સાચવવા આપી.

વતનની મુલાકાતે આવતા રજનીકુમાર દર વખતે ગેઢીને જોવા જવાનું વિચારતા, પણ પરિવાર-મિત્રોમાંથી સમય મળતો ન હતો. એક વાર તેમને ગેઢી તીવ્રપણે સાંભરી. એક મિત્રને લઇને તે ઉપડ્યા ગેઢીને મળવા. તેમની આ મુલાકાતનું વર્ણન તેમના જ શબ્દોમાં : 'ગેઢીએ તરત ગરદન ધરી દીધી અને આઠ વર્ષનો ગાળો ઓગળી ગયો. એણે

ગળામાંથી ઊંડો અવાજ કાઢ્યો. મેં જોયું કે એક વખતનું એ બચ્ચું હવે વૃદ્ધ થયું હતું. પીંછાં ઓછાં થઇ ગયાં હતાં. ચહેરો ફિક્કો પડી ગયો હતો. પગના પંજા બરછટ અને પીળા પડી ગયા હતા. આંખો ખોલીને ગેઢીએ મારી સામે જોયું અને પછી બોલી : 'રંજુ'. આ શબ્દ સાંભળીને મારી આંખમાં પાણી ધસી આવ્યાં. ઇચ્છા તો ઘણી થઇ આવી કે એને ઘેર લઇ આવવાનું બાને કહેવું, પણ બાની અવસ્થા અને એકલવાયાપણું જોતાં એમ કહેતાં જીભ ઉપડી નહીં. લાચાર નજરે- માફી માગતી નજરે મેં ગેઢી સામે જોયું તો ફરી એણે ગરદન નમાવી ગળામાંથી ધીમો ઘરઘરાટ કર્યો. મેં ફરી આંગળી લંબાવીને એ ઝૂકેલી ગરદન પર પીંછાની હળવાશથી ફેરવી.'

ગેઢીને આમ છોડીને જતી વખતે રંજુને થયું હતું, 'કોણ કહે છે કે પ્રેમમાં શરીરનું મહત્ત્વ નથી? આની જગ્યાએ કોઇ મનુષ્ય હોત-સ્ત્રી હોત તો?'

(આ મુલાકાતના થોડા દિવસ પછી ગેઢીનું અવસાન થયું. તેના દેહને બાએ તેમના ઘરની પછીતે દાટ્યો. એટલે રજનીકુમારે આ કથાને 'ઘરની પછીતે દટાયેલા પ્રેમની કથા' તરીકે ઓળખાવી છે.)

★★ ★★ ★★

ઝવેરચંદ મેઘાણી પોતાના 'સ્કૂલમેટ' હતા, એ વાતને યાદ કરીને દેવરામભાઈ વારંવાર રંજુને કહ્યા કરતા, "અમરેલી હાઈસ્કૂલમાં મેઘાણી મારા કરતાં એક વર્ષ જ આગળ હતા, પણ અહાહા, શું એમનું અમારા જેવા વિદ્યાર્થીઓમાં માન, શું માન ! રંજુ ! એ એમના સાહિત્યના શોખને કારણે હો! સાહિત્ય આ વસ્તુ છે !" ઘરમાં કંઈક અંશે સાહિત્યના સેવનનું વાતાવરણ ખરું. રજનીકુમારનાં બા(માતાજી) મુનશી- મેઘાણી- ધૂમકેતુ અને એવા બધા લેખકોનાં પુસ્તકો લાવીને ચાલુ ઘરકામે વાંચતાં હતાં. તેમના પિતાએ 'ચાલો ચાલો રમવાને રાસ, કે ઢસા સોરઠમાં'નામે એકાદ રાસ પણ લખ્યો હતો. મોટાભાઈ ઇંદુકુમારને વાચનનો જબરો શોખ. એમની વાદે વાદે રંજુ બાળ-સાહિત્યના પુસ્તકો વાંચતો થયો. (આજે પણ રજનીકુમાર પોતાને વાચનનો નાદ લગાડવાનું શ્રેય મોટા ભાઇ ઇંદુકુમારને આપે છે.) "બાલજીવન કાર્યાલય, બાજવાડા, વડોદરા"ના સરનામેથી મફત સૂચિપત્રો પોતાના નામે મંગાવવામાં રંજુને ઘણો આનંદ આવતો હતો. કિશોરાવસ્થામાં શિષ્ટ સાહિત્ય ઉપરાંત ડિટેકટીવ દેવેન્દ્રનું પાત્ર રંજુનું મનપસંદ હતું. એ પાત્ર જેવા પરાક્રમો કરવાનું તેને મન થઇ આવતું.

જેતપુરની કમરીબાઈ હાઇસ્કૂલમાં ગિરીજાશંકર વી. પાઠકે રંજુના સાહિત્યરસને સંકોર્યો હતો. વેકેશનમાં સવારથી સાંજ સુધી પથારીમાં પડ્યા પડ્યા કોઈ પુસ્તક વાંચવું અને સાંજે જેતપુરની દશા સોરઠીયા વણિક પુસ્તકાલયમાં મોટા ભાઈ સાથે જઈને 'ચિત્રલેખા' 'વેણી' કે એવા સામયિકોમાં પરોવાઈ જવું એ રંજુનો ક્રમ બની ગયો હતો. વાંચનના શોખની શાખા તરીકે જ લેખન ફૂટી નીકળ્યું હશે, એટલે જોડકણાં-મુક્તકો લખવાની શરૂઆત રંજુએ નાનપણથી કરી દીધી હતી. અંગ્રેજી સિક્સ્થ(આજના દસમા

ધોરણ)માં રંજુમાં સાહિત્યની અભિરુચિ જોઇને શિક્ષકોએ તેને સ્કૂલના હસ્તલિખિત સામયિક 'પંકજ'ના તંત્રીમંડળમાં મુખ્ય સ્થાન આપ્યું.

પોતાનો પહેલો લેખ('ટ્યુબલાઇટથી સાવધાન') રંજુએ 'પંકજ'માં લખ્યો હતો. અલબત્ત, એ લેખ જ્ઞાતિના સામયિકમાં છપાયેલા રંજુના પિતરાઇ નટવરલાલ પંડ્યાના લેખની સીધી ઉઠાંતરી હતો. લેખ છપાઇ ગયો, પણ તેનાથી સર્જનનો અહમ ન સંતોષાયો. એટલે તેણે અમદાવાદથી પ્રગટ થતા, 'અખંડ-આનંદ' ટાઇપના 'વિશ્વવિજ્ઞાન' મેગેઝીનમાં 'જોયેલું ને જાણેલું' માટે મૌલિક લખાણ મોકલવાનું શરૂ કર્યું. પાછળથી લખાણની સાથે મુક્તકો પણ ભળ્યાં. વખતોવખત પ્રગટ થતી આ કૃતિઓને કારણે ૧૯૫૪-૫૫ની આસપાસ 'રજનીકુમાર પંડ્યા' નામના ઝાંખાપાંખા તારોડીયાનો સાહિત્યના આકાશમાં ઉદય થયો. ત્રણ દાયકા પછી તેનો ઝળહળાટ ભલભલાને આંજી દેવાનો હતો.

☆☆ ☆☆ ☆☆

૧૯૫૫માં રંજુએ એસ.એસ.સી. પાસ કરીને ભાવનગરની કોમર્સ કોલેજમાં એડમિશન લીધું. જન્મજાત સંસ્કાર અને વાચનના શોખને કારણે તેની રુચિ સાહિત્ય તરફ હતી, પરંતુ નોકરીનો-ભવિષ્યનો વિચાર કરીને પિતાએ કોમર્સ લાઇન લેવડાવી. રંજુએ પણ આ નિર્ણયનો કોઇ વિરોધ કર્યો નહીં. કોલેજમાં કોમર્સની સાથોસાથ ગદ્ય-પદ્ય લેખનની પ્રવૃત્તિ ચાલુ રહી. કોલેજના 'સંગમ' ભીતપત્રમાં તેની કવિતાને પહેલું ઈનામ મળ્યું હતું, ને તેની વાર્તા કોલેજના મુખપત્ર 'મંગલમ્'માં છપાઈ હતી. 'વિશ્વવિજ્ઞાન'માં લખવાનું તો ચાલુ જ હતું. ભાવનગરમાં પી.પી.મહેતા અને વચ્છરાજાની (પાછળથી અમદાવાદમાં પ્રો. ઓ.ડી.ઝાલા અને પ્રો. આર.ડી. વસાવડા) જેવા અધ્યાપકો-એ કોમર્સમાં આવી પડેલા રજનીકુમારની રગ પારખીને અવારનવાર મોકળું મેદાન પણ પૂરું પાડ્યું હતું.

આટલી નેટ પ્રેક્ટિસ પછી ૧૯૫૭-૫૯ના ગાળામાં અમદાવાદની કોલેજમાં અભ્યાસ દરમ્યાન રજનીકુમારની લેખનપ્રવૃત્તિની ગંભીરતાપૂર્વક શરૂઆત થઈ. (તેમણે લખ્યું છે, "સારથી કોઈ નહોતું. પણ મારી ગાડીએ ટેઈક ઓફ લીધું... એ આ અરસામાં, 'જનસત્તા'માં મારી પહેલી વાર્તા 'અનંત પ્રતીક્ષા' છપાઈ, જે મેં અમરેલીની એક સત્યઘટના પરથી લખી હતી. અશોક હર્ષને મેં મોકલી હતી. 'ચાંદની' માટે તેમણે એને યોગ્ય ન માનતાં મારી પરવાનગી લઈને 'જનસતા'માં છાપી પાંચ રૂપિયા પુરસ્કાર પણ મોકલ્યો. હોસ્ટેલના ન્યુઝ પેપરના રિડીંગ સ્ટેન્ડ પર પહોળા પથરાટમાં પડેલા છાપામાં વાર્તાના ચિત્ર સાથે મારું નામ મોટા અક્ષરે છપાયેલું જોઈને મને રોમાંચ થયો હતો." એ જ અરસામાં મનુભાઈ જોધાણીના 'સ્ત્રી-જીવન' મેગેઝીનમાં રજનીકુમારની વાર્તા 'હૈયાનો ડામ' છપાઈ હતી. આ વાર્તા પણ તેમણે જેતપુરમાં એક નાના બાળકને ડામ આપવાથી સત્યઘટના પરથી લખી હતી. સાહિત્યની યાત્રા સાથે જ આરંભાયેલું સત્યઘટના સાથેનું તેમનું સગપણ અનેક વાર્તાઓ-નવલકથાઓ ઉપરાંત 'ઝબકાર' જેવા

નવતર સાહિત્ય સ્વરૂપના જન્મ માટે કારણભૂત બનવાનું હતું.

★★ ★★ ★★

અમદાવાદની એચ.એલ. કોમર્સ કોલેજના મેગેઝીન 'મિસેલીની' અને હોસ્ટેલ મેગેઝીન 'પગદંડી'માં રજનીકુમારની ચાર વાર્તાઓને પહેલાં- બીજાં ઇનામ મળ્યાં. ચાર કેવી રીતે ? બે તેમને પોતાના નામે અને બે તેમના ગાઢ મિત્ર વસંત દેસાઈના નામે ! તેમાંથી એક સ્પર્ધામાં રજનીકુમારે પોતાના નામે મોકલેલી વાર્તાને બીજું અને વસંત દેસાઈના નામે મોકલેલી વાર્તાને પહેલું ઈનામ મળ્યું હતું ! (અલબત્ત, વસંત દેસાઈએ ઈનામની રકમ રજનીકુમારને આપી દીધી હતી.) એક વખત નાણાંભીડના યોગો ઊભા થયા, ત્યારે પોતાની એક વાર્તા 'ખિસ્સાકાતરુ' તેમણે નામનાવાંછુ મિત્ર મનોહર ભાટીયાને આઠ રૂપીયામાં વેચી હતી. કઠણાઇ એવી થઇ કે એ વાર્તા વાંચીને ભાટીયા પર મુંબઈથી એક છોકરીનો પત્ર આવ્યો. તેણે એવી સુંદર બીજી વાર્તાની અપેક્ષા રાખી. સ્વાભાવિક જ મનોહરે પ્રમાણમાં ભારે (વીસ રૂપિયા) કહેવાય એવી રકમની ઓફર સાથે બીજી વાર્તાની ડીમાન્ડ કરી. એ વખતે રજનીકુમારે વાર્તા લખી દેવાનો ઇન્કાર કરીને કહ્યું હતું, "હવે હું નાણાભીડમાં નથી." પાછળથી 'મનબિલોરી'ના માણસ બનેલા રજનીકુમારે પોતાની આવી વર્તણૂક વિશે લખ્યું હતું : બનવાજોગ છે કે એમાં મારા પક્ષે સેક્સ-જેલસી કામ કરતી હોય.

★★ ★★ ★★

વસંત દેસાઈ ઉપરાંત વીનેશ પટેલ અને નટુભાઈ અંબાણી(ધીરુભાઈ અંબાણીના ભાઈ) જેવા મિત્રોને રજનીકુમારની કોલેજકાળની સાહિત્યેતર ઉપલબ્ધિ ગણી શકાય. અમદાવાદની એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સની હૉસ્ટેલ (જે હવે લેડીઝ હૉસ્ટેલ છે)માં એક લૉબીમાં બે રૂમનાં બારણાં પડતાં હતાં. એવી એક લૉબીમાંના બેમાંથી એક રૂમમાં રજનીકુમાર અને નટુભાઈ અંબાણી તથા બીજા રૂમમાં વસંત દેસાઈ અને વીનેશ પટેલ રહેતા હતા. તેમાંથી વી.ડી.ના લાડકા નામે ઓળખાતો વસંત દેસાઇ ભારે સ્વપ્નશીલ આંખોવાળો છોકરો હતો. એની વાતો, વિચાર અને આંખો બધાંમાં એનાં ભાવિ જીવનનો બહુ ચોકસાઈથી દોરેલો નકશો ડોકાતો હતો. બસ, આ રીતે આમ જીવવું છે. આમ રહેવું છે, આ ધંધો કરવો છે. આ પ્રિયતમાને પરણવું છે, આવો બંગલો બનાવીને રહેવું છે.

એક વખત એક શીખ જ્યોતિષી હૉસ્ટેલમાં આવ્યો હતો. એણે વસંતનું જીવન અઠ્ઠોતેર વર્ષનું બતાવ્યું હતું. (રજનીકુમાર માટે તેણે પાંત્રીસ વરસે આપઘાતનો યોગ અને વીનેશ પટેલની ચોર્યાસી વરસની ઉંમર બતાવી હતી) એમાં વી.ડી.ને દઢ વિશ્વાસ પડી ગયો હતો, એટલે અઠ્ઠોતેર વરસની એક સાલવાર ડાયરીનું માળખું એણે બનાવ્યું હતું. જેમાં પંચાવન વરસ પછી કમાવાનું બંધ ! એના નસીબમાં જે બે પુત્રોનો યોગ હતો. એમાંથી એકને ધંધો સોંપીને વિદેશ જતાં રહેવાનું હતું. આગાહી

પ્રમાણે પાંત્રીસ વરસની ઉંમરે રજનીકુમાર તો આપઘાત કરી લેવાના હોવાથી વી.ડી.ના ભાવિ નકશામાં તેમનો સમાવેશ થયો નહોતો, પણ વીનેશ પટેલને સપરિવાર વિદેશ બોલાવવાનું નક્કી હતું.

રજનીકુમારનું મન રાખવા માટે વી.ડી. તેમને આશ્વાસન આપતા કે "હું બે-ચાર લાખ ખરચીને કોઈ બ્રાહ્મણ પાસે જાપ કરાવી લઈશ એટલે તારો એ આત્મઘાત યોગ દૂર ઠેલાઈ જશે." એનો આ ઉપકાર રજનીકુમારે એડવાન્સમાં આંખમાથા ઉપર ચડાવી લીધો હતો ! ધોરાજીના શ્રીમંત પટેલ ખાનદાનમાંથી આવતા વીનેશ પટેલની આંખમાં આટલાં સપનાંઓ નહોતાં. પણ એક સ્થાયી આશાભાવ તો એમાં પણ રમ્યા કરતો. એમને દેવ આનંદનો વહેમ હતો. એટલે દેવ આનંદ એમણે લઈ લીધો. દિલીપકુમાર તો વી.ડી. પાસે જ હતો. એટલે રજનીકુમારે નાઈલાજે રાજકપૂરને શરણે જવું પડ્યું. નટુભાઈને તો સૌ એમની વડીલાઈને કારણે અશોકકુમાર કહેતા. રજનીકુમારને અંદરખાને દિલીપકુમાર ગમતો હતો, પણ વી.ડી. સિવાય કોઈને દિલીપકુમાર ઉપર પોતાપણું જમાવવાનો અધિકાર નહોતો. હા, રજનીકુમારને દિલીપનાં વખાણ કરવાની પરવાનગી મળી હતી.

આવા સ્વપ્નિલ દિવસો ૧૯૫૯ના માર્ચમાં પૂરા થઈ ગયા અને સૌ પોતપોતાના માર્ગે ફંટાઈ ગયા. વી.ડી.-વીનેશભાઇ સૌરાષ્ટ્રમાં જ હોવાથી તેમની સાથે રજનીકુમારને મળવાનું બનતું હતું, પણ બોમ્બે ગયેલા નટુભાઇ અંબાણીનો અતોપતો નહોતો. તેમના વિશે રજનીકુમારે ૧૯૫૮માં પોતાની ડાયરીમાં નોંધ કરી હતી.:

"આ માણસનું ભવિષ્ય ઉજ્જવળ છે. આ માણસમાં પ્રોફેસર કે કોઇ પણ પ્રકારના ઓફિસર બનવાની સારી શક્તિઓ છે. એ માણસ કોઇક સારા હોદ્દા પર જરૂર આવશે. નકામા હોદ્દા પર જરૂર જરૂર જરૂર નહીં રહે."

નટુભાઈ પોતાના ભાઈ ધીરુભાઈ અંબાણી સાથે મળીને રજનીકુમારની નોંધને સાચી પાડવાના પ્રયત્નોમાં મચી પડ્યા હતા! આજે વિનેશ, વસંત દેસાઈ કે નટુભાઈ કોઈ હયાત નથી.

★★ ★★ ★★

અભ્યાસની સાથોસાથ કોઈ ચોક્કસ માર્ગદર્શક વગર રજનીકુમારની લેખનપ્રવૃત્તિ આગળ વધતી હતી. તીવ્ર બનેલી સંવેદનાઓમાં મંટો-કૃષ્ણચંદ્રની વાર્તાઓના વાંચનને કારણે તેમની કલમેથી ઘેરા રંગોવાળી, શબ્દાળુ, દીર્ઘસૂત્રી, હિંદી ગદ્યની છાંટ ધરાવતી વાર્તાઓ લખાતી થઇ. કવિતા તો છૂટી ગઇ હતી, પણ વાર્તાલેખનમાં એટલું જરૂર થયું કે "ચાંદની", "આરામ", "નવચેતન", "સવિતા" જેવાં એ વખતના ધરખમ સામયિકો રજનીકુમારની વાર્તા સામેથી માગતા થયા. એ જ ક્રમમાં પાછળથી પ્ર. રા. નથવાણીનું 'અંજલિ' માસિક પણ આવ્યું. પાછળથી રેશનાલિઝમના સંબંધથી રજનીકુમાર સાથે જોડાઈને તેમના આત્મીય બની રહેનાર જમનાદાસ કોટેચાએ લગભગ એ જ અરસામાં

"આરાધના" નામે વાર્તા માસિક સુરેન્દ્રનગરથી કાઢ્યું હતું. તેમણે પણ પ્રત્યક્ષ પરિચય વિના રજનીકુમાર પાસેથી વાર્તા માગી હતી. ૧૯૫૯માં જ "ગુંજન" નામના મુંબઈના એક માસિકે જાહરે કરેલી સ્પર્ધામાં રજનીકુમારની વાર્તા "અંતિમ ઈચ્છા"ને બસો રૂપિયાનું પહેલું ઈનામ મળ્યું હતું. તેમણે નોંધ્યું છે, "એ રકમ કઢાવવા માટે માટે મારા અનેક સગાવહાલાંઓની મદદ લેવી પડી. લગભગ ત્રણેક વર્ષે એ રકમ હાથમાં આવી. પણ એથી ઈનામ મળ્યાનો મારો આનંદ લેશ માત્ર ફિક્કો પડ્યો નહોતો."

એ પછી "સવિતા" માસિકની અતિશય પ્રતિષ્ઠિત કહેવાય તેવી વાર્તાસ્પર્ધામાં ૧૯૬૫ અને ૧૯૬૭ એમ બે વાર રજનીકુમારની વાર્તા પ્રથમ સ્થાન પામી. તેનાં ઈનામોમાં એક મોટી પ્રોત્સાહક વાત તો એ હતી કે જે ગામ કે શહેરમાં વિજેતા લેખક રહેતાં હોય ત્યાં જઈને જાહેર સમારંભમાં એને નવાજવો. તેના કારણે પોતાના વિસ્તારમાં લેખકની સામાજિક પ્રતિષ્ઠા વધતી, જે એના લેખન માટે ઘણું મોટું પ્રોત્સાહક બળ નીવડતું. રજનીકુમારના બન્ને સન્માન સમારંભો રાજકોટમાં જ થયા હતા. તેમાંથી ૧૯૬૮ના સમારંભ અંગે "સવિતા"ના માલિક સેવંતીલાલ શાહના ૧૨-૧૧-૬૮ અને ૨૧-૧૧-૬૮ના પત્રોમાંથી કેટલાક અંશ :

"જાહેર હોલની જરૂરત નથી. શાળાનો ઓરડો યા તમારી કોલેજનો હોલ ચાલશે...પ્રમુખ તરીકે શ્રી હસિત બૂચ બરાબર છે... લાઉડ સ્પીકરની કોઇ જરૂરિયાત નથી. ફોટોગ્રાફરને પ્રિન્ટ દીઠ નક્કી કરશો. ત્રણથી પાંચ રૂપિયા લે છે એટલે ત્રણ ચાર પ્રિન્ટ અમારા પૂરતી ઘણી થશે. આમંત્રણ કાર્ડ છપાવવાની પણ કોઇ જરૂરત નથી. કારણ કે ફક્ત સાહિત્યકારો અને રસિકોને જ આમંત્રણો આપવાનાં રહે છે. તેમ છતાં છપાવવા જેવું લાગે તો ૧૦૦-૧૫૦ના રૂા.૧૦માં પતી જશે...આ સમારંભ રૂા.૫૦ લગભગમાં પતાવવાનો છે. આ અંગે તમે નિર્ણય લઇને જણાવશો...ઉપરનાં સૂચનો છે, છતાં તમને ત્યાંના વાતાવરણને અનુરૂપ લાગે તેવું કરવું હોય તો તેમ કરશો, પણ ખર્ચની મર્યાદા ઘણી ઓછી છે, કારણ કે આ 'બીજવરનો વરઘોડો' છે(રજનીકુમારને બીજી વખત આ સુવર્ણચંદ્રક મળવાનો હતો.).. ગેસનો ચૂલો ત્યાંથી જ ખરીદશો. અહીંથી લાવવો ન ફાવે...સમારંભ વખતે તે ટેબલ પર મૂકવાનો રહેશે એટલે વાપરવાની શરૂઆત સમારંભ પત્યા પછી કરશો... સુવર્ણચંદ્રક લેતો આવીશ, જે તૈયાર છે."

શ્રેષ્ઠ વાર્તાકારને ઈનામમાં સુવર્ણચંદ્રક ઉપરાંત સીવવાનો સંચો અને ગેસની સગડી જેવી ઘરવપરાશની ચીજો પણ ઈનામમાં અપાતી હતી. સેવંતીલાલના ૧૯૬૮ના પત્રમાં ઉલ્લેખાયેલી ગેસની સગડી કલમના જોરે રજનીકુમારના ઘરમાં આવ્યા પછી છેક અત્યાર સુધી કલમના બળે ચાલુ રહી છે. ૩૨ વર્ષ પછી પણ તે રજનીકુમારના રસોડામાંથી રિટાયર થઇ નથી.

★★ ★★ ★★

'સવિતા'ની જે વાર્તાસ્પર્ધામાં રજનીકુમારની વાર્તાને પહેલું ઈનામ મળ્યું, એમાં

તેમના એક મિત્રની વાર્તા 'સાભાર પરત' આવી હતી. તે મિત્રનું એટલે રમેશ પારેખ. લગભગ ૧૯૬૧થી બન્નેની દોસ્તી જામી હતી. સરકારી ઑડિટર બનેલા રજનીકુમાર અમરેલી પંચાયતનું ઑડિટ કરવા ગયા ત્યારે રમેશ પારેખ ત્યાં કારકુન હતા. કાષ્ટ અને કરવતી જેવો તેમનો આ સંબંધ સાહિત્યપ્રેમના પ્રતાપે ટૂંક સમયમાં જળ અને મીનના સંબંધ જેવો બની ગયો. બન્ને જુવાનિયા રાતોની રાતો જાતજાતની ચર્ચામાં ગાળતા. એ દિવસો વિશે રજનીકુમારે લખ્યું છે, "શરૂઆતની રાત્રિ મુલાકાતોમાં અમે વાર્તાએ વાર્તાએ એકબીજાને મારતા, પણ પછી કંટાળતા એટલે ફિલ્મી ગીતો ગાવાનું શરૂ કરતાં. એનાથી અમે કંટાળતા એટલે જ્યોતિષ ઉપર નીકળી જતા. વચ્ચે વચ્ચે ફ્લેગ સ્ટેશનની જેમ ચિત્રકળા ચમકી જતી હતી...(અમરેલીની જ્યુબિલી ધર્મશાળાની) અગાશી ઉપર એક મહિના સુધી સતત અમારા અર્ધી રાતના ઉજાગરાઓ અમે માણ્યા. મને લાગતું કે વાત કરતાં કરતાં રમેશ ક્યારેક એકાએક અટકી જાય છે. ક્યારેક આકાશ સામે તાકી રહે છે...એક-બે વાર તો મેં એને પૂછેલું પણ ખરું કે "કેમ આમ કરે છે, રમેશ ? તને શું થાય છે ?"...એની પાસે અભિવ્યક્તિ નહીં, રુંધામણ હતી...એક વાર એણે મને કહ્યું હતું, "શું કરું યાર ? નોકરીમાં આગળ વધુ ? સંગીતને તો હું મૂકી શકતો નથી. વાર્તા લખ્યા વગર પણ મઝા નથી આવતી, કવિતા લખું ? ગઝલ કરું ?"

અમરેલીમાં ઑડિટ પૂરું થયા પછી પણ રજનીકુમાર અને રમેશ પારેખ વચ્ચે આત્મીય પત્રવ્યવહાર ચાલુ રહ્યો. દરમ્યાન ગોંડલમાં મકરંદ દવેના ઘરે જતાં-આવતાં રજનીકુમારને અનિલ જોશી સાથે પરિચય થયો હતો. તેમણે થોડા વખત પછી રમેશ પારેખને પત્ર લખ્યો. "મકરંદ દવે અને ભૂપેન્દ્ર ત્રિવેદી મારફત નવા તેજસ્વી કવિ અનિલ જોશી સાથે મારે ઓળખાણ થઈ છે. એ મારા મિત્ર છે અને એમના પિતાજીની બદલી અમરેલી થતાં તે ત્યાં આવે છે. તું એમને જરૂર મળજે. મઝા આવશે. તને કંપની રહેશે."

આ 'ગોરકર્મ' પછી રમેશ પારેખ અને અનિલ જોશીની જુગલબંદીએ કેવાં ગુલ ખીલવ્યાં એની બહુ જાણીતી બની ચૂકેલી વાતો અહીં અપ્રસ્તુત છે. પરંતુ રમેશ પારેખના ગદ્ય અને રજનીકુમાર સાથેની આત્મીયતાનો પરિચય આપતા કેટલાક નમૂના :

**અમરેલી, ૦૬-૦૬-'૬૯**

*અમરેલીના પહેલા વરસાદ જેવું મન મુખર છે. બે દિવસ પહેલાં અનિલે કાયમ માટે અમરેલી છોડ્યું છે. એમના પિતાશ્રીની બદલી ધ્રોળ થઈ છે ત્યાં જવા. એટલે મારી ઉદાસ સાંજ લઈ રાજકોટ નજીકના ભવિષ્યમાં ઉતરી પડવાનો છું...તમારું ભાવભીનું નિમંત્રણ સાંભળીને રોમાંચિત થયેલી મારી અઠ્યાવીશ વર્ષની કાયા મને વારેવારે બસ સ્ટેન્ડ તરફ લઈ જાય છે, પણ આ અલખનિરંજન ઓફિસના બદલાયેલા બોસની ખિદમતમાં વ્યસ્ત... હું અમરેલીપરસ્ત જીવ નથી, પણ ભાટિયાશેરીના પથ્થરોના ભાગ્યમાં મારા*

*પગ વડે ઘસાવાનું લખ્યું હોય કોઈએ, તેને કેવી રીતે મિથ્યા કરી શકાય. પણ કોઈક વાર નાસી છૂટવું છે...વાત એમ છે કે વરસાદ વરસે છે એટલે બહેકી ગયો છું. વાતવાતમાં કન્ટીન્યૂઈટીને એસીતેસી. કોરા કાગળને ભરવાનું કામ અને આપણું ચલકચલાણું નામ- મુકામ વિનાના આપણે પગને જવા દઈએ, જહન્નમની ખાડીમાં...*

અમરેલી, ૧૨-૧૨-'૭૨

*અમરેલીના નિઝામ સરસેના ખાસખેલ શમશેર બહાદુર ખાનખાના રહીમુદ્દીન પરવેઝ ઉર્ફે એમ ઈની રાજધાની અમરેલીથી ફેરવાઈને બાબરા મુકામે ગઈ છે. સરકાર રહીમુદ્દીન ઉર્ફે હું હમણાં સરકાર તરફ નિગાહેકરમ કરીને બાબરા અને અમરેલીને લાભાલાભ આપે છે, જેને તુચ્છ લોકો અપડાઉન જેવું સસ્તું નામ આપે છે... સબબ સેના ખાસખેલ બહાદુરથી પત્ર મોડો લખવાની બદતમીઝી થાય છે.*

★★ ★★ ★★

સાઠના દાયકાની શરૂઆતમાં રજનીકુમારનો 'ઓડિટર-અવતાર' ચાલતો હતો. સતત પ્રવાસના એ ગાળા દરમ્યાન ૧૯૬૧માં રજનીકુમારની મુલાકાત વિખ્યાત સર્જક મોહમ્મદ માંકડ સાથે થઈ. રજનીકુમારના ત્રણ ગુરુ(અથવા ગુરુવત્ મિત્રો)માંના તે એક. "કેવી રીતે ?"નો જવાબ રજનીકુમારના જ શબ્દોમાં : "તેમણે મને સ્યુડો સાહિત્ય અને સાચા સાહિત્ય વચ્ચેની ભેદરેખા સમજાવી દીધી. સાહિત્ય પદાર્થ એ શી ચીજ છે અને એના પર રજોટી કેવી રીતે લાગી શકે, તે પણ તેમણે મને સમજાવ્યું. એમનું વિદેશી સાહિત્યનું વાચન અતિવિશાળ અને ખુદ પણ એક પ્રતિભાવંત સર્જક- મારામાં રહેલા વાર્તાકારને જોઈને તેઓ પ્રસન્ન થયા. એમના લખાણોની સરળતા, નિરાડંબરતા, સીધી ગતિ, માનવ મનની સંકુલતાઓનું કલાત્મક નિરૂપણ, એની વિવિધ રંગછાયાઓનું આલેખન આ બધું જ મારા માટે મૂલ્યો સ્થાપી આપનારું બની રહ્યું. સેલ્ફ એસેસમેન્ટ એટલે કે સ્વયં-સારથીપણું એ મને તેમણે આપેલી ભેટ છે."

રજનીકુમારના બીજા ગુરુવત્ મિત્ર હતા 'અંજલિ'ના તંત્રી સંપાદક પ્ર.રા. નથવાણી. ખરા વાર્તાતત્ત્વની તેમની પરખ બહુ સૂક્ષ્મ હતી. સંજોગોવશાત્ તેમની સાથે રજનીકુમારને રાતોની રાતો અને કલાકોના કલાકો સાહિત્યિક ચર્ચા કરવાનું બન્યું. રજનીકુમારે કબૂલ્યું છે કે "એમણે પણ મને ગુમરાહ કરી દેનારી દિશાઓમાંથી પાછો વાળ્યો. નહીં તો હું પણ દેખાદેખીનો માર્યો સુરેશવાદી અને અગડમ્ બગડમ્ વાર્તાઓ લખતો થઈ ગયો હોત."

'નવચેતન'ના તંત્રી ચાંપશીભાઈ ઉદેશી પણ રજનીકુમારની વાર્તાઓ પર બહુ ખુશ રહેતા હતા. એક પત્રમાં તેમણે ભાવથી લખ્યું હતું, "તમે કલાસિકલ લેખક

જનશો." એ દિવસોમાં રજનીકુમારનો પરિચય મુંબઈનાં ઉન્નત ગણાય એવાં નામો સાથે થયો. મોહમ્મદ માંકડે તેમની વાર્તાઓ વિષે વાત કરી એટલે ગુલાબદાસ બ્રોકરે વાર્તાઓ વાંચીને રજનીકુમારને પ્રશંસાત્મક પત્ર લખ્યો. 'સમર્પણ'ના સંપાદક હરીન્દ્ર દવે અને 'નવનીત'ના સંપાદિકા કુંદનિકાબહેને પણ રજનીકુમારની વાર્તાઓ છાપવાનું શરૂ કર્યું, જે વાંચીને 'અલગારી રખડપટ્ટી' વાળા રસિક ઝવેરી જેવાના પત્રો વગર ઓળખાણે રજનીકુમાર પર આવવા શરૂ થયા. આમ તેમનો વ્યાપ વધતો હતો, પણ વિસ્તાર વધવાનો હજુ બાકી હતો.

★★ ★★ ★★

ત્રીજી જાન્યુઆરી,૧૯૬૨ની સવાર. રજનીકુમાર ગોંડલમાં કવિશ્રી મકરંદ દવેના ઘરે બેઠા હતા. કવિ એમના વર્ષોથી બીમાર બાને માટે ચા કે ઉકાળો લેવા રસોડામાં ગયા હતા. રજનીકુમાર બાને પંખો નાખતા હતા. થોડી વારે કવિ એક ટ્રેમાં છલકાતો કપ અને એક ટપાલનું કવર લઈને આવ્યા. કવર મને આપતા બોલ્યા. "કાલે સાંજે સુધરાઈનો પટાવાળો તમારી આ ટપાલ આપી ગયો છે, લો."

એ વખતે ચોવીસ વર્ષના રજનીકુમારની જિંદગી જીપ્સી જેવી હતી. સરકારી ઑડિટર તરીકે ઠેકઠેકાણે ફરવાનું થતું હતું. રાજકોટ હેડકવાર્ટર ખરું, પણ ત્યાં જવાનું તો છ-આઠ મહિને એકાદ બે દિવસ માટે.બાકી પ્રવાસ- સતત પ્રવાસ. એવા સમયમાં ટપાલ માત્ર મીઠીમધ લાગે. તેમાંય કવિએ 'પીરસેલી' ટપાલ એક છોકરીની હતી. તેનું નામ તરુ- તરુલતા દવે.

આ છોકરી સાથે રજનીકુમારનો પરિચય છેલ્લા વીસેક દિવસનો. રાજકોટમાં જિલ્લા પંચાયતમાં તરુબહેન કારકૂન હતી અને રજનીકુમારનું ત્યાં ઑડિટ ચાલે. તેમાં ચોપડા બતાવનારા ભાઈ એક દિવસ ગેરહાજર હતા એટલે 'સાહેબ' પાસે જવાનો તરુનો વારો આવ્યો. રિસેસ સુધી વધારાનો એક પણ શબ્દ બોલ્યા વિના કામ ચાલ્યું. આમ ને આમ અઢી વાગ્યા ને એકાએક એ સહકાર્યકર છોકરીઓ સાથે અદ્રશ્ય થઈ ગયાં. પોણો કલાકે તે પાછાં ફર્યાં ત્યારે સાહેબનો પારો ચડી ગયો હતો. ત્યાર પછીના સંવાદો :

"મને પૂછ્યા વગર જવાય જ કેમ ?"

"ગઈ હતી કારણ કે રિસેસ હતી."

"પણ મને કહીને જવું જોઈએને ?"

"તમે મારા સાહેબ નથી. મારી સાથે એમ ઊંચા અવાજે વાત ન કરો."

ત્યાર પછી ફૂંગરાવેલા ચાર નસ્કોરાઓએ કામ આગળ વધાર્યું. સાંજના છ વાગ્યા એટલે બપોરની જેમ તરુબહેને કહ્યાકારવ્યા વગર ચાલતી પકડી. આમ ને આમ ચાર દિવસ ચાલ્યું. પાંચમા દિવસે :

"સાહેબ, તમે વાર્તા લખો છો ?"

"કેમ ખબર પડી ?"

"તમે મોડા આવ્યા ને, એમાં તમારી આ ટપાલ મેં જોઈ હતી."

મુરબ્બી ચાંપશી ઉદ્દેશીનો લીલી શાહીના વરસાદવાળો કાગળ હતો. રજનીકુમારની એક વાર્તા એમણે સ્વીકારી હતી. અને છોગામાં બહુ વખાણ કર્યા હતા તે તરુબહેને વાંચ્યાં હતાં. તે ઘડીથી સરકારીપણાનું હિમ ઓગળી ગયું અને સહૃદયતાની સરવાણી વહેવા લાગી. રજનીકુમારે પૂછ્યું. "તમે પણ વાંચો છો ? શું વાંચો છો ?"

"લખું છું" એ બાલ્યાં, "વાર્તા-કવિતા ને એવું બધું, પણ ક્યાંય મોકલતી નથી."

"બતાવજો તો ખરા."

આમ વાર્તાનો વાટકી વ્યવહાર શરૂ થયો. રજનીકુમારે પણ પોતાની કેટલીક છપાયેલી વાર્તાઓ એમને વાંચવા આપી.

એક દિવસ તરુબહેને અણધાર્યું પૂછ્યું, "મારે ઘરે જમવા આવશો ?" 'ના' પાડવાનો કોઈ પ્રશ્ન નહોતો. રજનીકુમાર જમવા પહોંચ્યા ત્યારે તરુબહેન ઉપરાંત તેમનાં બા તારાબેન, ભાભી અને બાળકો હતા. રઘુવીર ખરા(રાજકોટ)માં દસ નંબરની શેરીમાં ઘર હતું. એક રૂમ. વાતવાતમાં વિગતો જાણવા મળી. તરુબહેનના મોટાભાઈ યશવંતભાઈ વડોદરા નોકરીએ હતા. પિતા ચાર-પાંચ વર્ષ પહેલાં જ ગુજરી ગયા હતા. મામા મોટા હકિમ હતા. મૂળ એ લોકો અમદાવાદના, પણ નોકરી માટે એકાદ બે વર્ષ પહેલાં જ રાજકોટ આવ્યા હતા. તરુબહેન માંદગીને કારણે બી.એ.ની ફાઇનલ પરીક્ષા આપી શક્યાં નહોતાં.

વાતચીત ચાલતી હતી એ દરમ્યાન તરુબહેનના મસિયાઈ ભાઈ-ભાભી રમુભાઈ અને કુસુમભાભી આવ્યા. એ લોકોએ આંખોમાં આંખોમાં કંઈક વાત વિચારી લીધી હશે. તેમણે રજનીકુમારને કહ્યું, " તમે કયાં રહો છો ? તમારી રૂમ જોવી છે."

બીજે દહાડે રજનીકુમાર તેમની ઠોઠિયા સરકારી સાયકલ પર આગળ આગળ અને એક ઘોડાગાડીમાં કુસુમભાભી અને તરુ પાછળ પાછળ-એમ વરઘોડો પહોંચ્યો મિલ પરાની શેરી નંબર બારમાં આવેલી રજનીકુમારની ઓરડીએ. તેમના રૂમમાં, તેમના જ સ્ટવ પર 'મહેમાનો'એ રજનીકુમારને ચા બનાવીને પાઈ. ચા-પાણી પછી કુસુમભાભી મકાનધણિયાણી ડોશીને મળવા ગયા ત્યારે રજનીકુમારે તરુને એકદમ અચાનક જ પૂછી લીધું. 'લગ્ન કરવાનાં છે ?"

તરુબહેન જવાબ આપવાને બદલે નીચું જોઈ ગયાં. પૂછ્યું, "કેમ ?"

"કરવાના હો તો સરખા શોખવાળા છોકરાનો જ વિચાર કરજો." પછી રજનીકુમારના મોંએ અચાનક જ શબ્દ આવી ગયો. "જેમ કે હું..."

આટલું બોલ્યા પછી રજનીકુમારને થયું કે આગળ એક પણ શબ્દ બોલતાં પહેલાં સચ્ચાઇ જણાવી દેવી જોઇએ. એટલે બીજી જ મિનિટે તેમણે કહ્યું, "જો કે હું પરણેલો છું."

★★ ★★ ★★

એ કેવી રીતે બને ? તેના જવાબમાં રજનીકુમારના જીવનની અત્યંત આઘાતજનક અને નાટ્યાત્મક અંત ધરાવતી ઘટનાઓનો સિલસિલો સંકળાયેલો છે. તેમનું પહેલું લગ્ન એક અણગમતી અને માનસિક રીતે પૂરી સ્વસ્થ ન હોય એવી કન્યા સાથે કરી દેવાયાં હતા. પોતાની જુવાનીનાં કિમતી દસ વર્ષ ભરખી જનાર એ દુર્ઘટના વિશે રજનીકુમારે લખ્યું છે,"મારા એક નજીકના સગાએ એ કન્યા સાથે મારી સગાઈ કરાવી. સગાઈની ઘડીથી જ મારો નકાર હતો. પણ પછી સગાઈ તોડી નાખીશ એવી નાદાન ગણતરી હતી. પણ તેમ ન કરી શકયો. છોકરીને મળી પણ ન શકયો. સગાઈ પાંચ વરસ ચાલી, ને પછી જ્યારે તોડવાની વાત મેં ઉચ્ચારી ત્યારે સૌ મારા પર તૂટી જ પડ્યા. મારા દુશ્મનો નહોતા. મને ચાહનારા, મારા જ સ્વજનો હતા. છતાં અંતે લગ્ન થયા. ને પહેલી જ રાતે છોકરીએ પાગલપણું બતાવ્યું. હું આખી રાત પીડાતો રહ્યો. સવારે ઉતરીને મા-બાપને કહ્યું કે સંભાળો તમારી ગાંડી વહુને. હું મારી હનીમૂન રજા કેન્સલ કરાવીને આ ચાલ્યો મારી નોકરીને મુકામે- પાલીતાણા. એ વખતે ત્યાં સુધરાઈમાં હું ઑડિટ કરતો હતો. પંદર દહાડા પછી ગારિયાધાર ગામે મારો કેમ્પ ગયો ત્યાં મારા બાપુજી આવ્યા. બોલ્યા. "ભાઈ, તને અમે જ કૂવામાં ઊતાર્યો છે. હવે બહાર કાઢવો જ રહ્યો. કોર્ટમાં ડાઈવૉર્સની અરજી કરીએ. ચાલ." હું એમની સાથે આવ્યો. ગોંડલમાં જેતપુર માટેની સિટી સિવીલ કોર્ટ હતી. ત્યાં સારામાં સારો વકીલ રોકીને મેં છેલ્લે ડાઈવોર્સ મળે તેવી અરજી દાખલ કરી દીધી."

રજનીકુમારના મુખેથી આ કથની સાંભળ્યા પછી તરુબહેને ઠંડકથી પૂછ્યું, "ક્યારે પતશે તમારો કેસ ?"

રજનીકુમારના હોશિયાર વકીલ સી.વી.સંપટે બે વર્ષ કહ્યા હતા. એમાંથી એક વર્ષ તો નીકળી ગયું હતું. છતાં અણચિંતવ્યા વિલંબને લક્ષમાં લઈને તેમણે જવાબ આપ્યો. "વધુમાં વધુ બે વર્ષ."

આટલી વાત થઈ ત્યાં તો કુસુમભાભી આવી ગયા અને "ચાલો મોડું થાય છે." એમ કહીને તરુબહેનનો હાથ સાહીને લઈ જ ગયા. બાર બાય બારની ખોલીને બારણે ઊભા રહીને રજનીકુમાર બન્નેને જતાં જોઈ રહ્યા. મનમાં ને મનમાં નિયતિ પર ખીજ પણ ચડી, "આ છોકરી ફક્ત બે વર્ષ પહેલાં જ મળી હોત! પણ હવે શું ? હવે તો એ ભડકી ગઈ."

પરંતુ મકરંદભાઈએ આપેલા પત્રમાંનું સંબોધન "પ્રિય રંજુ" વાંચીને રજનીકુમારની તમામ આશંકાઓ દૂર થઈ ગઈ. તેમને લાગ્યું કે મકરંદભાઈ ટ્રેમાં પત્ની લઈને આવ્યા હતા ! કે જેની સાથે સગાઈ ચાંપશીભાઈએ જોડી આપી હતી. સંબોધનમાત્રથી રજનીકુમારના ચિત્તમાં ઝણઝણાટી વ્યાપી ગઈ. રોમાંસના રોમાંચની નહીં, પણ આત્મીયતાની. તરુબહેનના આખા પત્રનો ટૂંક સાર હતો : "મેં મનોમન નક્કી કર્યું હતું કે જે પુરુષ સામેથી મારી પાસે લગ્નનો પ્રસ્તાવ મૂકશે એને જ હું પરણીશ. જો એ લાયક હશે તો. બાકી સામેથી કદી હું કોઈને કહીશ નહીં કે પરંપરાગત સગપણમાં નહીં

પડું. તે દિવસે તમે મને કહ્યું કે લગ્નનો વિચાર કરો તો મારો વિચાર કરજો. ત્યારે ઈશ્વર પાસે લીધેલી મારી એ ટેક પૂરી થઇ હવે માત્ર તમારા લગ્ન એમાં બાધારૂપ છે. રૂબરૂ આવો. વાત કરી લઈએ."

એ જ સાંજે રજનીકુમાર રાજકોટ પહોંચી ગયા. રાત આખી અજંપામાં વિતાવી, પણ બીજે દિવસે તરુબહેનના ઘરે એક વાતે સૌ મક્કમ હતાં. છોકરીના લગ્ન થશે તો આ છોકરા સાથે જ. નહિતર નહીં થાય. રજનીકુમારની 'જીન્યુઈનનેસ' અને તરુબહેનના નિર્ધારની દઢતાની સૌને પ્રતિતી થઈ ચૂકી હતી. મૂળ તો તરુબહેનનાં બા જ એટલાં ગરવા પ્રભાવશાળી અને સાત્ત્વિક આભાવાળા હતા કે એમનું હકારાત્મક વલણ જ સૌને હકારાત્મક બનાવતું હતું.

તેમની સંમતિ પછી રજનીકુમારે તેમનાં મા-બાપને જેતપુરથી બોલાવી લીધા હતા, પણ પ્રશ્ન હતો સગાઈનો. પહેલું લગ્ન છુટૂં ન થાય ત્યાં લગી તરુબહેન સાથે લગ્નની વાત અસ્થાને હતી. તો પછી આ સંબંધને નામ કયું આપવું ? અંતે નામ વગરનું, પણ માન્ય સગપણ નક્કી થયું. વડીલોએ કહ્યું, "તમારા બંનેના લગ્ન અમે કરાવી જ આપીશું. પણ ત્યાં સુધી તમારે તમારા પ્રેમની અમને પ્રતિતી કરાવી દેવી પડશે. બધી જ વાતે સામાજિક નૈતિક અને સાત્ત્વિક શિસ્તમાં રહેવું પડશે.. જોઇએ, તમારો પ્રેમ કેવો ટકે છે!"

☆☆ ☆☆ ☆☆

કસોટી આકરી હતી, પણ રજનીકુમાર-તરુબહેન એમ હાર માને એવાં નહોતાં. બે વર્ષમાં પતે એવો જણાતો રજનીકુમારના છૂટાછેડાનો મુકદ્દમો દસ વરસ ચાલ્યો. એ ગાળામાં તેમના કિંમતીમાં કિંમતી વર્ષો પર જાણે કે કાળો પીંછો ફરી ગયો. સર્જનાત્મક પ્રવૃત્તિઓ માટે સોનેરી કહી શકાય એવાં બાવીસથી બત્રીસ વર્ષ સુધીનાં રજનીકુમારનાં દસ વર્ષ કોર્ટ કચેરીના ધક્કોધોડામાં, ભયંકર આર્થિક મૂંઝવણમાં નિરાશા અને યુદ્ધમાં જ ગયાં. ૧૯૬૬માં પિતાના અવસાન પછી રજનીકુમાર આ યુદ્ધમાં સાવ એકલા થઇ ગયા ત્યારે તરુબહેને તેમનો હાથ ક્યારેય ન છોડ્યો. કશો પણ મર્યાદાભંગ થવા દીધા વગર, સમાજની નજરમાં પણ નીચા પડ્યા વગર, માત્ર પવિત્ર, શુદ્ધ હાર્દિક પ્રેમના સહારે જિંદગી જીવવાનો અનુભવ રજનીકુમારને આ વર્ષોમાં મળ્યો. તરુબહેન ઉપરાંત બીજો મોટો સહારો ભૂપેન્દ્ર ત્રિવેદી, ભારતી ત્રિવેદી કે આકાશવાણીવાળા હસમુખ રાવળ, ધનુભાભી, અરુણ હરિયાણી- દિપ્તી હરિયાણી જેવા મિત્ર દંપતીઓનો હતો. જયંત રેલવાણી, રમેશ પારેખ અને રતિલાલ બોરીસાગર રજનીકુમાર માટે કોર્ટમાં સાક્ષી આપવા માટે ગોંડલ પણ ગયા હતા. રાજકોટના રમેશ પ્રધાને એમની ગાડી રજનીકુમારના હવાલે મૂકી દીધી હતી. તેમ છતાં સમસ્યા ઉકલવાને બદલે લંબાતી હતી.

એ ગાળામાં સાહિત્યનું સર્જન અને સંગીતનો શોખ ચાલુ રહ્યાં, પણ જે ઊંચાઈએ આંબવું જોઈએ એ ઊંચાઈને એ ગાળામાં ન આંબી શક્યાનો રજનીકુમારને કાયમી

અફસોસ રહી ગયો. સાહિત્યમાં વધુ રસ લઈ શકાય એ હેતુથી રજનીકુમારે બી.એ. અને એમ.એ.(અધુરું) કર્યું. તરુબહેન પણ સાથે જ હતાં. એ દરમિયાન સંઘર્ષની તલવારબાજી ચાલુ જ. કયારેક તો ચાલુ કલાસે દખલ પામી જવાય ત્યાં સુધીની. છતાં પણ જીવી ગયા. એ જ ગાળામાં તેમને યાસીન દલાલ જેવા જીવનના કેટલાક નિકટતમ મિત્રો સાંપડ્યા. યાસીન દલાલ, રતિલાલ બોરીસાગર, વિષ્ણુકુમાર મહેતા, અરુણ હરિયાણી, તરુબહેન અને રજનીકુમાર બધા જ સાથે વાંચવા માટે જાગરણ કરતા. 'અંજલિ' અને 'દૃષ્ટિ' જેવાં વાર્તામાસિકોથી પ્રખ્યાત થયેલા પ્ર.રા. નથવાણી જેવા સંપાદક લેખકમિત્રની પણ તેમને હૂંફ મળી. એ જ અરસામાં મોહમ્મદ માંકડ જ્યાં હતા ત્યાંથી બેઠે બેઠે જ સાહિત્યની બેટરી ચાર્જ કરી રહ્યા હતા.

એક દાયકાના ખતમ કરી નાખે એવા અદાલતી યુદ્ધનો અંત પણ નાટ્યાત્મક હતો. લગ્નના દિવસથી જ રજનીકુમારથી અલગ રહેતી તેમની માનસિક રીતે અસ્વસ્થ પત્ની અન્ય પુરૂષના સંપર્કથી સગર્ભા થઇ. આ વાત જાહેર થતાં રજનીકુમારના છૂટાછેડાના દાવામાં વજન ઉમેરાયું અને તેમની તરફેણમાં ચૂકાદો આવી ગયો.

પંદરમી ઑગસ્ટ, ૧૯૭૦ના દિવસે રાજકોટમાં આર્યસમાજની સાદી વિધિથી રજનીકુમાર અને તરુબહેન કાયદેસરનાં પતિ-પત્ની બન્યાં. રજનીકુમાર તરફથી ભૂપેન્દ્ર ત્રિવેદી- ભારતીબેન અને તરુબહેનના પક્ષેથી હસમુખ રાવળ-ધનુભાભી આટલાં જ લોકોની હાજરી હતી. એ પ્રસંગ વિશે રજનીકુમારની લાગણી : "આનંદ તો હતો જ, પણ શેરડીમાં છરકો મૂકો ને રસછોળ ઉડે એનો એમાં સ્વાદ નહોતો. બહુ ચાવ્યા, બહુ ચાવ્યા, બહુ ચાવ્યા પછી કુચ્ચાથી જીભ થોડી ગળી થાય એટલો, આશ્વાસનનો સહોદર એ આનંદ હતો." રજનીકુમારને કૂવામાં ઉતાર્યાના અફસોસ સાથે મરણપથારી પર તેમની માફી માગનારા પિતા દેવરામભાઇ પુત્રના સુખી દિવસો જોવા માટે હયાત નહોતા, પરંતુ લગ્ન પહેલાં તરુબહેન અવારનવાર જેતપુર જાય ત્યારે તે રાજી થતા હતા. તરુબહેન તેમનાં પુત્રવધૂ બન્યાં ત્યાર પહેલાં-પોતાના મૃત્યુના એક મહિના અગાઉ કાળા રેશમી કાપડ પર ભરેલા રંગીન ભરતને જોઈને તેમણે રજનીકુમારને કહ્યું હતું, "તારા કાળા પડી ગયેલા જીવનમાં આ છોકરી રંગીન ભરત ભરવા આવી છે."

★★ ★★ ★★

જામનગરની ઈન્ડસ્ટ્રિયલ બેંકમાં મેનેજર તરીકે ૧૯૭૦માં પોસ્ટિંગ થયું ત્યારે લગ્નપ્રપંચમાંથી માંડ મુક્ત થયેલા રજનીકુમારની વધુ એક પ્રપંચનો સામનો કરવાની કોઈ તૈયારી કે તાકાત ન હતી. પરંતુ એકાદ વર્ષ માંડ વીત્યું ત્યાં એક દિવસ આભ તૂટી પડ્યું. રજનીકુમાર પર ઉચાપતનો આરોપ આવે એવા સંજોગો બન્યા. રૂા. ૨૦,૦૦૦નો હિસાબ અને તેને લગતાં તમામ કાગળિયાં ગૂમ હતાં. થોડી તપાસ કરતાં રજનીકુમારને ખ્યાલ આવ્યો કે તેમના પહેલાં કામચલાઉ પોસ્ટિંગ પર આવેલા મેનેજરે આ કળા કરી હતી, પરંતુ આટલું સમજાય તે પૂરતું ન હતું. મૂળ ગુનેગાર ન પકડાય

ત્યાં સુધી શકમંદના પિંજરામાં રજનીકુમારને રહેવાનું હતું. શાળાજીવનથી મિત્ર એવા વકીલ ધીરુભાઈ ગેરિયાએ કહી દીધું હતું, 'જલદી જામીનની તૈયારી કર, પોલીસ તને ગમે ત્યારે પકડી શકે.' વ્યવહારુ વકીલે આત્મીયતાથી પૂછી પણ લીધું હતું, 'સાચું કહેજે. તે આ કામ ભૂલેચૂકેય કર્યું છે ? કર્યું હોય તો નિખાલસપણે એકરાર કરી દેજે, તો હું એ પ્રમાણે વિચારું.' જવાબમાં રજનીકુમારના ચહેરા પર વિષાદપૂર્ણ હાસ્ય પથરાઇ ગયું. 'તેમણે કહ્યું, 'મેં આ ઉચાપત નથી કરી. મારો આ એકરાર કોઇ સાચો નહીં માને, તું માનજે, વિદ્યાના સોગન.' શાળાજીવનમાં રજનીકુમારે અને ધીરુભાઈએ અનેક વાર સામસામે વિદ્યાના 'અમોઘ' સોગંદ ખાધા હતા, પણ વર્ષો પછી આ સંજોગોમાં વિદ્યાના સોગંદ ખાવા પડે એ સંજોગોની ક્રૂરતા હતી.

આવા સંજોગોએ રજનીકુમારની હાલત કેવી કરી હતી ? ''જાન્યુઆરી '૭૨ના દિવસો હતા. દર શિયાળે મારું વજન વધે એના બદલે આ કડવા ઝેર થઇ ગયેલા શિયાળે મારું વજન દસ કિલો ઉતારી નાખ્યું. જૂના જખમોમાંથી સાજો થઈને માંડ બહાર આવ્યો ત્યાં અચાનક પડેલા પ્રહારથી મારી તબિયત લેવાઈ ગઈ. આંખોની આજુબાજુ કાળાં ચકામાં પડી ગયાં અને આંખો ઊંડી ઉતરી ગઈ. ગાલે ચૂમકી પડવાથી બત્રીસ વર્ષની ઉંમરે ગાલ બોંતેર વર્ષના ડોસા જેવા ખાડા પડી ગયા. પોલીસની આવનજાવન બેંકના ચાલુ કામકાજના દિવસોમાં પણ શરૂ થઈ ગઈ. એમના ભારેખમ બૂટના પડછંદા દાદરા પર સંભળાતાંવેંત મારા હાથ ધ્રૂજવા માંડતા... (એ વખતે) એક મોટું આશ્વાસન અને આશરો હતા લેખક-પત્રકાર પ્ર.રા.નથવાણી. ...પોલીસનું વર્તન મારા તરફ નરમ રખાવવામાં એમના વાણી-પ્રભાવ અને વ્યક્તિત્વનો મોટો ફાળો હતો...''

એ વખતે રજનીકુમાર રેશનાલિસ્ટ બન્યા ન હતા. એમણે મંત્ર-તંત્ર જાણનારા અને બાવા-નજૂમીઓનો સંપર્ક પણ કર્યો. દિવસો સુધી આ પ્રપંચયોગ ચાલ્યા પછી એક દિવસ અચાનક મામૂલી લાગતો એક માણસ બેંક પર મળવા આવ્યો અને રજનીકુમારની સાથે એમને ઘેર જવાનો આગ્રહ કરવા લાગ્યો. 'મારી આગળ વખત નથી. બૈરીને કહ્યું છે કે સાંજ પહેલાં ઘરે આવી જઇશ. એટલે આવવું હોય તો હાલ ને હાલ આવો. નકર થયું. છેક રાજકોટથી જામનગર તમારા માટે જ આવ્યો છું.'

આ એ જ માણસ હતો જેણે બે ચેકની મદદથી વીસ હજાર રૂપિયા ઉપાડ્યા હતો ! અલબત્ત, એ કાવતરાનો ભાગીદાર નહીં, પણ એક પૂર્જો હતો જેનો પહેલાંના મેનેજરે ફક્ત હાથા તરીકે ઉપયોગ કર્યો હતો. હકીકતમાં જૂના મેનેજરે બધા પુરાવા સળગાવી માર્યા હતા, પણ આ હાથાને કાયમ હાથવગો રાખવા માટે તેને પણ પોલીસની બીક બતાવવા માંડી. 'ચેક પર તારી સહી છે, એટલે પોલીસ તો તને પકડશે.'

સહી કરનારની ઊંઘ હરામ થઈ જવાથી તેણે પત્નીને વાત કરી. તેની પત્નીએ નવા મેનજર(રજનીકુમાર)ને મળીને બધી કબૂલાત કરી લેવાની સલાહ આપી. એ

પ્રમાણે તે જામનગર આવીને રજનીકુમારને મળ્યો. "પટાવાળાનાય પટાવાળા લાગે એવા એ માણસે મારી પાસે સિનેમા દેખાડવાની-બટાટાવડા ખવડાવવાની અને જાતજાતની ફરમાઈશો પૂરી કરવાની સેવા કરાવડાવી." પણ પોલીસ સમક્ષ સચ્ચાઈની કબૂલાત કરી લીધી. જૂના મેનેજરનાં કારસ્તાન ખુલ્લાં થયાં અને રજનીકુમારને હાશકારો થયો. આ વાત માર્ચ, ૧૯૭૧ની.

★★ ★★ ★★

રજનીકુમારની એક પછી એક યુદ્ધ લડી રહ્યા હતા, ત્યારે તેમના કોલેજકાળના જિગરી દોસ્તો પોતપોતાના સંઘર્ષમાં મશગૂલ હતા. સ્વપ્નશીલ વસંત દેસાઈ સ્વપ્નમહેલને રેઢો મૂકીને બૉમ્બે નોકરી કરવા ચાલ્યા ગયા. માટુંગામાં બનેવીને ત્યાં રહેતા અને મહાનગરીમાં હાલાકીભર્યું જીવન જીવતા હતા. નટુભાઈ અંબાણી પણ બૉમ્બેમાં એમની મસ્જિદ બંદર ઉપર નરસી નાથા સ્ટ્રીટ ઉપર આવેલી રિલાયન્સ કૉમર્શિયલ કૉર્પોરેશન નામની નાનકડી પેઢીમાં પરસેવો પાડતા હતા. સૌથી વૈભવી જીવન વીનેશ પટેલનું હતું. તેનો સ્વાદ ઘણીયે વાર રજનીકુમારને ચાખવા મળતો હતો. ત્યાં જઈને બબ્બે દિવસ રહીને રજનીકુમાર વાસ્તવિકતાને ભૂલી આવતા હતા. વીનેશ પટેલને રજનીકુમાર પર પ્રેમનો ઊભરો આવે ત્યારે એક્સપ્રેસ પત્ર લખવાની ટેવ હતી. એક્સપ્રેસ ડિલીવરી હવે નથી. એ વખતે હતી. રજનીકુમારને દુઃખે એ દુઃખી રહેતા. એક વાર રૂપિયા અઢાર માટે રજનીકુમારને દુઃખી થતા જોઈને તેમણે લખ્યું હતું : "ગમે ત્યારે પૈસા જોઈએ તો મારી પાસેથી મગાવી લેજો. તમને મારા સમ છે." જો કે રજનીકુમારે એવો કોઈ પ્રસંગ આવવા દીધો નહોતો. તેમણે લખ્યું છે, "મૈત્રીની એટલી ગરિમા મેં મહામહેનતે જાળવી લીધી હતી."

રજનીકુમારનો મુકામ ગઢડા હતો, એ વખતે ૧૯૬૧માં મે માસમાં એક દિવસ વીનેશ પટેલનો પત્ર આવ્યો : "માટુંગા સ્ટેશને ટ્રેનના પાટા ઓળંગતાં આપણો દોસ્ત વસંત દેસાઈ ટ્રેનની હડફેટે આવી ગયો. ત્રણ મિનિટમાં એ જ સ્થળે ખેલ ખલાસ ! ગજવામાંથી નીકળેલા ધોબીના બિલ પરથી એનાં નામ-ઠામ પોલીસને મળ્યાં."

રજનીકુમારને એકદમ અરેરાટી થઈ ગઈ. અરે ક્યાં ગયાં એ બધાં સુગંધી સ્વપ્નો ? ક્યાં ગયો એ હસમુખો ચહેરો ? ક્યાં ગઇ એ સ્વપ્નિલ આંખો ? અને એના સુંદર પટિયાં પાડેલા વાળવાળો ચહેરો ? એની સ્વપ્નરાણી અને એની ઢગલાબંધ સાડીઓ ? એનો રાતરાણી અને ગુલાબવાળો મહેલ ? એના તીવ્ર ગમાઓ અને અણગમાઓ ? ક્યાં ગયા ? એ વખતે સમજાયું કે એ બધો ત્રણ મિનિટનો મામલો હતો. ત્રણ મિનિટમાં વી.ડી.ની અઠ્ઠોતેર વરસની જિંદગીના નકશાની રેખાઓ ઉપર લાલ લાલ લોહીનું પૂર ફરી વળ્યું.

"નટુભાઈને સમાચાર આપ્યા ?" વી.ડી.ના ઘરે જઇ આવ્યા પછી વીનેશ પટેલે રજનીકુમારને પૂછ્યું હતું.

"એમનું સરનામું બદલાયું લાગે છે." રજનીકુમારે કહ્યું : "પત્ર નથી."

"એમની પણ ચિંતા થાય છે."

"કેમ ?"

"કોઈ જિગરી મિત્ર બૉમ્બે રહે એટલે..."

વીનેશ પટેલના મનના પડદા ઉપર લોકલ ટ્રેનની દેમાર ખટાખટ અને પાટા ઉપર રેલાઈ જતું લાલ લાલ લોહી દેખાયાં હશે. એટલે તેમણે રજનીકુમારને કહ્યું, "આર.ડી.. તમે કદી બૉમ્બે રહેવા જતા નહીં."

એમના મનની વાત પામી ગયેલા રજનીકુમારે કહ્યું હતું, "વીનેશ, બૉમ્બે રહેનારને અકસ્માત થાય છે એ સાચું પણ એ હમેશાં જીવલેણ નથી હોતા. ન્યાલ કરી નાખનારા પણ હોય."

લેખક હોવાના વહેમમાં રજનીકુમારને આવું કંઈક ચમત્કૃતિવાળું બોલવાની ટેવ હતી. પણ પાછળથી એ શબ્દો કેવી અદ્‌ભુત રીતે સાચા પડ્યા હતા ? નટુભાઈ અંબાણી રિલાયન્સના સૂત્રધારો-સ્થાપકોમાંના એક બન્યા અને ૧૯૭૬માં વીસ વર્ષોના ખોરવાયેલા પત્રવ્યવહાર પછી વીનેશ પટેલ-રજનીકુમાર સાથે તેમનું પુનઃમિલન થયું.

વીનેશ પટેલ સાથે રજનીકુમારને ઘણી વાર ઘણી ઉગ્ર ચર્ચાઓ અને ટપાટપી થાય ત્યારે પણ તે છૂટા પડતી વેળાએ રજનીકુમારનો હાથ હાથમાં લઈને કહેતા, "છૂટક છૂટક એન્ટ્રીઓ ન જોવી તમારે. દોસ્તીનો ચોપડો એવો હોય છે કે એમાં ઘણી બધી જમા-ઉધાર એન્ટ્રીઓ હોય છે, જોવું હોય તો સરવૈયું જોવાય." વીનેશ પટેલ તો ૧૯૮૧માં વી.ડી. પાસે પહોંચી ગયા-પાછળથી (૧૯૯૮માં) નટુભાઈ પણ તેમની સાથે જોડાયા— પરંતુ વીનેશ પટેલની મૈત્રી વિશેની આ ભાવના રજનીકુમાર બરાબર આત્મસાત્ કરી શક્યા છે. તેનો લાભ ઘણા મિત્રોને મળ્યો છે અને ગેરલાભ લેનારા 'મિત્રો'ની સંખ્યા પણ ઓછી નથી.

☆☆ ☆☆ ☆☆

૧૯૭૬માં રજનીકુમારના પરમ મિત્ર અને તેમની વાર્તાઓના પ્રેમી વિનોદ ભટ્ટ તેમને વાર્તાસંગ્રહ કરવા માટે પ્રેમભર્યું દબાણ કરવા લાગ્યા. તેમણે રજનીકુમારનો ભેટો 'રૂપાલી પ્રકાશન'વાળા ભીખાભાઈ ઠક્કર સાથે કરાવ્યો. ભીખાભાઈએ ધીમું ધીમું હસીને વ્યવહારુ વાત કરી, "તમારું નામ ટૂંકી વાર્તાકાર તરીકે જાણું છું, પણ તમારું બજાર ક્યાં છે ? તમારા પુસ્તકો લેશે કોણ ?" લાંબી રકઝકને અંતે નક્કી થયું કે રજનીકુમાર પોતાની વાર્તાનું પુસ્તક પ્રકાશિત કરવા માટે પ્રકાશકને નવસો રૂપીયા આપે. સામા પક્ષે પ્રકાશક તેટલી કિંમતનાં પુસ્તકો રજનીકુમારને આપે. શરત આકરી હતી. કારમી આર્થિક તંગીમાં એ વિશેષ આકરી લાગે એવી હતી, પણ પુસ્તક પ્રકાશિત કરવાની ઈચ્છા સંતોષવા અને વિનોદ ભટ્ટના આગ્રહનું માન રાખવા માટે રજનીકુમારે શરત મંજૂર રાખી. આમ, તેમનો પહેલો વાર્તાસંગ્રહ 'ખલેલ' પ્રકાશિત થયો. એમ તો ૧૯૬૮માં રજનીકુમારે જાતે 'બ્રધર્સ કેરમેઝોવ અને દોસ્તોએવ્સકી' નામની પુસ્તિકા પ્રકાશિત કરી

હતી. જે એમ.એ.માં અભ્યાસ કરતાં તરુબહેન માટે તેમણે બનાવેલી નોટ્સનું મુદ્રિત સ્વરૂપ હતું. રજનીકુમારનું તે મૌલિક સર્જન નહોતું. એ રીતે 'ખલેલ' રજનીકુમારનું પ્રથમ પુસ્તક બન્યું. તેને શ્રેષ્ઠ પુસ્તક તરીકેનું બીજું ઇનામ પણ મળ્યું. અલબત્ત, ઇનામના ત્રણસો રૂપિયા બાર વર્ષે જ પાકનારા બોન્ડ રૂપે મળવાના હતા.

☆☆ ☆☆ ☆☆

એ અરસામાં સુરેશ જોષીવાદી વાર્તાની બોલબાલા થઇ હતી. તેમાં ઓછી પ્રતિભા ધરાવતાં અનેક નામો જે રીતે ઉછળતાં અને ગ્લેમરાઇઝ્ડ થતાં, તેનાથી રજનીકુમાર લઘુતાગ્રંથી અનુભવતા હતા. તેમની પોતાની કોઈ મુદ્રા ઉપસી ન હતી એ પણ એક કારણ હતું. એ વખતે પ્ર.રા. નથવાણી અને મોહમ્મદ માંકડ તેમને ભારપૂર્વક કહ્યા કરતા કે એ બધાં ભૂલાઈ જશે પણ તમે રહેશો. નથવાણી તો આ વાતને પોતાના જ્યોતિષ જ્ઞાનનું પણ સમર્થન ટેકવતા.

ગૂંચવાડાના એ આલમમાં રજનીકુમારને મોહમ્મદ માંકડ તરફથી 'સંદેશ'માંથી કોલમ લખવાનું આમંત્રણ મળ્યું. શરૂઆતમાં રજનીકુમારે ઘણી આનાકાની કરી હતી. કટારલેખન વિષે તેમના મનમાં કેટલાંક ગૃહીતો હતાં. માત્ર ફિલ્મી ગપશપ, ધર્મ, સસ્પેન્સ, ચિંતન, આરોગ્ય, ક્રિકેટ, સ્ટેમ્પ કલેકશન, જ્યોતિષ, રાજકારણ, નાણાંબજારના પ્રવાહો કે બહુ બહુ તો જ્ઞાનવિજ્ઞાન વિષે જ કટારો લખી શકાય એમ એ માનતા હતા અને આ વિષયોમાં તેમની ચાંચ ડૂબતી નહોતી. તે ટૂંકી વાર્તાના માણસ હતા. સપાટી પરના પ્રસંગો લખવાની તેમની ફાવટ નહીં અને વૃત્તિ પણ નહીં. તેમ છતાં મોહમ્મદ માંકડે આગ્રહ છોડ્યો નહીં. તેમણે સમજાવ્યું કે તમે જીવનના કોઈ રહસ્ય ઉપર આધારિત ટૂંકી વાર્તાઓ લખો છો, તો આ કટારમાં પણ એવું જ કંઈક લખો. કોલમનું નામ પણ તેમણે જ પાડી આપ્યું : ઝબકાર ! એ દિવસોમાં પત્રકાર કાંતિ ભટ્ટની બોલબોલા હતી. એમની ઘરેલુ શૈલીએ વાચકો પર ભૂરકી છાંટી હતી. રજનીકુમારના મનમાં પણ એ જ જાતની ડિઝાઈન હતી કે કાંતિ ભટ્ટ જેવી શૈલીમાં એવાં પાત્રોના પરિચયો લખીશ કે જેમની વાતોમાં જીવનના અવનવા રંગો વરતાતા હોય.

રજનીકુમાર ઇન્ડસ્ટ્રિયલ બેન્કમાં મેનેજરની વગદાર પોસ્ટ પર હતા ત્યારે 'અંજલિ' અને 'દષ્ટિ' જેવાં વાર્તા સામયિકોના સંપાદક પ્ર.રા. નથવાણી સાથે ફરીને કેટલાક ફરમાસુ ઇન્ટરવ્યૂ લખી આપવાનું કામ તેમણે કર્યું હતું. સારા વાર્તાકાર તરીકે રજનીકુમારને નથવાણી વર્ષોથી ઓળખતા હતા. તે રાજકોટમાં સ્થાયી થયા એટલે હોટેલ ધર્મરાજમાં રોજ સાંજે દામુ સાંગાણી, (પાછળથી હાસ્ય અભિનેતા બનેલા)રમેશ મહેતા, નથવાણી અને રજનીકુમારની મંડળી મળતી. તેમાં નથવાણી પોતાના વાર્તામાસિકમાં જાહેરખબરો મેળવવા માટે રજનીકુમારને સાથે રાખતા હતા. રજનીકુમારની સાયકલ પાછળ બેસીને નથવાણી ઇન્ડસ્ટ્રિયલ એસ્ટેટમાં ફરતા અને પોતાના સામયિકથી માંડીને પોતાના જ્યોતિષ જ્ઞાન જેવાં વિવિધ શસ્ત્રો સમય અને સંજોગો પ્રમાણે પ્રયોજીને સામેની પાર્ટીને પલાળતા.

જાહેરખબરના બદલામાં 'પાર્ટી'નો ઈન્ટરવ્યૂ લેવાનું કામ રજનીકુમારનું હતું. આ જાતના લખાણનું કોઈ જ સાહિત્યિક મૂલ્ય નહોતું. કારણ કે એ બધા જાહેરખબર આપનારા નાના નાના વેપારીઓ કે કારખાનેદારોના ઈન્ટરવ્યૂ હતા. એ લોકો ગામડેથી વખાના માર્યા શહેરમાં આવ્યા. નાની મૂડીએ ઉદ્યોગ ધંધા કર્યા અને પછી કંઈક તરતીમાં આવ્યા એવી વન-લાઈન સ્ટોરી બધાની વાતોમાં સામાન્ય તત્ત્વ જેવી હતી. આવા ઢગલાબંધ ઈન્ટરવ્યૂ લખી આપવામાં રજનીકુમારને બે પૈસા આર્થિક લાભ થવા ઉપરાંત મોટો ફાયદો એ થયો કે સામાન્ય ગામડિયા જણ કે નાના કારખાનેદારના જીવનની એવી વણકહી વાતો પણ ક્યારેક સામે આવી જતી કે જે તેમનામાં પડેલા વાર્તાકારને કોઈ જગ્યાએ બહુ ભાવી જતી. તેમાંથી અનેક રૂપાંતરણો સાધીને રજનીકુમારે સર્જેલી વાર્તાઓ સાહિત્યિક વર્તુળોમાં પણ બહુ વખણાતી અને 'નવનીત' કે 'સમર્પણ' જેવામાં પણ સ્થાન પામતી. આમ ફરમાસુ ઈન્ટરવ્યૂની મુખ્ય આર્થિક પેદાશ કરતાં તેની સાહિત્યિક આડપેદાશ રજનીકુમારને ઘણો જશ અપાવતી હતી. એ જ અનુભવના વિશ્વાસે રજનીકુમાર 'ઝબકાર' લખવા માટે રાજી થયા.

★★ ★★ ★★

'ઝબકાર'નો પહેલો લેખ રજનીકુમારે જૂનાગઢના મરચાં-મસાલાની હાટડી ચલાવતા શિવલાલ તન્ના વિશે લખ્યો. તન્ના હાટડીમાંથી ફિલ્મ બનાવવાના રવાડે ચડ્યા હતા અને 'બહુરૂપી' નામની ફિલ્મ બનાવી હતી. ગુજરાતીની પહેલી આર્ટફિલ્મ ગણાયેલી 'બહુરૂપી'- ને ગુજરાત સરકારના ઢગલાબંધ એવોર્ડ્ઝ મળ્યા હતા, પણ રજનીકુમારને એ વાતોમાં રસ નહોતો. 'બહુરૂપી' પછીની તન્નાની ફિલ્મ ટિકિટબારી પર નિષ્ફળ ગઈ અને ફરી પાછો એ મરચાં જોખવા બેસી ગયા એ વાત રજનીકુમારના રસનો વિષય હતો. તેમણે કાંતિ ભટ્ટની શૈલીમાં તન્નાની કથાનું આલેખન કર્યું. ત્યાર પછી તો 'ઝબકાર' નિમિત્તે તેમણે આવી અનેક કથાઓ લખી, પણ બે-ત્રણ હપ્તામાં જ તે કાંતિ ભટ્ટની ઢબછબમાંથી સ્વયમ્ મુક્ત થયા. તેમનામાં રહેલા અસલ વાર્તાકારની શૈલીએ કાંતિ ભટ્ટની જગ્યા લઈ લીધી. પોતાની શૈલીમાં આવેલા આ પરિવર્તન પાછળથી તેમણે નોંધ્યું હતું, "સ્થૂળ ઘટનાઓની અવાંતરે પડેલી સૂક્ષ્મ ઘટનાઓના પડ ઉખેળવામાં મને વિશેષ રસ પડવા માંડ્યો. ઈન્ટરવ્યૂ લેતી વેળા સવાલ-જવાબના પ્રવાહની નીચે પ્રચ્છન્ન રહેલો બીજો પ્રવાહ મને વધુ દર્શનીય, રસદાર અને વધુ પામવાજોગ લાગ્યો, કારણ કે અસલ વાર્તાઓ એમાં પડી હતી. જિંદગીના વૈષમ્યો, વિચિત્રતાઓ, વિસ્મયો અને વક્રતાઓ પ્રગટ જવાબોમાંથી નહીં, મૂગા હોઠમાંથી, ખામોશ આંખોમાંથી, નહીં વ્યક્ત થયેલા, કૂદાવી જવાયેલા પ્રતિભાવો જો વાંચતા આવડે તો એમાંથી ઠલવાતાં હતાં. મારા માટે એ બધું જ પરમ રસનો વિષય બની રહ્યું."

'સંદેશ'માં રવિવારની પૂર્તિમાં ૧૯૮૯ સુધી ચાલુ રહેલી 'ઝબકાર'ને વાચકોનો જબરદસ્ત પ્રતિસાદ સાંપડ્યો. ખૂણે ધકેલાઇ ગયેલાં અનેક જૂનાં-નવાં પાત્રો અને સંસ્થાઓ

પ્રકાશમાં આવ્યાં. તેમના જીવંત આલેખનથી વાચકોમાં રહેલી શુભ ભાવનાને જાણે કે પ્રગટ થવાનું નિમિત્ત મળ્યું. 'ઝબકાર'માં કરાયેલી સૂક્ષ્મ-કલાત્મક અપીલોથી અનેક વ્યક્તિઓ અને સંસ્થાઓને માતબર રકમનાં દાન-સહારો અને સામાજિક સ્વીકૃતિ મળ્યાં. સમાજસેવાના કોઇ પણ દાવા વિના શરૂ થયેલી આ કોલમ દ્વારા અખબારી જગતમાં અનન્ય કહી શકાય એવી સમાજસેવા થઇ શકી.

રજનીકુમાર પણ 'ઝબકાર'થી ઘણું ખાટ્યા. તેમણે કબૂલ્યું છે કે જે લોકચાહના તેમને કોલમથી મળી તે માત્ર તેમના વાર્તાલેખનના કારણે ન જ મળી હોત. " કટાર લેખનને કારણે મારાથી કલમ દ્વારા મારા માટે તો અપૂર્વ જ કહી શકાય તેવી સમાજસેવા થઈ શકી. સાહિત્યિક સમાજલક્ષી કટારલેખને મને સર્વોચ્ચ સરકારી કે બીજા એવોર્ડ અપાવ્યા, પણ વધુ સંતોષ મને ત્યારે થયાં કે જ્યારે મારી સામાજિક વિશ્વસનીયતા ઊભી થઈ. એક વાચકે પોતાના વીલમાં અમુક રકમ મારા નામે પણ લખી હતી કે જે મારે અમુક સદ્કાર્યમાં વાપરવાની હતી. અમે એકબીજાને મળ્યા નહોતા, પણ મારા ચરિત્રમાં એમણે માત્ર મારી કલમ દ્વારા જ વિશ્વાસ મૂક્યો હતો."

રજનીકુમાર જેવા ડીપ્રેશનમાં પ્રવેશી ગયેલા લેખક માટે લોકપ્રિયતા એ 'લાઈફ-સેવિંગ ડ્રગ' જેવી સાબિત થઇ. 'ઝબકાર'ની પ્રચંડ લોકપ્રિયતાના પગલે આર. આર. શેઠ કંપનીના શ્રી ભગતભાઈ શેઠ સામે ચાલીને રજનીકુમારને મળવા નવસારી આવ્યા અને તેમની સાથે રોયલ્ટીનું નક્કી કરીને પુસ્તકનો કરાર કરી ગયા. ('ખલેલ' વાર્તાસંગ્રહ માટે દસ વર્ષ પહેલાં રજનીકુમારે ગાંઠના નવસો રુપિયા ચુકવવા પડ્યા હતા.) ઉપરાંત 'ઝબકાર'નાં ઘણાંખરાં પાત્રો સાથે રજનીકુમારને નજદીકી સંબંધો બંધાયા, જેમાંથી રજનીકુમારનાં વ્યક્તિત્વનાં અનેક ઉમદા માનવીય પાસાં પ્રગટ થવાનાં હતાં.

☆☆ ☆☆ ☆☆

લોકપ્રિય કટારલેખનને કારણે રજનીકુમારનું વાર્તાલેખન મરી જશે એમ માનનારા શુભેચ્છકો ઘણા હતા. તેમણે પાછળથી પોતાના વિચારો ફેરવ્યા અને નિખાલસતાપૂર્વક રજનીકુમાર સમક્ષ એકરાર કર્યો. (તેમાંથી રમેશ પારેખ અને કિરીટ દૂધાતના આ મતલબના પત્રો આ પુસ્તકમાં સમાવવામાં આવ્યા છે.) રજનીકુમારે કોલમની લોકપ્રિયતા માણી ખરી, પણ એનાથી ક્યારેય દોરવાયા નહીં. લોકપ્રિયતાનું ઝેર તેમની સર્જકતાને ખતમ ન કરી શક્યું તેનું આ એક સજ્જડ કારણ હતું.

'ઝબકાર' (એટલે કે શબ્દચિત્રો)માં જો સર્જનાત્મકતા ન હોત અને નર્યું પ્રાસંગિક આલેખન કે અહેવાલત્વ જ હોત તો ચં.ચી. મહેતા, કૃષ્ણવીર દિક્ષીત, જયંત કોઠારી, મનુભાઈ પંચોલી 'દર્શક' જેવા મૂર્ધન્ય સર્જકો અને વિવેચકો એના પર વારી ન ગયા હોત. 'સંદેશ' ની એક કોલમમાં પ્રગટ થયેલો તેમનો લેખ ગુજરાતી સાહિત્ય પરિષદના ૧૯૯૭ની શ્રેષ્ઠ વાર્તાઓના સંગ્રહમાં સ્થાન પામ્યો હતો. એવી જ એક કોલમને 'ધ સ્ટેટસમેન'-(કલકત્તા)નો રાષ્ટ્રીય કક્ષાનો એવોર્ડ મળ્યો. અલબત્ત એ એવોર્ડ પત્રકારત્વ માટેનો હતો,

પણ એવોર્ડ આપતી વેળા તેની સાહિત્યિક લખાવટ પણ ધ્યાનમાં લેવાઈ હતી.

'ઝબકાર' વિશેના પોતાના ખ્યાલો સ્પષ્ટ કરતાં રજનીકુમારે જનક ત્રિવેદીને ૧૩-૦૧-૯૫ ના એક પત્રમાં લખ્યુ હતું, ''ઝબકાર' લખ્યા પછી એ દારૂગોળામાંથી વાર્તા ન સર્જાય એ ખ્યાલ જ મેં ખોટો પાડ્યો છે. નમૂનો : 'ઝબકાર'માં મેં 'સવિતાનું ડુબવું તે' (દિલીપ રાણપુરાની પત્ની)ની વાત લખી... એના પરથી મારી યશસ્વી વાર્તા 'ચંદ્રદાહ' લખી... 'ઝબકાર' નિમિત્તે હું જીવન ખેડું છું- પાક લઉં છું- એમાંથી જ પછી ચૂંટીચૂંટીને વાર્તાઓ સ્વતંત્ર રૂપે સર્જું છું. 'ઝબકાર' ન હોત તો હું આટલો રંગસમૃદ્ધ ન હોત. એના મિષે મારી પાસે દુનિયા ખુલી ગઇ. હું વાર્તાઓને અભડાવા દેતો નથી. ને બીજા અધિક ફાયદો એ કે ચરિત્રલેખનનું એક નવું સ્વરૂપ આપી શક્યો. 'ઝબકાર' અને વાર્તા મારે માટે વિકલ્પાત્મક નથી. વાર્તા પ્રેમિકા છે. ભાગ્યે જ મળાય, પણ દિલથી મળાય. 'ઝબકાર' પત્ની છે. એય વહાલી છે. 'રોટલા' એ ખવડાવે છે, પણ એના આશ્લેષમાંય પ્રેમિકા તો છાતીસરસી જ છે. એટલે આટલા બધા 'ઝબકાર' લખી શક્યા, તેમ આટલી બધી વાર્તા લખી શક્યો હોત તેમ માનીશ નહીં. વાર્તા તો વર્ષમાં બેચાર વાર જ સર્જી શકાય. 'ઝબકાર' મારા માટે રિયાઝ છે, જેને કારણે મારું ગળું ખુલ્યું અને બેચાર સારા ગાણાં(વાર્તા) આપી શક્યો. એવી રીતે મારા 'ઝબકાર' એ જન્મતાં જન્મતાં રહી ગયેલી વાર્તાઓ નથી, પણ જન્મવા માટેના તૈયાર ભ્રમ છે.— જો કાગળ પર આ 'ઝબકાર' ન ઉતરી હોત તો ખોવાઇ જાત. ઇચ્છું છું ત્યારે વાર્તાઓ એમાંથી જ સર્જું છું. એટલે ('ઝબકાર'ને લીધે વાર્તા લખી શકતો નથી એમ વિચારીને) દુ:ખી થઇશ નહીં."

'ઝબકાર'ને સાહિત્યનું કયું સ્વરૂપ કહેવાય, એ મુદ્દો ઠીકઠીક ચર્ચાયો હતો. ૧૯૮૪માં પ્રકાશિત થયેલી 'ઝબકાર-૧'ની પહેલી આવૃત્તિની પ્રસ્તાવનામાં રજનીકુમારે લખ્યું હતું, "આ શું છે ? સાહિત્યમાં આવે કે નહીં ? કયા પ્રકારમાં આવે ? આને ઇન્ટરવ્યૂ ગણાય કે શબ્દચિત્રો ? વાર્તા ગણાય ? કે કોઇ વર્ણસંકરિયો પ્રકાર ગણાય ? કશું હું કહી શકું તેમ નથી. ચોકઠું નક્કી કરીને એમાં હું લખવા પેઠો નથી. જે લખ્યું-લખાયું છે તેને જે લેબલ ચોડવું હોય, જે ચોકઠામાં મૂકવું હોય તે વાચકો-વિવેચકો નક્કી કરે. મારે મન એક જ કસોટી છે. વાચકોને એમાં જીવનનો સંસ્પર્શ અનુભવાયો કે નહીં ? જો 'ના' હોય તો એનાં કારણો તપાસવા માટે પાછળ નજર કરવી છે અને જો 'હા' હોય તો હજુ આગળ જવું છે."

'ઝબકાર'ની સફળતાનાં અનેક રહસ્યોમાંનું એક રજનીકુમારના નિવેદનના અંતભાગમાંથી મળી જાય છે. તેમણે લખ્યું છે, "વાચકો એમ માને તો હું વધુ રાજી થઇશ કે આ હું તેમના વતી જ લખી રહ્યો છું અને પોતે લખે તો આમ જ લખે."

☆☆ ☆☆ ☆☆

'ઝબકાર'માં રજનીકુમારનો સોળ આની હકારાત્મક અભિગમ કેટલીક વાર ટીકાનો

[illegible] પણ બન્યો. મહેસાણાના તુલસીભાઈનો ૨૧-૦૫-૮૬નો પત્ર આ જાતનો એક નમૂનો છે. તેમણે લખ્યું છે, "('ઝબકાર'ના) સત્યપ્રસંગોમાં આપ છેતરાયા હો, એવો મને બે-એક પ્રસંગોથી અનુભવ થયો છે. હું બે-એક પ્રસંગો વિશે જાણતો હોવાથી 'બે-એક' લખું છું. બાકી ઘણાબધા પ્રસંગોમાં એવું ન બન્યું હોય, એમ કેમ કહી શકાય?...દાનનો પ્રવાહ વહેતો થાય એ પ્રકારે આપ લેખો તૈયાર કરો છો. સુપાત્રે દાન તો બરાબર છે, પણ કુપાત્રે દાનથી તો દાન કરનાર પાપનો ભાગી બને અને આંગળી ચીંધામણનું પાપ આપનેય લાગે જ!... ગુજરાતમાં સાચેસાચ મહિમાવંત વ્યક્તિઓ નથી કે આપને શૈલીના આશ્રયથી રાઈનો પર્વત કરવો પડે છે ? આપને શૈલી સિદ્ધ થઈ, તેનો અર્થ એવો તો નહીં જ કે ફાવે તેમ ફટકાર્યે રાખીએ !"

'ઝબકાર'ના સ્વરૂપ વિશે રજનીકુમારનો અભિગમ બહુ સ્પષ્ટ હતો. 'સંદેશ'માંથી રજનીકુમાર 'ગુજરાત સમાચાર'માં ગયા ત્યારે 'ઝબકાર'નું નામ થયું 'ગુલમહોર'. એ કૉલમમાં પ્રગટ થયેલા લેખોના સંગ્રહ 'ગુલમહોર'માં રજનીકુમારની કેફિયત 'ઝબકાર'નાં તેમનાં ઘણાંખરાં લખાણોને લાગુ પડે છે.

"હું ગામડિયા મેળામાં સ્ટોલ નાખીને થોડી વાર માટે બેઠેલો ફરંદો ફોટોગ્રાફર છું. મારા આલ્બમમાં કલાકૃતિઓ ના શોધશો. પાત્રોએ હસતું મોં રાખ્યું છે ત્યારે જ મેં ચાંપ દાબી છે. તડકા તરફ જ કેમેરા ગોઠવ્યો છે. ચીતરેલા પડદા ભલે મેં પાત્રોની પાછળ ટીંગાડ્યા નથી, ને પાત્રો પર મેઈક અપ પણ નથી કર્યો. હા, ગમતા ઍંગલથી ફોટો ખેંચ્યો છે એ કબૂલ."

આ જ લાગણી તેમણે તુલસીભાઈના પત્રના જવાબમાં શબ્દફેર સાથે વ્યક્ત કરી. ટાઈફોઈડમાં સપડાયા હોવા છતાં તરત જવાબ પણ લખ્યો, એટલે તુલસીભાઈનો વળતો પત્ર(૩૧-૦૫-૮૬) આવ્યો: "ઝબકારમાં માણસની ઉજળી બાજુ પર પ્રકાશ પાડવાનો આપનો આશય પ્રશસ્ય છે, એટલું જ નહીં, તમારા આ ઉદ્દેશથી મારો પોતાનો દ્રષ્ટિકોણ સાફ થયો છે. આ ઉમદા કાર્ય તમે કર્યું, તે માટે હું તમારો હ્રદયપૂર્વક ઋણી છું...અસ્વસ્થ તબિયત છતાં આટલો વિસ્તૃત ખુલાસો આપે કર્યો, તેથી ખરેખર ગદ્ગદ થવાય છે."

અપવાદરૂપ બે-ત્રણ 'ઝબકાર'માં પાત્ર કે સંસ્થા નારાજ થઈ જાય એવું લખાણ લખવાનું પણ બન્યું હતું. તેમાં મુખ્યત્વે અંધશ્રદ્ધાળુ પ્રવૃત્તિ કે પાત્રની આડોડાઈ કારણભૂત હતી. 'ઝબકાર'માં હકારાત્મક મૂલ્યોને ઉજાગર કરતા રજનીકુમાર પંડ્યા 'મનબિલોરી'ની કથાઓમાં મનુષ્યના આંતરિક વિરોધાભાસોને સુપેરે ઉપસાવી શક્યા છે. એક પત્રમાં તેમણે લખ્યું હતું, "મારું સિનીસીઝમ મારી વાર્તાઓમાં દેખાય-'ઝબકાર'માં નહીં." ૧૯૭૬માં મોહમ્મદ માંકડે મારી વાર્તાઓ વિશે મારા 'ખલેલ' સંગ્રહમાં લખ્યું કે, 'તમે બહુ ક્રૂર છો. પાત્રોને ઊભાં ચીરી નાખો છો ને નાગાં કરી નાખો છો.' 'મનબિલોરી'ની મારી કથાઓમાં મનુષ્ય સ્વભાવની ટીકાઓ ઠાંસીઠાંસીને ભરી છે. મારી જાતને પણ ક્યારેક મેં એમાં ચાબખે ચાબખે મારી છે- એમાં મારું સિનીસીઝમ સોળે કળાએ દેખાશે..."

★★ ★★ ★★

કોલમની જબરદસ્ત સફળતાથી રજનીકુમાર માટે ઘણા બંધ ફાટક ખૂલ્યા. હરકિસન મહેતાએ તારક મહેતા દ્વારા કહેણ મોકલીને રજનીકુમારને 'ચિત્રલેખા'માં થોડું લખતા કર્યા. 'ચિત્રલેખા'ના ગુજરાતના બ્યુરોચીફ મહેન્દ્ર દેસાઈની વિદાય પછી બે-અઢી વર્ષ સુધી તેમણે રજનીકુમારની શરતો માન્ય રાખીને તેમને ગુજરાતના બ્યુરો ચીફ બનાવ્યા. (રજનીકુમારની કેટલીક શરતો : "હું મારા ઘેરથી જ ઓફિસ ચલાવીશ, ક્યાંય નોકરી કરવા નહીં આવું. પગાર નહીં, પણ રીટેઈનીંગ ફી લઈશ, બીજો બધો તમામ આનુષંગિક ખર્ચો લઈશ.")

'ઝબકાર'ની પ્રચંડ સફળતાથી ૧૯૮૫માં રજનીકુમારને 'સંદેશ' માટે નવલકથા લખવાનું આમંત્રણ મળ્યું— અઠવાડિયાની બે ચાલુ કોલમો ઉપરાંત ! રજનીકુમાર પાસે એક સત્યઘટના હતી, જેમાં કલ્પનાના રંગો પૂરીને તેમણે પહેલી નવલકથા લખી, "કોઈ પૂછે તો કહેજો". આ નવલકથા ધંધાદારી દ્રષ્ટિકોણથી સામાન્ય રહી, પરંતુ રજનીકુમારના સાહિત્યજીવનમાં સત્યઘટના પર આધારિત નવલકથાના આલેખનનો સિલસિલો 'કોઈ પૂછે...' થી શરૂ થયો. થોડાં વર્ષો પછી 'ગુજરાત સમાચાર'માં રજનીકુમારના લેખો વાંચીને માયાબહેન યાજ્ઞિક નામનાં એક બહેને રજનીકુમારનો સંપર્ક કર્યો. ત્રીસ વર્ષ પહેલાં સ્વીડનમાં દત્તક અપાઈ ગયેલા પોતાના અનૌરસ સંતાનને મળવાની તેમની ઝંખના હતી. તેમની પાસે છોકરાનું નામ-સરનામું-ફોન નંબર કંઈ જ નહોતું. મળી શકે તેવા કોઈ સ્રોત પણ નહોતા. અશક્ય લાગતું આ કામ રજનીકુમારે હરકિસન મહેતા અને સ્વીડનના તેમના મિત્ર ધીરેન ગાંધી સહિત બીજા અનેક મિત્રોની સહાયથી પાર પાડી આપ્યું. પરિણામે માયાબહેન ગાંઠનો એક રૂપિયા પણ ખર્ચ્યા વિના સ્વીડન ગયાં અને તેમના પુત્રને મળવાની ઈચ્છા પૂરી કરી શક્યાં.

એ ઘટના પરથી રજનીકુમારે નવલકથા લખવાનું હાથમાં લીધું એ જ ગાળામાં જૂનાપુરાના રાજકુમાર સ્નેહચંદ્રજી વિશેનો તેમનો રોમાંચક લેખ 'ચિત્રલેખા'ના દિવાળી અંકમાં છપાયો. તંત્રી હરકિસન મહેતાએ રાજકુમારના લેખ બદલ અભિનંદનની સાથે "આવી સરસ ચીજ લેખમાં વેડફી નાખી" એવો હળવો ઠપકો પણ આપ્યો. તેના જવાબમાં રજનીકુમારે ૦૯-૧૦-૮૯ના પત્રમાં હરકિસનભાઈને લખ્યું, "તમારી સાચી લાગણીને સમજી ન શકું એટલો હું નાદાન નથી... તમારી આ ભલી લાગણીને માથે ચડાવીને મારે એક-બે વાત કહેવાની છે...કમનસીબે તમે મને માત્ર મારા ચિત્રલેખાના લખાણોથી અથવા મારી કોલમિસ્ટ તરીકેને લોકપ્રિયતાથી જ ઓળખો છો..મારી અસલિયત તમારી પાસે પૂરી ખુલ્લી થઈ નથી, કારણ કે તમારા કહેવા મુજબ તમે બીજું કશું વાંચતા જ નથી. અસલિયત એ કે હું મૂળભૂત રીતે જ વાર્તાનો માણસ છું...હું નોંધપોથી કે સ્કેચબુક રાખતો નથી. તેથી 'ઝબકાર' કે 'મનબિલોરી' માં હું જે વાત નિરુપું તે મારા માટે ડાયરીની ગરજ સારે છે. જ્યારે વાર્તા-નવલિકા માટે ક્યાંયથી આમંત્રણ આવે ત્યારે હું એમાંથી એકાદ લેખ ચૂંટીને એમાંથી વાર્તા લખું છું. અગાઉ લેખ પ્રગટ

...યો હોવાના કારણે તેમાંથી વાર્તા લખી ન શકાય તેમ હું માનતો નથી. કારણ કે વાર્તા લખતી વખતે પેલા લેખનું માત્ર જીવનતત્ત્વ-વાર્તાત્મકતા જ મને યાદ રહે છે-બાકી તો ઘટના બદલાઇ જાય છે, પાત્રો નવાં ઉમેરાય છે- કેટલાંક બાદ થાય છે. નવા નવા રંગ અંદર પ્રવેશે છે, કલ્પનાઓ ચગે છે, ને નવા વળાંકો, નવી પરિસ્થિતિઓનું નિર્માણ થાય છે. આમ પેલા લેખથી વાર્તા તદ્દન જુદી પડી જાય છે. મારી 'કોઇ પૂછે તો કહેજો' નવલકથા મારા એક ત્રણ ભાગમાં લખાયેલા લેખ પરથી મેં લખી હતી. એ એક વાચકબહેનના જીવનની સત્યઘટના હતી. લેખ વાંચીને તે બહુ રાજી થયેલા. પછી જ્યારે મેં એ જ લેખ પરતી નવલકથા લખી ત્યારે એ જ બહેન મારા પર ખફા થઇ ગયા. કહેવા લાગ્યા કે મારા બાપ ક્યાં આવા હતા? મારો ભાઈ ક્યાં આવો હતો ? ત્યારે મેં તેમને કહ્યું કે બહેન, પેલો લેખ 'તમારો' હતો- આ નવલકથા 'મારી' છે...

રાજકુમારવાળો લેખ મેં વેડફી નથી નાખ્યો. કારણ કે એ પ્રકારની ઘટના પરથી વાર્તા લખવાની મારી તત્કાલ રુચિ નહોતી. ઠગ, ક્રાઇમ કે નકરો સેક્સ એ મારો આલેખ્ય વિષય નથી. મને સામાજિક વિષમતા, જીવનની કારુણી અને કઠોર સત્યોવાળી વાર્તા લખવી ગમે. એટલા માટે જ આજ સુધી મેં માયાબેનવાળી વાત નવલકથા માટે રાખી મૂકી, જ્યારે રાજકુમારવાળો લેખ તરત જ ઘસડી કાઢ્યો.(એ લખતી વેળા એમાં મેં કલ્પનાના રંગો પૂર્યા-હ્યુમન ટચીઝ ઉમેર્યા- સાયકોલોજિકલ એપ્રોચ ઉમેર્યો, એ વાત જુદી છે. કારણ કે એ મારો ટચ છે.)... માયાબહેનની વાર્તામાં મૂળ ઘટના પણ એટલી બધી છે કે કલ્પનાનું ઉદ્દીપન કરીને બીજી અનેક ઘટનાઓ નિપજાવી શકાય તેમ છે...એકલી ઠગકથા, અપરાધકથા કે સેક્સકથા હોત તો હું એ (લખવાની) ચેષ્ટા ન કરત. (તમે મને ચારેક વર્ષો અગાઉ એક વાર અમદાવાદમાં કોમી હુલ્લડ વિશે લખી મોકલવા કોલ કરેલો ત્યારે મેં નમ્રતાપૂર્વક ના પાડેલી, કે એ કામ મને નહીં ફાવે- એ જ મતલબની આ વાત છે.) કારણ કે મારું કામ શું છે, ને શું નથી એની મને ખબર છે...આટલા બેકગ્રાઉન્ડ પછી તમે મને હવે જે કંઇ કહેશો તે મને બહુ જ ગમશે. મને ટપારવાનું બંધ ના કરશો.'

☆☆ ☆☆ ☆☆

માયાબહેનની સત્યકથામાં અનેક નવાં પાત્રો-પ્રસંગો ઉમેરીને રજનીકુમારે સંપૂર્ણપણે મૌલિક નવલકથા "કુંતી"નું સર્જન કર્યું. તમામ વર્ગોમાં બેહદ લોકપ્રિય બનેલી આ નવલકથાને ગુજરાતી સાહિત્ય અકાદમીનો ૧૯૮૯ની શ્રેષ્ઠ નવલકથા તરીકેનો એવોર્ડ મળ્યો. મનુભાઇ પંચોળીએ રજનીકુમારનું સરનામું શોધીને તેમને પત્ર લખ્યો અને અભિનંદન આપ્યાં : "તમારી નવલકથા વાંચીને એવું લાગ્યું કે ઘણા લાંબા સમયે ગુજરાતી વાચકોને એક સારી વાર્તા વાંચવા મળી". વાર્તા ચાલુ હતી એ દરમ્યાન "બૈરાંઓને તો 'કુંતી' ગમે જ છે, એમાં શું ? મરદોને ગમાડો ત્યારે મરદ કહીશ" એવી હળવી ચેલેન્જ આપનારા હરકિસન મહેતાએ વાર્તા પૂરી થયા પછી ફોન કરીને

રજનીકુમારને કહ્યું, "મને 'જગ્ગા ડાકુ'એ નવલકથાકાર બનાવ્યો. તમને આ 'કુંતી'એ બનાવ્યા છે. હવે એ સ્થાન જાળવી રાખજો." નિમેષ દેસાઈએ 'કુંતી' પરથી હિંદીમાં ૧૩ હપ્તાની સિરીયલ બનાવી, જે દૂરદર્શનની રાષ્ટ્રિય અને આંતરરાષ્ટ્રિય ચેનલ પરથી પ્રસારિત થઇ. મશહૂર અભિનેતા-નિર્માતા-દિગ્દર્શક દેવ આનંદનું પણ 'કુંતી' પ્રત્યે ધ્યાન ગયું. એમણે સામેથી પત્ર લખીને રજનીકુમારને મળવાની ઈચ્છા વ્યક્ત કરી. અલબત્ત, 'કુંતી'ના હક્કો વેચી દીધાનું જાણ્યા પછી વાત ત્યાંથી જ અટકી ગઈ.

'કુંતી'ની મૂળ સત્યઘટના અને તેના પરથી લખાયેલી નવલકથામાં રજનીકુમારને મળેલો યશ વાજબી હતો, પરંતુ માયાબહેન યાજ્ઞિક ભૂતકાળ ઝડપથી ભૂલી ગયાં. તેમણે ટી.વી. સિરીયલ બદલ રોયલ્ટીની માગણી કરીને એક સામયિકમાં રજનીકુમાર વિરુદ્ધ લાંબો ઈન્ટરવ્યૂ આપ્યો. (થોડાં વર્ષો પહેલાં એ જ માયાબહેને આભારવશ થઈને રજનીકુમારને લખ્યું હતું, "સાત જન્મ સુધી તમારો ઉપકાર નહીં ભૂલું") આ ઘટનાથી રજનીકુમારનો ભલમનસાઈ પરનો વિશ્વાસ ડગી ગયો છે. ત્યાર પછી આ જાતની બીજી અનેક ઘટનાઓમાં રજનીકુમારને જશની સાથોસાથ વિના વાંકે જૂતાં ખાવાનો વારો આવ્યો છે. પરંતુ માણસ પર ડગી ગયેલો તેમનો વિશ્વાસ સાવ નાબૂદ થઇ શક્યો નથી.

★★ ★★ ★★

હરકિસન મહેતાના આગ્રહથી રજનીકુમારે બનાવટી રાજકુમારની સત્યકથાને કેન્દ્રમાં રાખીને 'અવતાર' નવલકથાની શરૂઆત કરી. એ વખતે હરકિસનભાઇએ નવલકથા અંગે રજનીકુમારને કેટલાંક સૂચનો કર્યાં હતાં. તેના પ્રતિભાવ (૧૮-૧૨-૯૧)માં રજનીકુમારે તેમને લખ્યું :

*"હું બહું આભારી છું કે તમે મારી સર્જન પ્રક્રિયામાં 'ચિત્રલેખા' તરફની તમારી ગાઢ ખેવનાને કારણે આટલો ઊંડો રસ લો છો... પણ With all regards to your rights as the successful editor હું આ વખતે અનુભવું છું કે તમારી આ ચિંતા મારા મનમાં વાર્તાને પૂરી બંધાવામાં બાધારૂપ નીવડે છે. સંવનન ચાલતું હોય ત્યારે શુભેચ્છક વડીલનો બહારથી સંભળાતો નાનકડો ખોંખારો પણ મિજાજને ડહોળી નાખે તેવી સ્થિતિ થઈ છે. હું એક વાક્ય લખવા જાઉં છું. અને તમારી 'તમે ઝીણું કાંતો છો જેવી કોમેન્ટ્સ યાદ આવે છે અને મારી કલમ અટકી જાય છે. 'ચિત્રલેખા'ના લાખો વાચકોની નાડ અવશ્ય તમારા હાથમાં છે. એટલે હવે એક એક વાક્ય લખાતાં અગાઉ મને એ પૂછીને જ જાણે કે કાગળ પર ઉતરે છે કે "હું હરકિસનભાઈને ગમીશ કે નહીં ?" આ સભાનતા મારી જે થોડી ઘણી સર્જકતા છે, એને હણી નાખે છે, તેની તમને જાણ કરવાનું આ યોગ્ય મુહૂર્ત છે. કારણ કે હું શરમનો માર્યો કે શિસ્તનો માર્યો તમને આની જાણ નહીં કરું તો કાલે તેમ જ મને દોષ દેશો કે મેં તમને આની વાત પહેલાંથી કેમ ન કરી !*

*હું ખૂબ જ સિન્સીયરલી, 'ચિત્રલેખા'ની અને મારી ઈમેજને બઢાવે-ચઢાવે તેવી*

*નવલકથા લખવાનું તમને વચન આપું છું, પણ પ્લીઝ મને મારી રીતે કોળવા-ખિલવા દો. મને તમે ડાઈરેક્ટ જરૂર કરો, પણ ડિક્ટેટ કરશો તો હું "હું" નહીં રહું-હરકિસન મહેતા બની જઈશ. વાકયરચના, વાકયગુચ્છો, ઘટનાઓનો અંબાર બધું જ હરકિસનભાઈ જેવું આવશે. આ નહીં તમને રુચે કે નહીં વાચકોને. દરેક જણની પોતાની એક સ્ટાઈલ હોય છે. એમાં જ્યારે અતિરેક થાય ત્યારે તંત્રી દંડો પછાડે તો એ ઉપકારક છે, નહીં તો તંત્રીની સતત ટકટક વાર્તાકારને તો ઠીક, પણ વાર્તાને જ રૂંધી નાખે.*

*વાર્તા મારા મનમાં જે રીતે મેં કન્સીવ કરી છે, તે રીતે કાગળ પર મૂકવા માટે મારે મારી જ કલમનો ઉપયોગ કરવાનો છે. અને મારી કલમમાં મારી ઢબ જ આવે તો જ વાર્તા ખીલે અને સફળ થાય...આપણા ચહેરા જેમ સરખા નથી તેમ સ્ટાઈલ પણ સરખી ન હોઈ શકે.*

*હું એ જ વિદ્યાર્થી રહ્યો છું. બદલાયો નથી કે નથી મારા મગજમાં કોઈ હવા ભરાઈ, પણ શરૂઆતથી જ એની અતિશયતાને કારણે અતિશય સભાનતાની મારી માનસિકતા આવી ગઈ છે. એમાંથી છૂટવા માટે આ પત્રનો આશરો લઈ હળવો થાઉં છું."*

'અવતાર' લખાતી હતી એ દિવસોમાં ગાયક જગમોહન રજનીકુમારના નાનકડા ફ્લેટમાં કાયમ માટે રહેવા આવ્યા હતા. એના કારણે મુલાકાતીઓની ધોંસ- તેનાથી સતત પડતી ખલેલ અને કંઈક તેમની અરુચી, આ બધા કારણે હરકિસન મહેતાનો આગ્રહ હોવા છતાં તેમણે નવલકથાને જલ્દી સંકેલી લીધી. મુંબઈના મશહૂર નાટ્યકાર અરવિંદ જોશીને તે પસંદ પડી જતાં તેમણે રજનીકુમાર પાસેથી તેના હક્કો ખરીદીને નાટક બનાવ્યું : 'આયના તૂટે તો બને આભલાં'. રજનીકુમારના જન્મદિવસે (૬ઠી જુલાઈ, ૧૯૯૭) એનો પહેલો શો હતો, પરંતુ નાટક સદંતર નિષ્ફળ ગયું. તેનું મુખ્ય કારણ મૂળ વાર્તા સાથે થયેલાં ગંભીર ચેડાંને ગણી શકાય. ચિત્ર-વિચિત્ર વેશપલટાઓ અને સંવાદો તથા નબળી પટકથાને કારણે નાટક માર ખાઈ ગયું. કરારની શરતોમાં નાટકની સ્ક્રીપ્ટ અગાઉથી જોવાનું સામેલ હોવા છતાં પોતે સ્ક્રીપ્ટ જોવા ન માગી તેનો રજનીકુમારને અફસોસ રહી ગયો.

** ** **

નવલકથાકાર તરીકેને ખ્યાતિ મેળવ્યા પછી પણ 'ઝબકાર' અને 'મનબિલોરી'ની સરવાણી જુદાં જુદાં અખબારોમાં ચાલુ રહી. અલબત્ત, 'ગુજરાત સમાચાર' અને 'સંદેશ' જેવાં પ્રચંડ ફેલાવો ધરાવતાં અખબારો સાથે રજનીકુમારનો પાટો બેઠો નહીં. બીજાં કોઇ છાપાંમાં લખવા ન દેવાની તેમની નીતિ રજનીકુમારને પરવડે તેમ નહોતી. ૧૯૮૯માં વિજયા બેન્કની નોકરીમાંથી રાજીનામું આપી દીધા પછી રજનીકુમારને પોસાણનો વિચાર કરવો પડે એ સ્વાભાવિક હતું. ઘણાં વર્ષો સુધી તેમણે બેન્ક મેનેજરી અને લેખન-એમ બે ઘોડે સફળતાપૂર્વક સવારી કરી હતી, પણ નિરાંતજીવે- ફુલટાઇમ લેખન કરવા માટે તેમણે બેન્કની નોકરીને અલવિદા કહી દીધી. આ પગલું લેતાં પહેલાં ઘણા

મિત્રોએ તેમને વાર્યા હતા અને કેટલાક લોકોએ તેમને નોકરી છોડીને કલમના ખોળે માથું મૂકતા નર્મદ સાથે સરખાવ્યા હતા. હકીકતમાં આ સરખામણી ઘણી રીતે નાદુરસ્ત હતી. રજનીકુમારે લાગણીવશ થઈને ઝંપલાવવાને બદલે લાંબો વિચાર અને પ્લાનિંગ કર્યા પછી આ નિર્ણય લીધો હતો. તેમની ભાવિ આવક કલમમાંથી થવાની હતી, પણ તેમાં સાહિત્ય સિવાયના વ્યાવસાયિક લેખનનો પણ સમાવેશ થતો હતો. એટલે નર્મદની માફક એક વાર નોકરી ન કરવાની ટેક લીધા પછી એ તોડવી પડે એવી લાચારી તેમના માટે આવવાની નહોતી. હજુ સુધી તો એવા સંજોગો બન્યા નથી.

'વ્યાવસાયિક લેખન'ની વાત થોડી વિગતે કરવા જેવી છે, કારણ કે તેને લઈને ઘણા લોકોને ક્યારેક ગેરસમજણના એટેક આવતા હોય છે. રજનીકુમારે આ બાબતે પોતાની પરિસ્થિતિ સ્પષ્ટ કરતાં લખ્યું છે, "એક વાર કલમને આજીવિકાના સાધન તરીકે સ્વીકાર્યા પછી વ્યાવસાયિક લેખન પણ કરવું પડતું હોય છે. આવી બાંધછોડ કરવી પડે એ આ કપરા મોંઘવારીના કાળની ડિમાન્ડ છે. માત્ર એક વાત સ્પષ્ટતા ખાતર લખું કે મારી કટારને મેં પૈસા પેદા કરવાનું સાધન બનાવી નથી." 'ઝબકાર'નાં સંખ્યાબંધ લખાણોમાંથી એકાદ-બે લખાણોમાં ગેરલાયક વ્યક્તિઓને પ્રસિદ્ધિ અપાઈ હોવાનું રજનીકુમાર કબૂલે છે. પણ એનાથી સમગ્ર લેખનકારકિર્દીમાં તેમણે સંપાદિત કરેલી વિશ્વસનીયતા પર કોઈ ઘસરકો લાગ્યો નથી. પોતાની કલમની વિશ્વસનીયતા ન જોખમાય તેના માટે રજનીકુમાર સતત સભાન રહ્યા છે.

૧૯૯૮માં તેમણે આફ્રિકાના મલાવી ખાતે જઈને ત્યાંના મશહૂર કાલરીયા કુટુંબના વડાની જીવનકથા લખી, એ તેમના બિનસાહિત્યિક લેખનનો ભાગ હતી.(આ વાત તેમણે પુસ્તકની પ્રસ્તાવનામાં પણ લખી છે.) આર્થિક તકાદાને પહોંચી વળવા માટે બિનસાહિત્યિક લેખન કરવામાં રજનીકુમારને નાનમ લાગતી નથી, પરંતુ પૂરું જાણ્યા વગર આવા લેખનની ટીકા કરનારા લોકોના લાભાર્થે એક લેખમાં તેમણે સ્પષ્ટતા કરી હતી : "આવા લેખનો મોટા મોટા મહારથીઓએ પણ કરવા પડતા હોય છે. ખુદ હરીન્દ્ર દવેએ ધીરુભાઈ અંબાણીની જીવનકથા લખવાનું શરૂ કર્યું હતું. તારક મહેતાએ મેઘજી પેથરાજ શાહનું જીવનચરિત્ર લખ્યું છે. 'ધૂમકેતુ'એ હેમચંદ્રાચાર્યનું જૈન શ્રેષ્ઠીઓની ફરમાઈશથી જીવનચરિત્ર લખ્યું અને પ્રસ્તાવનામાં એનો મભમ ઉલ્લેખ કરેલો કે પોતે આ ધોરણે આ લેખન કરી આપ્યું છે. માધવ રામાનુજે ચીમનભાઈ પટેલની જીવનકથા નવલકથા લેખે લખી આપી, તો કુમારપાળ દેસાઈએ ટોરોન્ટ ફાર્માવાળા સ્વ. ઉત્તમભાઈનું જીવનચરિત્ર લખી આપ્યું. રઘુવીર ચૌધરીએ પણ ભગવાન સ્વામીનારાયણ વિષે કદાચ આવું લેખન કરી આપ્યું છે. યાસીન દલાલે પણ કોઈ દર્દીની જીવનકથા વ્યાવસાયિક ધોરણે લખી આપી. આ બધી વાતો હું એટલા માટે અહીં ટાંકું છું કે ભવિષ્યમાં કોઈ મારા એકલા ઉપર આવા વ્યાવસાયિક લેખનનો આરોપ લગાડતાં પહેલાં સો વાર વિચાર કરે કે મારી પંક્તિમાં બીજાં કેવાં મોટાં મોટાં માથાં બીરાજમાન છે."

☆☆ ☆☆ ☆☆

'ઝબકાર'માં રજનીકુમારે બીજાં અનેક પાત્રોની સાથે ફિલ્મ જગતના અનેક વિસરાયેલા કલાકારો વિશે લખ્યું. લેખક તરીકેની તેમની સજ્જતામાં સંગીત પ્રત્યેનો લગાવ ઉમેરાતાં તેમનાં ફિલ્મી હસ્તીઓ વિશેનાં ઘણાંખરાં ચરિત્રો યાદગાર બની રહ્યાં. આ ચરિત્રોનો સંગ્રહ 'આપકી પરછાઇયાં' ૧૯૯૫માં પ્રગટ થયો. તેમાં આલેખાયેલાં વ્યક્તિચિત્રો સાહિત્યનો રંગ ધરાવતી અનેક અજાણી વિગતો-વાતોથી ફિલ્મવિષયક પુસ્તકોમાં અનોખાં બની રહ્યાં. સંગીતપ્રેમ એ રજનીકુમારના વ્યક્તિત્વની ધરી છે. 'આપકી પરછાઇયાં'ની પ્રસ્તાવનામાં તેમણે નોંધ્યું છે,"મારા ગદ્યમાં થોડોઘણો પણ લય ક્યાંક વરતાતો હોય તો એ મારી અસલી મેટલને કરીને હશે. મારી અસલી મેટલ સંગીતની છે. કશું સરસ વાંચીને હું કદી રોમાંચિત થયો નથી, જ્યારે સરસ સંગીત સાંભળીને તો મારાં રુંવાડાં ઊભાં થઇ ગયાં છે. શબ્દે મને હલાવી નાખ્યો હશે, પણ સૂરે તો મને શારી નાખ્યો છે. આરપાર વીંધી નાખ્યો છે. એ વીંધાવાનું જ મારે માટે શ્રેષ્ઠ કેથાર્સિસ છે. મતલબ કે એવા ભાવવિરેચન પછી હળવા થઇ જવાય છે. તરફડ્યા પછી રાહત થઇ જાય છે. બેકરારી, બેચેની, અજંપો, છટપટાહટ એ બધું પરાકાષ્ટાએ એક વાર સૂરમાં સહી લઉં પછી ભારે કરાર વળે છે. કાઠિયાવાડીમાં "સુવાણ્ય વળે છે." જ્યારે કામના બોજથી યા ઉદ્વેગ કે સંતાપથી ત્રાસું છું, દિલની રિબામણી માઝા મૂકે છે ત્યારે સંગીતના શરણે જાઉં છું. કોઇ પણ શારીરિક આનંદો કરતાં વધુમાં વધુ આનંદ મને સંગીતે આપ્યો છે. હું આટલો સંગીતવલો ન હોત તો મારા જીવનના નાટકીય ગણાય તેવા છતાં મોટી માનસિક હોનારત સરખા બનાવોએ મને સાવ નાની વયમાં જ ખાનાખરાબ કરી નાખ્યો હોત. આગ લાગી ત્યારે બુઝાવવા માટે સાહિત્ય બહુ કામમાં નથી આવ્યું. બસ, માત્ર ફરી સમુનમું કરવા કામમાં આવ્યું છે. મારા જીવનમાં સંગીતની બરોબરી સાહિત્યથી નહીં થાય તે નહીં જ થાય."

કોઇ પણ ફુલટાઇમ સંગીતકાર કે ગાયક જેટલું સંગીતકેન્દ્રી વ્યક્તિત્વ ધરાવતા રજનીકુમાર પાસે આશરે છ હજાર જેટલાં ગીતો ઑડિયો કેસેટ પર અને લગભગ એટલાં જ જૂનાં-ચુનંદા ફિલ્મી ગીતોનો સંગ્રહ વીડિયો કેસેટ પર મળી રહે. આ ખજાનાને સમૃદ્ધ કરવામાં યાસીન દલાલ અને અરવિંદભાઇ પટેલ જેવા સંગીતસંગ્રાહક-મિત્રોનો ફાળો મોટો. કોઇ દુર્લભ ગીત એક વાર રજનીકુમારના ખજાનામાં આવી ગયું અને તેમના હ્રદયમાં વસી ગયું પછી તે દુર્લભ ન રહી શકે! તલત મહેમૂદનું ફિલ્મ 'બહેરામ ડાકુ'નું એક દુર્લભ ગીત 'બેચેન હૈ દિલ, બેતાબ જીગર' તેમને મળી જતાં તેની અનેક કોપી કરીને કેટલાય સંગીતપ્રેમી મિત્રોને વગર માગ્યે, ખાસ ભલામણ સાથે તેમણે મોકલી આપ્યું હતું.

તલત અને હેમંતકુમારના કંઠ પ્રત્યે વિશેષ લગાવ ધરાવતા રજનીકુમારે પહેલી વાર સ્ટેજ પરથી ઓર્કેસ્ટ્રા સાથે હેમંતકુમારનું એક ગીત ગાયું ત્યારે ગાયક તરીકેની રજનીકુમારની સજ્જતા જોઇને શ્રોતાઓ દંગ થઇ ગયા હતા. રજનીભાઇને એક લેખક તરીકે મળેલા વધારાના માર્ક કાપી નાખીએ તો પણ ગાયક તરીકેના તેમના માર્ક ફર્સ્ટ

ક્લાસથી ઓછા ન જ ગણાય.

રજનીકુમારમાં સભાનપણે સંગીત તરફનો લગાવ પેદા થયો ત્યાર પહેલાંથી ઉધાસ બંધુઓ મનહર-નિર્મળ-પંકજ સાથે તેમનો પરિચય હતો. એ લોકો મૂળ જેતપુરના. મનહર ઉધાસ અને રજનીકુમાર સાથે ભણતા હતા અને સ્કૂલની દીવાલને અડીને આવેલા થિયેટરમાંથી વહી આવતાં નૂરજહાંનાં ગીતો રેતીમાં લીટા તાણતાં સાથે સાંભળતા હતા. ત્યાર પછી મુંબઈ સંઘર્ષ કરવા પહોંચી ગયેલા મનહરના વોર્ડન રોડ પર આવેલા ઘરે રજનીકુમાર ઘણી વાર મહેમાન બન્યા હતા. સાથે રાજકોટમાં તેમની બેન્કમાં ક્લાર્ક તરીકે કામ કરતા નિર્મળ ઉધાસ હોય. રાજકોટમાં નિર્મળ ઉધાસ મેનેજર રજનીકુમારને ગીતો સંભળાવવા તેમના ઘરે જાય ત્યારે કેટલીક વાર કિશોર વયના પંકજ ઉધાસને પણ સાથે લઈ જાય. નિર્મળ ઉધાસ થોડું ગાય પછી ખાસ વિનંતીથી એકાદ નાનકડું સેશન પંકજ ઉધાસનું પણ થાય. એ દિવસથી માંડીને પંકજ ઉધાસ ગાયક તરીકે જબરદસ્ત ખ્યાતિ પામ્યા ત્યાં લગી તેમની વચ્ચે સંપર્કનો સેતુ સતત જીવંત રહ્યો છે.

સંગીતપ્રેમ અને લેખનની સંયુક્ત આડપેદાશ તરીકે રજનીકુમારને એવા અનેક મહાનુભાવો સાથે પરિચય અને ઘરોબો બંધાયો, જેમનાં નામ રેકોર્ડ પર વાંચીને નાનપણમાં રજનીકુમાર રોમાંચ અનુભવતા હતા. તેમના પ્રિય ગાયક તલત મહેમુદથી માંડીને જી.એમ. દુર્રાની, માસ્ટર વસંત, કવિ પ્રદીપ...નામોની યાદી ઘણી લાંબી છે, પરંતુ તેમાં જુદું તરી આવતું એક નામ છે : જગમોહન સૂરસાગર.

રજનીકુમાર બચપણથી જગમોહન સૂરસાગરના કંઠના આશિક હતા. રોજ તેમનું એકાદ ગીત સાંભળ્યા વિના તેમને ચેન ન પડે. કૉલેજકાળમાં ૧૯૫૯માં એક વાર જગમોહન અમદાવાદ આવ્યા ત્યારે ઓરિએન્ટ ક્લબમાં તેમનો કાર્યક્રમ હતો. એ સાંભળવા માટે રજનીકુમાર તેમના રૂમ પાર્ટનર-મિત્ર નટુભાઈ અંબાણીને લઈને પહોંચી ગયા. રાતના દોઢ વાગ્યા સુધી રજનીકુમારે રસના ઘૂંટડા પીધા અને તેમના ઓટોગ્રાફ લઈને પાછા ફરતી વખતે સાઈકલમાં પંક્ચર પડ્યું. એ વિશેનો નટુભાઈનો ગણગણાટ કે અડધી રાત્રે કરવી પડેલી પદયાત્રા પણ રજનીકુમારનો મિજાજ બગાડી શક્યાં નહીં. કારણ કે જગમોહનના કંઠે તેમના દિલોદિમાગમાં સુગંધ ભરી દીધી હતી.

રજનીકુમાર કોલેજિયનમાંથી વર્ષો પછી કતારલેખક બન્યા ત્યારે પણ જગમોહન પ્રત્યેનું તેમનું આકર્ષણ ઓછું થયું ન હતું. 'ઝબકાર'ની શરૂઆત થયા પછી તેમણે જગમોહનનો ઇન્ટરવ્યૂ કર્યો. આ રીતે શરૂ થયેલું સંબંધબીજ વધીને વૃક્ષ બનવાનું હતું. એક વખત જગમોહનદાદાનો કાર્યક્રમ અમદાવાદમાં રજનીકુમારે જ ગોઠવી દીધો પછી ૧૯૯૨માં દાદા કાયમ માટે અમદાવાદ રજનીકુમારના ઘરમાં રહેવા આવી ગયા. રજનીકુમારના નાનકડા ફ્લેટમાં થોડા સમય સુધી રહ્યા પછી તેમની વિનંતીથી પાડોશી અને જગમોહન સૂરસાગરના નામથી અજાણ એવા ખેતરામજીએ પોતાનો ગ્રાઉન્ડ ફ્લોર પરનો ફ્લેટ કાઢી આપ્યો. રજનીકુમારના પ્રયત્નોથી અનેક ઇન્ટરવ્યૂ-કાર્યક્રમો-મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નાગરિક સન્માન અને ચાહકો-મુલાકાતીઓની અવરજવરથી દાદાની

...હળતી કારકિર્દી જાણે નવેસરથી શરૂ થઇ. રજનીકુમાર-તરૂબહેને તેમને પિતાવત્ સ્નેહ અને આદર આપ્યાં. એ વખતની સતત અવરજવરમાં રજનીકુમારે તન-મન-ધન અને લેખનની પરવા કર્યા વિના તેમને સાચવ્યા-લગભગ અઢી વરસ!

રજનીકુમાર અને જગમોહન વચ્ચે પિતા-પુત્ર જેવો સ્નેહસંબંધ સ્થાપિત થઇ ચૂક્યો હતો. તેમાં દાદાનાં એક શિષ્યા ગાયત્રીબહેનનું આગમન થયું. ૧૯૯૪માં એક દિવસ તે અમદાવાદ આવ્યાં અને દાદા પાસે જ રહી ગયાં. રજનીકુમારને એ અરસામાં અમેરિકા જવાનું થયું. એ પાછા ફર્યા ત્યારે ગાયત્રીબહેનના સંગથી દાદાના તેવર બદલાવા લાગ્યા હતા. એક દિવસ દાદા મુંબઈથી પાછા આવ્યા ત્યારે તેમણે રજનીકુમારને જાણ સુધ્ધાં કર્યા વિના બીજા પાડોશીઓને જાણ કરીને તેમને સ્ટેશન તેડવા બોલાવ્યા અને ઘરે આવી ગયા પછી રજનીકુમારના ઘેર રસોઈ કરનાર બહેન દ્વારા ચિઠ્ઠી મોકલીને પોતાના આગમનની જાણ કરી ! તેમના આવા વર્તનથી વ્યથિત રજનીકુમાર-તરુબહેન તેમને ગ્રાઉન્ડ ફ્લોર પરના ફ્લેટમાં મળવા ગયા અને હળવી ફરિયાદ કરી. તેના જવાબમાં દાદાનાં શિષ્યા ગાયત્રીબહેને રીતસરનો ઝઘડો ચાલુ કરી દીધો અને બેહૂદું વર્તન કર્યું. ગુજરાત અને ગુજરાતીઓને ગાળો ભાંડ્યા પછી તેમણે રજનીકુમારને કહ્યું કે તમે દાદા પ્રત્યેના પ્રેમથી નહીં, પણ તમારી પ્રસિદ્ધિ માટે થઇને દાદાને અહીં લાવ્યા છો ! જગમોહનદાદાને 'બુઢ્ઢા વિથ બેડ નેચર' તરીકે ઓળખાવતી અને દાદાની સ્વર્ગસ્થ પત્નીના ફોટોગ્રાફને કચરાટોપલીમાં ફેંકી દેતી એ સ્ત્રીના પ્રભાવમાં દાદા એટલી હદે આવી ગયા હતા કે તેમને ઠપકો આપવાને બદલે તેમનું ઉપરાણું લઇને રજનીકુમાર-તરુબહેન સાથે ઝઘડવા લાગ્યા. એ ભૂલી ગયા કે રજનીકુમારે તો તેમને આશ્રય આપીને વિસ્મરણની ગર્તામાંથી બહાર કાઢ્યા હતા !

"મારા માટેના તારા આદર, પ્રેમ અને મહેમાનનવાજી વિશે પાનાં ભરીને લખી શકાય, પણ મારી કલમ એના માટે સમર્થ નથી. (ટૂંકમાં) મને લાંબા વનવાસ પછી ઘરે પાછો ફર્યો હોઉં એવી લાગણી થાય છે."(૨૭-૦૫-૯૧)

"મને લાગે છે કે આપણા સંબંધની પ્રગાઢતા ફક્ત આંસુઓથી જ વ્યક્ત થઇ શકે છે...તેં મારામાં આત્મવિશ્વાસ ફૂંક્યો છે."(૧૪-૦૧-૯૨)

"એક મૃત માણસને જીવતો બનાવવાનું તારા માટે શક્ય છે. તારી આ ચેષ્ટાની છાપ લાંબા સમય સુધી મારા મનમાં સંઘરાયેલી રહેશે." (જૂન,૧૯૯૪)

ઉપર ટાંક્યાં છે એવાં કેટલાંય વાક્યો જગમોહનદાદાએ તેમના પત્રોમાં રજનીકુમાર માટે અગાઉ યોગ્ય રીતે લખ્યાં હતાં. તે દિવસના ઝઘડામાં તેમણે પોતાનાં તમામ વાક્યો પર ભીનું પોતું ફેરવી દીધું અને ભૂતકાળ ભૂલી જઇને રજનીકુમાર-તરુબહેન સામેના આક્ષેપોમાં સૂર પૂરાવ્યો.

આ ઘટના પછી સાથે રહેવાનો સવાલ નહોતો. થોડો સમય અમદાવાદ બીજા ચાહકોને 'લાભ' આપ્યા પછી દાદા ફરી મુંબઈ પહોંચી ગયા અને ફરીથી અંધકારમાં ખોવાઇ ગયા. આ ઘટનાએ રજનીકુમારને હચમચાવી નાખ્યા. જેને પિતાતુલ્ય ગણ્યા

હોય એ પ્રિય ગાયક આટલી હદે નીચા ઉતરી જાય એ રજનીકુમાર માટે આઘાતની વાત હતી. તેમ છતાં આજે પણ રજનીકુમારના સરનામે જગમોહન સૂરસાગર પર આવતા પત્રો તેમના મુંબઈના સરનામે રિડાયરેક્ટ કરવાનું કે જગમોહનના કંઠની પહેલાં જેટલી જ પ્રશંસા કરવાનું રજનીકુમારે બંધ કર્યું નથી. આ કટુ અનુભવ પછી પણ રજનીકુમારે દાદા માટે 'પદ્મશ્રી'ની ભલામણ કરી હતી, જે દાદાને મળ્યો પણ ખરો.

જૂની રંગભૂમિનાં હીરોઇન અને ઘડપણમાં નવતાડમાં સમોસા વાળવાનું કામ કરતાં હીરાબાઈ વિશે લખ્યા પછી રજનીકુમારે તેમની મૃત્યુપર્યંત કાળજી રાખી અને અગ્નિદાહ સુધ્ધાં તેમણે જ આપ્યો.(તેની પૂરી કથા 'શબ્દસૃષ્ટિ'ના મે,૨૦૦૦ના અંકમાં વાંચવા મળી શકે છે.) એક સમયે ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં રૂઆબદાર વ્યક્તિત્વના માલિક હીરાલાલ ડૉક્ટર પાછળથી વૃદ્ધાશ્રમમાં રહેતા હતા ત્યારે તેમની સાથે પણ રજનીકુમારનો પુત્રવત્ નાતો બંધાયો અને તેમનું ઘડપણ સુધર્યું. પક્ષાઘાતીથી પીડાતા એક સમયના દિગ્ગજ ગાયક માસ્ટર વસંત વિશે રજનીકુમારે લખ્યું. તે વાંચીને માસ્ટરજીના એક ચાહકે તેમને દર મહિને ત્રણસો રૂપિયા મોકલવાનું શરૂ કર્યું. રજનીકુમારના પ્રયત્નોથી તેમને ગુજરાત સરકાર તરફથી સહાય મળતી થઈ. અલબત્ત, સરકારી તુમારશાહીમાં અટવાયેલી સહાયનો પહેલો હપ્તો આવ્યો તેના થોડા દિવસમાં જ માસ્ટરજી અવસાન પામ્યા. તેમના શિષ્ય નટવરલાલ સોનીએ પોસ્ટકાર્ડ દ્વારા રજનીકુમારને સમાચાર આપ્યા. તેમણે લખ્યું હતું, "માસ્ટરજી ચેક જોઇને ગયા. તમને યાદ કરતા હતા. આશીર્વાદ આશીર્વાદ એમ બોલતા હતા."

આવા અનેક કિસ્સામાં રજનીકુમાર લેખક મટીને પોતાના પાત્રોના આત્મીય બની રહ્યા. પાત્રોનાં વેરવિખેર-મૃતઃપ્રાય જીવનમાં થોડી ઘણી જીવંતતાનો સંચાર કરી શક્યા, એ તેમની મોટી બિનસાહિત્યિક સિદ્ધિ.

★★ ★★ ★★

'આપકી પરછાઇયાં'માં સ્થાન પામેલા અને બહુ વખણાયેલા સંગીતકાર જયકિશનના લેખ માટે રજનીકુમારે જયકિશનના વતન વાંસદા જઇને એટલી માહિતી એકત્ર કરી હતી કે તે એક લઘુનવલ નિપજાવી શક્યા હોત. આવું કેમ ન બન્યું તેનો કોઇ ચોક્કસ ખુલાસો રજનીકુમાર પાસે નથી. એનાથી સાવ ઉલટું આદિવાસી લોકસેવક નરસિંહભાઈ ભાવસારના કિસ્સામાં બન્યું. રજનીકુમારે તેમના વિશે 'ઝબકાર'ના થોડા હપ્તા લખવા ધાર્યા હતા અને લખાઈ ગઈ દસ્તાવેજી નવલકથા 'પરભવના પિતરાઈ'. 'આવું કેમ?' તેનો પણ નક્કર જવાબ નથી. સર્જનની અને મનની ગૂઢ લીલા વિશે રજનીકુમારે લખ્યું છે, "(જયકિશનના લખાણ વખતે)મારામાં સર્જકતાની એટલી છોળ નહીં હોય. બીજું એ કે મારો માત્ર કટાર ભરવાનો જ ઇરાદો હતો...હું ખુદ જયકિશનનો મુગ્ધ ચાહક હતો, એટલે તાટસ્થ્ય ન જળવાય એવી અભાન બીક પણ હોય. બીજા ઘણા જવાબો મારી જીભે તત્કાલ આવે, પણ પાત્રનો મુગ્ધ ચાહક હોવા સિવાયના લગભગ

બીજાં બધાં જ પરિબળો 'પરભવના પિતરાઈ'ના આલેખનવેળા પણ હતા. છતાં શા માટે હકીકતોના એટલા જ ખડકલામાંથી મેં લઘુનવલ નિપજાવી ? લાગે છે કે એનો જવાબ આપવો શક્ય નથી. બસ, એક વાદળાએ ખાબોચિયાં છલકાવ્યાં, ને બીજા વાદળાએ નહિ. એમ કેમ ? એનો તે શો જવાબ હોય ? મોસમ મોસમનો મિજાજ. બીજું શું ?"

તદ્દન શુષ્ક કહી શકાય એવા વિષયમાં, દસ્તાવેજીકરણની મર્યાદાનું પાલન કરીને પણ રજનીકુમાર 'પરભવના પિતરાઈ'ને કલાકૃતિ બનાવી શક્યા. પરિચય પુસ્તિકા દ્વારા પ્રગટ થયેલી પુસ્તિકા "૧૯૯૧ના શ્રેષ્ઠ પુસ્તકો"માં એ વર્ષની શ્રેષ્ઠ નવલકથામાં તે સ્થાન પામી. એ વખતે એક સાક્ષરે રજનીકુમારને પૂછ્યું હતું, "જેમાં તમારી કલ્પના નથી, એને ફિક્શનલ એટલે કે નવલકથા કેવી રીતે ગણાય ?" રજનીકુમારનો જવાબ હતો, "દસ્તાવેજીકરણની શિસ્તને વફાદાર રહીને પણ સર્જકતાને પ્રયોજી શકાય. સંવાદોમાં પાત્રોના સ્વરૂપને ઉપસાવવામાં, પ્રસંગ સંકલના અને આકલન, આલેખન અને ઘનીકરણમાં સર્જકતા જોઈએ જ જોઈએ."

નરસિંહભાઈની અસલ કથામાં, માતાના મૃત્યુ પછી તે પોતાની સગાઇ તોડી નાખે છે. પરંતુ નવલકથામાં માતાની મરજી વિરુદ્ધનું આ પગલું જસ્ટીફાય શી રીતે કરવું, તેની રજનીકુમારને મૂંઝવણ હતી. આ વાતનો તેમને નરસિંહભાઈ પાસેથી ન મળ્યો એટલે તેમણે દસ્તાવેજીકરણમાં એક અપવાદ તરીકે કાલ્પનિક પ્રસંગ ઊભો કર્યો. પુસ્તકની બીજી આવૃત્તિના પૃષ્ઠ ૩૯-૪૦ પર આલેખાયેલા એ પ્રસંગમાં નરસિંહભાઈ માતાની રાખ વાળીને પછી એકલા વગડામાં રાત્રિવેળાએ ચાલ્યા જાય છે. ત્યાં એક સાવ નીરવ, વેરાન જગ્યામાં ચત્તા પડીને આકાશના અગણિત તારાઓ સામે તે મીટ માંડે છે અને એમાંથી અચલ એવા ધ્રુવ તારાને શોધી કાઢે છે. તે અનુભવે છે કે તપસ્વિની માતા ત્યાં જઈને બેસી ગઈ ! પછી એ ધ્રુવના તારા સાથે મનોમન સંવાદ રચે છે અને તેની પાસેથી જવાબ મેળવે છે, "તમારી માટીના કણેકણના જાણું છું. મારા બાળ ! હું હતી ત્યાં સુધી તમે બંધાયેલા હતા. હવે હું નથી ને બંધન નથી. દુનિયા મેં છોડી દીધી છે અને દુનિયાના મારા મનોરથો પણ. તમે જાઓ.."

એ પ્રસંગનું આલેખન કરીને રજનીકુમારે નરસિંહભાઈને વંચાવ્યો ત્યારે નરસિંહભાઈની આંખોમાં ચોધાર આંસુ આવી ગયાં હતાં. તેમણે રજનીકુમારને કહ્યું, "આજે તમે કોઈ આશ્રમના ચોગાનમાં ન સૂતા. હું એકલો જ સૂઈશ. મારી મા સાથે વાર્તાલાપ કરીશ."

એ રાતે એ ખરેખર વિશાળ ચોગાનમાં એકલા જ સૂતા અને ધ્રુવના તારાને માતા તરીકે કલ્પીને વાતો પણ કરી. આ પ્રસંગને યાદ કરીને રજનીકુમારે લખ્યું હતું, "પાત્રોના દોરવ્યા લેખક ચાલે એ તો સમજ્યા, પણ ક્યારેક આ રીતે લેખકનું દોરવ્યું પાત્ર ચાલે તો એ ક્ષણે આપણને આપણી કલ્પના પણ સત્યની સગી બહેન લાગે."

★★ ★★ ★★

લખાણોમાં અને જીવનમાં તેમના પોઝિટિવ ટોન માટે વિખ્યાત રજનીકુમાર પોતાને સાચા લાગતા મુદ્દા માટે ગમે તેવા મિત્રને પણ સ્પષ્ટ કહી દેતાં ખચકાતા નથી. મુદ્દો ગમે તેટલો નાનો હોય અને મિત્ર ગમે તેટલો મોટો હોય, પણ રજનીકુમાર એ મુદ્દા વિશે પોતાની ભૂમિકા સ્પષ્ટ કરી જ દેશે. એ જ રીતે સાવ સામાન્ય વ્યક્તિ સામે પણ પોતાની ભૂલનો સ્વીકાર કરવામાં પણ તેમને અહમ નડતો નથી—બલ્કે, તે ભૂલ સ્વીકારવા માટે તત્પર હોય છે. 'જબરદસ્ત પી.આર. વર્ક ધરાવતા-કોઇને નારાજ ન કરી શકતા વ્યક્તિ' તરીકેની તેમની પ્રચલિત છાપમાં બંધ ન બેસે એવા ઘણા કિસ્સામાંથી કેટલાક નમૂના :

તા. ૮-૫-૯૩ના રોજ અમદાવાદના શ્રેયસ ફાઉન્ડેશનના કેમ્પસમાં પાણીના પ્રશ્નની ચર્ચા કરવા માટે 'પાણી પરિષદ'નું આયોજન થયેલું. આ પરિષદ ચાલુ હતી, દરમ્યાન રાજકીય કિન્નાખોરી ધરાવતા એક ટોળાએ આવીને તોડફોડ કરી. આયોજક અશ્વિની ભટ્ટ અને અન્ય ઘણાને પકડીને મારવામાં આવ્યા. અશ્વિનીભાઈએ આ આખીય ઘટનાનું વિસ્તૃત બયાન આપતો પત્ર અનેક સાહિત્યકારો તેમજ નામાંકિત વ્યક્તિઓને મોકલાવ્યો. પોતાને મળેલા એ પત્રનો રજનીકુમારે આપેલો જવાબ :

*"તમારા હૃદયની વેદના મારા હૃદય સુધી પહોંચે છે. તમે જે અનુભવ્યું તે આખા દેશના ચિત્રની મીનીએચર રૂપે એક ઝલક માત્ર છે. જે દેશના લોકો હર્ષદ મહેતાને હીરો ગણતા હોય, પોતાનું પ્લેન હાઈજેક કરનારના ઓટોગ્રાફ માંગતા હોય, તેઓ કાલે પોતાની મા કે બહેન સાથે વ્યભિચાર કરનારના પણ ઓટોગ્રાફ અહોભાવથી માંગશે. આ સ્થિતિ છે.. આ દેશ, આ પ્રજા, આ હલકી રુચિ, નિમ્ન કોટીની માનસિકતા અને મૂલ્યહિનતા ધરાવનારા લોકો માટે તમે લડો છો ? તમે લેખકોની વાત કરો છો પણ ભાઈ, જે દેશમાં મુક્કાબાજો અને ક્રિકેટરો પૂજાતા હોય ત્યાં લેખકોનું શું કામ ?*

*જવા દો- જીવવાના બે જ રસ્તા છે. કાં સ્થિતિને અનુકૂળ થઈને, પોતાના કોચલામાં પોતાની રીતે જીવવું (હું એમ કરું છું.) એમાં નામર્દાઈ અવશ્ય છે, પણ માનસિક શાંતિ જાળવવાનો એ એક માત્ર ઈલાજ છે. બીજો રસ્તો તમારી જેમ જાહેર જીવનમાં પડીને ગુંડાઓના હાથે માર ખાવાનો છે. તમારા મનમાં એમ છે કે તમે એવા લોકો માટે લડો છો કે જેના માપદંડો રાષ્ટ્રના હિતના સંદર્ભમાં ઘડાયેલા છે. ના, એવુ નથી. તમે ભ્રમમાં છો તમે સિંહ થઈને શિયાળોના ટોળા માટે લડો છો.*

*ખેર, અમારા જેવાની લાગણી તમારી સાથે છે- જો એ તમને કામમાં આવતી હોય તો. બાકી વ્યવહારમાં અમે તમારી સાથે ડગલું પણ ચાલવાની હિંમત ધરાવતા નથી."*

રજનીભાઈનો આ પત્ર અભિયાનમાં પ્રકાશિત થયો, તે વાંચી તેમનાં એક વર્ષોજૂનાં વાચક ઊર્મિલા જુંગી નારાજ થયાં. તેમણે 'અભિયાન'માં વળતો પત્ર લખ્યો :

*"આત્મીયતા'માં રજનીભાઈનો પત્ર વિચારપ્રેરક હતો છતાં હતાશા પ્રેરનારો*

*હતો... રજનીભાઈની હિંમતને ધન્ય છે કે એમણે ચોખ્ખા શબ્દોમાં કહી નાખ્યું કે બાકી વ્યવહારમાં તમારી સાથે એક ડગલું ચાલવાની અમારી હિંમત નથી... હિંમતને બિરદાવો છો કે તમારી શાહમૃગાળવી વૃત્તિ છતી કરો છો ? કરનારની હિંમતને પ્રોત્સાહો છો કે અવરોધો છો ? કાંઈ સમજાતું નથી.. નામરદાઈથી કોઈને માનસિક શાંતિ પણ મળી શકે એ બાબતે 'કુંતી'ના લેખકની આ કલમ વિશે શંકા જાગી... પ્રજામાં પહેલાં જેવું હીર નથી. લેખકોનું મૂલ્ય નથી એમ કેમ કહી શકાય ? હા, એમ કહી શકાય કે હવે ઝવેરચંદો ક્યાં છે !"*

આ પત્રના જવાબમાં રજનીકુમારે ઊર્મિલાબેનને અંગત પત્ર લખીને જણાવ્યું *'અભિયાન'માં અગાઉ છપાયેલા મારા પત્ર વિશેનો આક્રોશ વાંચ્યો. આ તો ફરિયાદીને ફટકારવા જેવી વાત થઈ. મારા પત્રમાં જે હતાશા અને ચીડ દેખાય છે તેની પાછળની છૂપી વ્યથાને તમે ન વાંચી ? અશ્વિની ભટ્ટને માર પડ્યો તો મારા જેવા એમના સહ-લેખકો અને તમારા જેવા એમના હજારો વાંચકોએ શું કરી લીધું ? એક સાચદિલ લેખક પત્રકારને બરડે ગુંડાઓએ પાડી દીધેલાં સોળ સામે સિસકારો તો શું છાપામાં ય એક લીટીની વિરોધનોંધ નહીં ! ધન્ય છે આ પ્રજાને કે જે હજુ ડુંગળીમાં દેખાતા ૐકારને વાંચવાની કે રીંગણા પર પડેલા આંકામાં અલ્લાહનું નામ વાંચવાની મૂર્ખાઈ ભરેલી કોશિશ કરે છે. વરસમાં પચાસ દિવસ "બંધ" પાળીને પ્રજાને ખભે બંદૂક તાકીને સરકાર પર પાણીના પરપોટાની ગોળી ચલાવે છે ! જ્યારે સત્ય પર થયેલા આ પ્રહાર સામે ઉંહકારો પણ કરતી નથી ! ને તોય તમે એને "શિયાળ" માનવા તૈયાર નથી ? મારા એ પત્રને ફરી વાંચશો તો સમજાશે કે એમાં કોઈ શાહમૃગીયા વૃત્તિ કે નામરદાઈની વાત જ નથી, કે નથી એમાં કોઈને ગાળ આપવાની ચેષ્ટા. જે લોકોને મેં "શિયાળ" કહ્યા છે એ વર્ગમાં હું પણ આવી જાઉં છું. હું "આ લોકો" કહું છું, ત્યારે પહેલી સિવાયની ને(અંગૂઠા સિવાયની) ત્રણ આંગળીઓ મારા તરફ જ તાકી રહ્યો છું. જાતની ટીકા કરનાર- કરી શકનાર માણસને કોઈ જ નામર્દ ન કહી શકે. મિથ્યાભિમાનને હું તો બહાદુરી નથી ગણતો કે (મારા જેવા) રોનાર માણસને ઉલટાનો વધુ મારનારને હું વીર કે વીરાંગના ન કહી શકું. મિથ્યાભિમાન કરતાં આત્મભત્સર્ના (જાતને ઠપકો આપવાની ચેષ્ટા) વધુ શૌર્ય માગી લે છે.*

*ને બધાં ઝવેરચંદ મેઘાણી શા માટે હોય ? કોઈ માર ખાનાર અશ્વિની ભટ્ટ હોય, કોઈ એની પર વિલાપ કરનાર રજનીકુમાર પણ હોય. જગતમાં કોઈ બે માણસના અંગૂઠાની છાપ પણ મળતી નથી આપતી, તો પ્રતિભાનું કદ અને કક્ષા પણ ક્યાંથી સરખાં હોય ?"*

★★ ★★ ★★

રજનીકુમારના મિત્ર-લેખક ડૉ. હસમુખ નાગ્રેચા જૂના ફિલ્મસંગીતના જાણકાર-ચાહક. 'ફૂલછાબ'માં ચાલતી તેમની કોલમમાં પ્રકાશિત થયેલા વિવિધ સંગીતવિષયક

લેખોને ચૂંટીને પુસ્તકરૂપે પ્રકાશિત કરવા માટે અને તે અંગે પ્રકાશક જોડે જરૂરી ગોઠવણ કરવા માટે રજનીકુમારે શકય તેટલી મદદ કરી, પરંતુ પુસ્તક માટેનાં પ્રૂફ વાંચ્યા પછી તેમણે ડૉ. નાગ્રેચાને નીચે મુજબનો પત્ર લખ્યો (તા. ૨૦-૧-૯૯):

*"મને અત્યંત અફસોસ છે કે તમારી સ્ક્રીપ્ટ અંગે મારે અત્યંત વિપરીત અભિપ્રાય આપવાનો થયો. જે પુસ્તક માટે મેં જ તમને ઈન્સ્ટીગેટ કર્યા, મેં જ પ્રકાશકને ભારપૂર્વક ભલામણ કરી, તમારું તદ્દન નવું નામ, છતાં માત્ર મારી જ વિનંતીથી પ્રકાશક એમાં ઈન્વેસ્ટ કરવા તૈયાર થયા, ને મારો ખૂબ જ વ્યસ્ત સમય કાઢીને મેં એના પ્રૂફ જોવા શરૂ કર્યા ત્યારે અક્ષરશઃ મેટર વાંચતાં મારે મારો અભિપ્રાય તે જ પુસ્તક માટે એકદમ બદલાવવો પડ્યો. તમારું દુઃખ હું સમજી શકું છું, પણ મારીય વ્યથા ઓછી નથી..*

*મારા મનને ચાબૂક મારીને વારંવાર સમજાવવા છતાં હું તમારા મેટરને કોઈ રીતે છાપવા યોગ્ય માની શકતો નથી. તેના કારણો નીચે મુજબ છે. (વિવિધ કારણો દાખલા સહિત ટાંક્યાં છે.) એક પુસ્તકરૂપે અપાતાં મેટરમાં જે કક્ષાનું લખાણ કે ભાષા કે માહિતીપ્રદતા જોઈએ તેનો આમાં સદંતર અભાવ જણાશે.*

*અગાઉ મેં પૂરતું મેટર જોયા વગર જ એના વિષે ઊંચો અભિપ્રાય બાંધેલો તે મારી ભૂલ હતી. તમારી પાસે પણ આ નિર્ણય લેવાની મારી મજબૂરી બદલ દિલગીરી વ્યકત કરું છું. તમે તટસ્થતા કેળવશો તો સમજી શકશો કે આ નિર્ણય બન્ને પક્ષના હિતમાં હતો. આટલું ગોબરું પુસ્તક બહાર પડે તે તમારા માટે કે પ્રકાશકને માટે કોઈપણ રીતે યોગ્ય નહોતું જ...*

*હું જાણું છું કે આના કારણે તમે મારા ઉપર ઘણા જ ખફા થશો. પણ તે ખફગીનો ખોફ રાખ્યા વગર મારે આ નિર્ણય લેવો પડે છે, તે પરથી મેં મારા મન સાથે કેટલું સમાધાન / યુદ્ધ કર્યું હશે તે સમજી શકશો....*

*ખેર, આશા રાખું છું કે તમે મારી વાતને રાઈટ સ્પીરીટમાં લેશો."*

આનાથી તદ્દન વિપરીત કિસ્સો રજનીકુમારના લેખોના રતિલાલ બોરીસાગરે કરેલા સંપાદન('અનોખાં વ્યક્તિચિત્રો') વખતે બન્યો. તેમાં રજનીકુમારના અંગત મિત્ર એવા રતિલાલને સંપાદનના કેટલાક નિયમોનો ભંગ થતો લાગ્યો. આ બાબતે તેમણે પત્ર લખીને રજનીકુમારનું ધ્યાન દોર્યું. જવાબમાં રજનીકુમારે ૧૮-૧૨-૯૯ના પત્રમાં લખ્યું,

*"કશા પણ પ્રતિવાદ કે ખુલાસા વગર તમારી વાત સોએ સો ટકા સ્વીકારું છું. મારી ભૂલ, ગફલત અને તમને ટેઈકન ફોર ગ્રાન્ટેડ લેવાની ગોબરી વૃત્તિ કબૂલ કરું છું.*

*મને ઉદારદિલે ક્ષમા આપશો.*

*હું વિચારું છું કે આનું રિડ્રેસલ હવે કઈ રીતે થઈ શકે? કયાંક લખીશ. બીજી આવૃત્તિ સુધી રાહ જોવાની આપણી (મારી) ઉંમર નથી. મારા સ્વભાવ મુજબ પટ દઈને નિકાલ લાવીશ. અલબત્ત, મલમ એ મલમ છે નવી ચામડી નથી એ વાસ્તવિકતા*

*સ્વીકારવી જ રહી. આપણી મૈત્રીની પ્રગાઢતા એવી અને એટલી છે કે એમાં કશો છરકો નહીં પડે તેવી ખાતરી ધરાવું છું. એટલે મને એ ચિંતા નથી, પણ કોઈને મારાથી અન્યાય થાય તો તેના સોળ મને ઉઠે એવો મારો સ્વભાવ છે.*

*બીજું શું કહું ? મારા તરફથી એકશનની રાહ જોશો હું ચેન નહીં લઉં."*

(નોંધ : ઉપર જણાવેલા 'રિફ્રેસલ' માટે આ પુસ્તકમાં રજનીકુમારનું નિવેદન વાંચી જવા અનુરોધ છે.)

☆☆ ☆☆ ☆☆

અમેરિકા વસતા ઈશ્વરભાઈ પટેલ ૧૯૯૩માં વિનોદ ભટ્ટના સૂચનથી રજનીકુમારને મળ્યા. તેમની ઇચ્છા પોતાના કુટુંબના એક પ્રશ્ન પરથી નવલકથા લખાવવાની હતી. રજનીકુમાર અને ઈશ્વરભાઈ વચ્ચે થયેલી આરંભિક બેઠકોમાં બન્નેએ પરસ્પરને નાણી જોયા. ત્યાર પછી એપ્રિલ '૯૪માં રજનીકુમાર અમેરિકા ગયા- પાત્રોની વચ્ચે જીવ્યા અને તેમનું માનસ બરાબર સમજીને 'પુષ્પદાહ'નું સર્જન કર્યું. અસલ કથામાં ખલ પાત્ર તરીકે ઉપસતા મુખ્ય સ્ત્રી પાત્ર ચારુને મળવાનું લગભગ અશક્ય, છતાં નવલકથામાં તેનો પક્ષ જાણવા માટે અનિવાર્ય હતું. માટે જાતજાતની યુક્તિ-પ્રયુક્તિ દ્વારા રજનીકુમાર ચારુને પણ મળ્યા. અને તેના મનોવલણો- લક્ષણોનો ક્યાસ કાઢ્યો.

એક માસ અને બાવીસ દિવસ સુધી સમગ્ર નવલકથાનું લેખન ચાલ્યું. નવલકથા દસ્તાવેજી હતી, છતાં રજનીકુમારે તેને સર્જકતાનો રંગ આપ્યો હતો. લેખન સંપૂર્ણ થયા પછી તે એક સાથે સમકાલીન(મુંબઈ), સાધના(અમદાવાદ), સૌરાષ્ટ્ર સમાચાર (ભાવનગર), નયા પડકાર (લંડન) અને નયા પડકાર(ન્યુયોર્ક) એમ પાંચ સ્થળે હપ્તાવાર પ્રગટ થઈ. આર.આર. શેઠની કંપનીએ તેની ૧૨૫૦ને બદલે ૧૭૫૦ નકલ છાપી અને મુંબઈ-અમદાવાદમાં તેના જુદાજુદા વિમોચન સમારંભ યોજાયા. નવલકથાને વાચકોનો ઉમળકાભર્યો પ્રતિભાવ મળ્યો, પણ સાહિત્યના વર્તુળોમાં આ નવલકથાને લઈને વિવાદ ખડો કરવામાં આવ્યો.

હકીકત એ હતી કે એ દિવસો દરમ્યાન વિવેચક રમણલાલ જોશીને રજનીકુમાર સાથે મનદુઃખ થયું હતું. રમણલાલ સાહિત્ય પરિષદની પ્રમુખપદની ચૂંટણીમાં ઉમેદવાર બન્યા ત્યારે રજનીકુમારે તેમને વિનોદ ભટ્ટની તરફેણમાં ઉમેદવારી પાછી ખેંચવા વિનવ્યા હતા. તેનાથી રમણલાલ 'લોકપ્રિયવાળાઓ' પર ભારે ગુસ્સે ભરાયા અને એક સમારંભમાં તેમણે રજનીકુમારને ચીમકી આપી, "મિત્ર ચેતજો, પ્રહાર આવી રહ્યો છે." અલબત્ત, પ્રહાર રજનીકુમારની અપેક્ષા પ્રમાણેનો સાહિત્યિક નહીં, પણ ઠરેલ વિવેચકને ન શોભે એવો નિમ્ન આવ્યો. તેમણે 'ઉદ્દેશ'ના તંત્રીલેખમાં 'પુષ્પદાહ'ના એક ને બદલે બે વિમોચનો જેવા સ્થૂળ મુદ્દાને લઈને ઝેર ઓક્યું અને 'પુષ્પદાહ'ને 'અગ્નિદાહ' જેવા નામે સંબોધીને પ્રસિદ્ધિના કહેવાતા વ્યોમોહને પડકાર્યો. તેમની સાથે બીજા કેટલાક પણ "હેઈસો, હેઈસો' કરતા કૂદી પડ્યા. એક મહાશયે તો વળી 'પુષ્પદાહ'ના સર્જનને એક દુર્ઘટના ગણાવી, પણ દોઢ-બે વર્ષ ચાલેલી આ લડાઈમાં કૃતિની સાહિત્યિક ગુણવત્તાની

ચર્ચા કરવાનું સાહિત્યના ઠેકેદારોને સૂઝ્યું જ નહીં.

રજનીકુમારે પણ રમણલાલની અસલિયત ઉઘાડી પાડવા માટે બાંયો ચડાવી. રમણલાલ પાઠક, કિરીટ દૂધાત, સુમંત રાવળ જેવા મિત્રો તેમના ટેકામાં રહ્યા. યાસીન દલાલે તેમના સામયિક 'સૌજન્ય માધુરી'નું પ્લેટફોર્મ રજનીકુમારને આપ્યું. ઘણા મિત્રો એવું માનતા હતા કે રજનીકુમારે જવાબ આપીને વાતને લાંબી કરવાને બદલે તેનો અંત આણી દેવો જોઇએ. પરંતુ ખોટા મુદ્દા પર ધ્યાન પડે તો છાપામાં ચર્ચાપત્ર લખવામાં પણ વિલંબ ન કરનારા- નાનમ ન અનુભવનારા રજનીકુમાર તેમની કૃતિને વિના વાંકે દેવાયેલા ડામ શી રીતે સહન કરી શકે ? તેમણે પણ સામે જડબાતોડ જવાબ આપ્યા, પરંતુ એ યુદ્ધ પૂરતા તે નુકસાનમાં રહ્યા. કારણ કે સામા પક્ષ પાસે ખોવા જેવું કશું નહોતું. રજનીકુમારને એ વાતનો અફસોસ થયો હતો કે તેમની એક યશસ્વીકૃતિની હવા એક અદાવતીયા માણસે માત્ર અંગત વેરઝેરને કારણે બગાડી નાખી. અલબત્ત, બે જ વર્ષમાં થયેલી 'પુષ્પદાહ'ની બીજી આવૃત્તિ, હિંદી સિરીયલ માટે ઊંચી કિંમતે વેચાઇ ગયેલા તેના રાઇટ્સ અને હજુ પણ અઠવાડિયાના સરેરાશ ચાર-પાંચ લેખે 'પુષ્પદાહ' માટે આવતા વાચકોના પત્રોથી રજનીકુમારનો એ અફસોસ પણ ઘણી હદે દૂર થઇ ગયો છે.

★★ ★★ ★★

રજનીકુમાર પોતાની ટીકા પચાવી શકતા નથી, એવી ટીકા પણ 'પુષ્પદાહ'ના વિવાદ પછી કેટલાકે કરી. આ સંદર્ભમાં 'પુષ્પદાહ' પ્રગટ થયાના અરસા પહેલાંથી રજનીકુમારના મનમાં રહેલા ટીકા વિશેના ખ્યાલો જાણવાનું રસપ્રદ બની રહેશે.

ચોક્કસ પ્રસંગના સંદર્ભમાં તેમણે બકુલ ત્રિપાઠી લખ્યું હતું(૧૩-૦૧-૯૨) : "દુશ્મનોની ટીકામાંથી ઘણી વાર આપણને આપણી કોઇ છૂપી ક્ષતિનું પગેરું મળી જતું હોય છે... તમારી ટીકા ટોનિક જેવી હોય- પણ સાહેબ, ખંજરની અણી ઉપર ટોનિક ન ચોપડાય. ખંજર તો લોહી જ કાઢે અને એમાં તમારું ટોનિક ધોવાઇ જાય. ટોનિક તો ચમચીથી પાવાની ચીજ છે- ઘા કરીને આપવાની નહીં."

એક મિત્રની કૃતિની રજનીકુમારે ટીકા કરતાં એ મિત્રએ સામા 'વહેવાર' તરીકે રજનીકુમારની કૃતિને ખેંચી નાખી. એ મિત્રને લખેલા ૧૩-૦૯-૮૬ના પત્રમાં રજનીકુમારે ટીકાપુરાણની વિગતે ચર્ચા કરી હતી:

"કોઈપણ વ્યક્તિ આપણી ટીકા કરે તેના ત્રણ કારણો હોઈ શકે : ઈર્ષ્યા (જે મારે નથી), ફરજ (જે મારી નહોતી-હું વિવેચક તરીકેનો ધંધાર્થી નથી), સદ્દ્ભાવ (જે મારે હતો).

ટીકામાં ગમે તેટલો આક્રોશ હોય તો પણ જો સદ્દ્ભાવપૂર્વકની હોય તો સજ્જન સમજુ અને વિકાસોન્મુખ માણસ તેને સાંભળે છે, તોલે છે, સાચી લાગે તો સ્વીકારે છે યા નહીં સુધરી શકવાની અગમ્ય મજબૂરી વ્યક્ત કરીને પણ તેની સચ્ચાઈ તો સ્વીકારી

છે. જો તોલ્યા પછી ટીકા સાચી છતાં ગ્રાહ્ય ના લાગે તો તેને માટેની સમ્યક દલીલો અને પોતાનો દૃષ્ટિકોણ રજૂ કરે છે અને તે પણ ન થઈ શકે તો 'મારી પાસે દલીલો નથી' તેવું વિધાન કરી ચર્ચાનો બંધ વાળે છે. ટીકા સ્વીકારવી જ એવું જરૂરી નથી, પણ ટીકાને તેના સાચા પરિપ્રેક્ષ્યમાં લેવી એ સ્વસ્થ માનસનું લક્ષણ છે.

પણ મોટાભાગે આવા સજ્જન, સમજુ અને વિકાસોન્મુખ વિરલાઓની પ્રાપ્તિ દુર્લભ છે. આવા સંજોગોમાં સદ્ભાવપૂર્વક ટીકા કરનારે પણ નીચેની ત્રણ પરિસ્થિતિઓનો સામનો કરવો પડે છે.

(૧) કાઉન્ટર એટેક : નવ્વાણું ટકા આ બને છે. ટીકા પામનાર ટીકા કરનાર પર સામો હુમલો કરે છે. પોતાની નબળાઈ જેવી જ (બલકે કયાંક તો વધારે) નબળાઈઓ કે ત્રુટીઓ ટીકા કરનારમાં પણ છે એવા દાખલા દલીલો આપવા મેદાને પડે છે. આવો કાઉન્ટર એટેક કરનાર એ હકીકત ભૂલી જાય છે કે ટીકા કરનારમાં તે કહે છે તેવી ત્રુટીઓ મોજૂદ હોય તો પણ તેની પોતાની ત્રુટી યા ખામી એથી વાજબી ઠરતી નથી.

(૨) સામું દોષારોપણ : ટીકા કરનારને એમ સાંભળવા મળે કે તમે ઈર્ષાળુ છો...ઓછી સમજવાળા છો...પછાત છો...તમને ભાન નથી... ગર્વિષ્ટ છો.

(૩) વ્યવહારની આણ : ટીકા કરનારને એમ સાંભળવા મળે કે મેં તમારા લેખોની ટીકા નહોતી કરી. તમારે પણ મારા લેખોની ટીકા ન કરવા જેટલા વ્યવહારુ બનવું જોઈએ. સમજો, વ્યવહારમાં સમજો.

ટીકા એ પથ્થર નથી, કે કોઈ મારે તો જ સામો મરાય. એ ફૂલનો હાર છે. ઉમળકો આવે ત્યારે આગલા-પાછા સંદર્ભ વગર પહેરાવી દેવાય."

'પુષ્પદાહ'ના કિસ્સા પછી મિત્ર- વાર્તાકાર જનક ત્રિવેદીને રજનીકુમારે ૨૦-૦૧-૯૫ના પત્રમાં લખ્યું હતું,

"સાચો કલાકાર ટીકામાંથી જ શીખે છે...સંમાર્જન એમાંથી જ થાય. પણ ટીકાકાર માટે શરત એ કે (૧) એમાં ડંખ ન હોવો જોઈએ (પૂર્વગ્રહ હોઈ શકે) (૨) એમાં ભારોભાર સમજણ વરતાવી ઘટે મતલબ કે સમજ્યા વગર વેતરી નાંખવાની વૃત્તિ ન હોવી જોઈએ (૩) એ ટીકા, ટીકાકારની ખુદની આપણે કરેલી કોઈ ટીકાના પ્રત્યાઘાત યા 'સામું ચોડવાની વૃત્તિ'- 'તમેય એક વાર આમ કરેલું'ના સ્વરૂપની ન હોવી જોઈએ. જેમ કે મારા કોઈ દુશ્મન (છે જ નહીં)ની સામે ટીકા કરે તો એ સાચી હોય તો પણ એમાંથી એને સીડી મળી જાય. (૫) ટીકા કરનારે સામો માણસ એ સ્વીકારી જ લે એવો આગ્રહ ઝનૂન રાખે નહીં એ પણ જરૂરી છે.

☆☆ ☆☆ ☆☆

રજનીકુમારને એક વાચકે તેમને મજાકમાં એક વાર 'રિપીટરકુમાર પંડ્યા'ના નામે ઓળખાવ્યા હતા. મુંબઇ-ગુજરાત-સૌરાષ્ટ્રનાં અનેક અખબારો-સામયિકોમાં પોતાની

કોલમમાં જૂના લેખો આપતા રજનીકુમારે તેનો ગંભીર જવાબ આપ્યો હતો : "એમની વાતમાં તથ્ય છે, પણ મારા તથ્યો એ જાણતા નથી. અઠવાડિયે આઠ છાપાંમાં કટારો લખીને મારે મારા રોટલા રળવાના હોય ત્યારે આઠે આઠ છાપાંમાં નવાં લખાણો આપવાનું હયુમન્લી ઈમ્પોસીબલ છે. એટલે સ્વાભાવિક જ છે કે મારે મારાં જૂનાં લખાણો લાંબો ગાળો પડી ગયા પછી રિપીટ કરવાં પડે. મારાં લખાણો કંઈ પ્રાસંગિક કે સમસામયિક હોતા નથી. એની કોઈ કાયમી કિંમત હોય છે. એ લખાણો જીવનને સ્પર્શતાં, કોઈ સામાજિક સંદર્ભવાળાં હોય, એટલે એ જૂના થતાં નથી હોતાં. ૧૯૮૦ની સાલથી હું કટાર લખું છું એટલે દસેક વર્ષ પહેલાંના પણ આજે તાજાં લાગે તેવા લખાણો હું રિપીટ કરું અને તે પણ છાપાના તંત્રીઓથી છુપાવીને નહીં, પણ એમને કહીને કરું ત્યારે એ વાંધાજનક ન હોવું જોઈએ. દસ વર્ષમાં આખો વાચકવર્ગ બદલાઈ ગયો હોય, પેઢી બદલાઈ ગઈ હોય, ને મેં છાપું પણ બદલી નાખ્યું હોય. સો વાચકોમાંથી નવ્વાણુંને એ લખાણ નવું લાગવાનું હોય કે ગમવા જેવું લાગવાનું હોય તો સતેજ સ્મૃતિવાળા રડ્યાખડ્યા એકાદ વાચકની લાગણી તરફ જોવાનું મને ન પોસાય. 'ગુજરાતમિત્ર'ની મારી કટાર 'પ્રતિછાયા' એ એનું નામ સૂચવે છે તેમ મારા જૂના પણ સારા ચૂંટેલા લખાણોના પુનરાવર્તનની કટાર છે. છતાં આજે બાર વર્ષે થયા એના એકપણ વાચકે રિપીટેશનની ફરિયાદ કરી નથી. હું તો એમ પણ માનું છું કે જૂના સારા ગીતની, જેમ જૂની સારી રી-રન ફિલ્મની જેમ, આવાં લખાણો પણ માણવાપાત્ર હોય છે."

☆☆ ☆☆ ☆☆

જીવનના પાંચ દાયકા સુધી રજનીકુમાર ઈશ્વરભક્ત નહોતા તેમ રેશનાલિસ્ટ પણ નહોતા. અલબત્ત, તેમનું વર્તન ઘણી હદે રેશનલ કહી શકાય તેમ હતું. અંધશ્રદ્ધા અને ચમત્કારોના તે વિરોધી હતા, પરંતુ ઈશ્વર જેવી દૈવી શક્તિની સ્વીકૃતી અને જ્યોતિષને વિજ્ઞાન ગણવા જેવા 'દોષ' તેમનામાં મોજૂદ હતા. ૧૯૮૬માં મણીનગરના ફ્લેટમાં રહેવા આવેલા રજનીકુમારે બાકાયદા હવન પણ કર્યો હતો.

રજનીકુમારનો રેશનલ(માનવીયના અર્થમાં વિવેકબુદ્ધિપૂત) અભિગમ રમણલાલ પાઠકના ગાઢ સંપર્ક પછી સો ટકા રેશનાલિસ્ટ બન્યો. આમ, રજનીકુમાર પહેલા રેશનલ બન્યા અને પછી રેશનાલિસ્ટ ! (નિરીશ્વરવાદની થોડી વાતો કરીને પોતાની જાતને રેશનાલિસ્ટ તરીકે સ્થાપિત કરવી સહેલી છે, પણ રોજબરોજની ઝીણીઝીણી બાબતોમાં રેશનલ અભિગમ જાળવવો બહુ અઘરો છે.) ગુજરાતમાં રેશનાલિઝમનો પ્રસાર કરવામાં, તેના વિશે પાયાના ખ્યાલો સ્પષ્ટ કરવામાં મૂળભૂત અને પ્રચંડ ફાળો આપનાર રમણલાલ પાઠકને એટલે જ રજનીકુમાર પ્રેમથી પોતાના ગુરુ તરીકે ઓળખાવે છે.

ગણપતિની મૂર્તિએ દૂધ પીધાનું તૂત દેશભરમાં ચાલી નીકળ્યું ત્યારે રજનીકુમારે આક્રોશસભર લેખ દ્વારા પોતાના વાચકો સુધી સત્ય પહોંચાડ્યું. આ લેખ વાંચીને રમણલાલ પાઠકે તેમને પત્ર લખ્યો "મહર્ષિ રજનીશજી, તમારો લેખ વાંચીને ગદ્ગદ

ઈ ગયો. અદ્‌ભુત લખ્યું છે, મિત્ર ! હું વર્ષોથી લખતો છતાં રેશનાલિઝમના સમર્થનમાં આવું સમર્થ, બલિષ્ઠ, વિગતપ્રચુર, પુણ્યપ્રકોપભર્યું, અંતરના ઊંડાણમાંથી, સાચા દિલનમાંથી પ્રગટતું ક્યારેય લખી શક્યો નથી... તમે યાર, રેશનાલિઝમને દશાંગુલ ઊંચે પહોંચાડ્યું. તમને લાખો ધન્યવાદ !... 'ગણપતિ દુગ્ધાનુપાન' બાબતે કોઈએય આવું જોરદાર-સમૃદ્ધ નથી લખ્યું. આભાર માનતો નથી, આભારના ભારથી હૈયું ઝૂકાય છે."

પોતાની કોલમમાં અનેક લેખો-કિસ્સા દ્વારા તેમણે રેશનાલિઝમ- તેને લગતું સાહિત્ય અને પ્રવૃત્તિઓને ચમકાવી. એ નિમિત્તે તેમણે અનેક લોકોની નારાજગી વહોરી. 'પ્રોફેનશનલ રાઈટર' હોવા છતાં 'ચેતો,ચેતો, અખબારો અંધશ્રદ્ધાના ખેપિયા છે' એ શીર્ષક ધરાવતા એક લેખ દ્વારા તેમણે ઘણાં અખબારોની નારાજગી વહોરી લીધી. ('સંદેશ'માં તેમની કોલમ 'ઝબકાર' બંધ થવા માટે પણ સંપાદકનું રૂઢિચુસ્ત-જડ માનસ જવાબદાર હતું.) આ વર્ષે 'ચિત્રલેખા' તરફથી તેમને નવલકથાનું કહેણ મળ્યું ત્યારે તેમણે ભૂતકાળમાં આલેખેલા, કલ્પનાને પણ ટપી જાય એવા રોમાંચક એવા શશિકાંતના કિસ્સા પરથી ત્રીસ પ્રકરણની નવલકથા 'ફરેબ' સર્જી. તેના અઠ્યાવીસ પ્રકરણોમાં મુખ્ય પાત્રના મુખેથી આકર્ષક શૈલીમાં નીકળતી ગૂઢ-અગડમ બગડમ વાતો વાંચીને રજનીકુમારના કેટલાક ચાહકોને થયું કે 'રજનીકુમાર ધ રેશનાલિસ્ટ'ને આ અચાનક શું થઈ ગયું ? પરંતુ છેલ્લા બે પ્રકરણોમાં એ પાત્રના ગૂઢ જ્ઞાનનો ભંડો ફૂટ્યો અને રજનીકુમારે વાર્તાના કલાતત્ત્વને જોખમાવ્યા વિના રેશનાલિઝમના કેટલાક પાયાના સિદ્ધાંતોનો મહિમા કર્યો.

★★ ★★ ★★

રજનીકુમારના લખાણો ધ્યાનથી વાંચતા ચાહકોએ ઘણી વખત તેમાં મૃત્યુની છાયાનો અનુભવ કર્યો હશે. પોતે લાંબું જીવવાના નથી, એ જાતનો ધ્વનિ તેમનાં અનેક લખાણો વચ્ચેથી પકડાય છે. તેના વિશે વિસ્તારથી વાત કરવાનો આ પ્રસંગ નથી, પરંતુ મૃત્યુનો વિચાર ટાળી શકાય—મૃત્યુ નહીં! પોતાનાં અનેક પાત્રોની મરણોન્મુખ ઘડીઓનું હૃદયસ્પર્શી આલેખન કરનારા રજનીકુમારે આ વિષય પર જાતને કેન્દ્રમાં રાખીને વર્ષો અગાઉ 'ગુજરાતમિત્ર'માં લખ્યું હતું, "મૃત્યુ ખરેખર 'ગમે'- મતલબ કે થાક, હતાશા કે આઘાતને લીધે નહીં, પણ જીવતરની તૃપ્તિથી આવેલા ઓડકારની જેમ આવે તો એ જ ગમે... અશક્ય હોય તોય જોઈએ તો આવું જ મૃત્યુ... સૂરજ જેમ ધીરે ધીરે અસ્તાચળે દેખાય તેમ મારો પ્રાણ પણ મને મારા અંત ભણી દોરી જતો દેખાય. આપણને જે આઘાત લાગે છે, જે ભયનો અનુભવ થાય છે તે મૃત્યુનો નહીં, પણ તેની અચાનકતાનો છે. હું વાંચ્છું છું કે મારા મૃત્યુના મામલામાં અચાનકતા ન હોય, પૂર્વનિર્ધારિત સમયગાળામાં આવવા ધારેલું મૃત્યુ હોય. કદાચ કોઈ એમ પૂછશે કે એમ તો કોઈ ધારે જ નહીં ને! પણ ના. દરેક માણસ જન્મ્યો તે ઘડીથી મૃત્યુનો ઉમેદવાર

હોય છે. એટલે એના મનમાં એક છૂપો તો છૂપો પણ મૃત્યુની પસંદગીનો સમયખંડ તો હોય છે જ. મારો એવો સમયખંડ કયો છે?મારાં પત્ની અને મારી એકની એક મીઠડી દીકરી તર્જની પરત્વેની મારી તમામ જવાબદારીઓ અદા થઇ જાય તે પછીનો કાળ એ મારી મૃત્યુને સ્વીકારવા શું, આવકારવાની મનઃસ્થિતિનો કાળ હશે. મારી આ એષણા સાવ દુન્યવી છે. હાલ જે બીજી એષણાઓ લઈને જીવું છું તે તો હું ચોપાટીની બાજીની જેમ સંકેલી લઇશ.

મૃત્યુ આવે ત્યારે ચિત્તમાં કોઈ પ્રત્યે લેશમાત્ર કડવાશ ન હોય. તે લાંબી કે કષ્ટદાયક માંદગી વગરનું, એક બલ્બ ઉડી જાય તે રીતનું હોય. મને અમાપ સુખો આપનાર સ્મૃતિની બિછાત પર, સંગીતની મધુર સુરાવલીમાં ડૂબેલો હોઉં ત્યારે મૃત્યુ એના લયમાં એક વિલયની રીતે આવે. મારાં પત્ની, પુત્રી, ભાઈ-બહેન, કેટલાક પ્રાણપ્રિય મિત્રો અને સ્વજનો એ વખતે હાજર હોય તો બહુ સારું. મારું મસ્તક ઢળે, પોપચાં બીડાય, ચહેરા પર સ્મિતની રેખા થીજી જાય ને પછી ધીરે ધીરે ઘી પૂરું થતાં દીવેટ બુઝાઈ જાય તેમ જ હું બુઝાઈ જાઉં. બસ... મારા જવાનો કોઇને ઝટકો ન લાગે. કોઇ જોવાલાયક ફિલ્મનો શો પૂરો થાય, હોલમાંથી સહુ હળુ હળુ વાતો કરતાં કરતાં છૂટા પડે એમ જ સૌ મારી વાતો કરતા કરતા ફરી પોતપોતાની દુનિયામાં પ્રવેશે ને ફરી ક્યારેક યાદ કરવા માટે મને એ ક્ષણે તો ભૂલી જાય !"

❑❑❑



# રજનીકુમાર પંડયા : પરિચય ઝબકાર

જન્મ : ૦૬-૦૭-૧૯૩૮, બુધવાર, અષાઢ સુદી ૯

જન્મસ્થળ : જેતપુર

સરનામું : બી-3,જીએફ-11, આકાંક્ષા ફ્લેટ્સ, જયમાલા ચોક, મણીનગર-ઇસનપુર રોડ, અમદાવાદ : 380050

ફોન મોબાઈલ : +91 9898015545

વોટસ એપ : +91 9558062711

ઈ-મેઈલ : rajnikumarp@gmail.com

પૂર્ણ સમયનો વ્યવસાય : સાહિત્ય અને સાહિત્યિક પત્રકારત્ત્વનું લેખન. ગુજરાત સરકાર દ્વારા એક્રેડિટેડ પત્રકાર

પરિવાર : પત્ની તરુલતા દવે (પ્રસિદ્ધ લેખિકા, કતારલેખિકા)
પુત્રી કુ. તર્જની (જન્મ : ૦૭-૧૨-૧૯૮૩)

કટાર લેખન : સંદેશ ૧૯૮૦, ગુજરાત સમાચાર ૧૯૮૬,ગુજરાત મિત્ર ૧૯૮૬, ટાઈમ્સ ઓફ ઇન્ડિયા ગુજરાતી ૧૯૮૮,જન્મભૂમી પ્રવાસી ૧૯૯૦, મીડ ડે,દમણ ગંગા ટાઈમ્સ, દિવ્ય ભાસ્કર, નવગુજરાત સમય, ગુજરાત ટાઈમ્સ, વેબ ગુર્જરી 2014.

એવોર્ડ્ઝ અને સન્માન :

- 'સવિતા વાર્તા સ્પર્ધામાં બે વાર (૧૯૬૫ અને ૧૯૬૮માં) પ્રથમ ઇનામ-સુવર્ણચંદ્રક
- 'ખલેલ' વાર્તાસંગ્રહને રાજ્ય સરકારનું પારિતોષિક (૧૯૭૭)
- ૧૯૮૪ના શ્રેષ્ઠ ગ્રામલક્ષી કતાર આલેખન માટે ગુજરાત સરકારનો ઍવોર્ડ(૧૯૮૬)
- શ્રેષ્ઠ ગ્રામલક્ષી આલેખન માટેનો પ્રતિષ્ઠિત સ્ટેટ્સમેન ઍવોર્ડ (૧૯૮૯)
- 'ચંદ્રદાહ'ને ગુજરાત સાહિત્ય અકાદમીનું શ્રેષ્ઠ વાર્તાસંગ્રહનું પારિતોષિક (૧૯૯૧)
- 'કુંતી'ને ગુજરાત સાહિત્ય અકાદમીનું શ્રેષ્ઠ નવલકથાનું પારિતોષિક; કેન્દ્રીય સાહિત્ય અકાદમીના ઍવોર્ડ માટે નોમિનેશન(૧૯૯૨)
- 'ઝબકાર-૫'ને ગુજરાતી સાહિત્ય અકાદમીનું પારિતોષિક(૧૯૯૪)
- શ્રેષ્ઠ સમાજલક્ષી આલેખન માટે હરિઓમ આશ્રમનો ઍવોર્ડ (૧૯૯૫)
- ગુજરાત દૈનિક સંઘનો ૧૯૯૪નો 'સૌરાષ્ટ્ર સમાચાર' ઍવોર્ડ (૧૯૯૫)
- ગુજરાત સરકારનો શ્રેષ્ઠ ગ્રામલક્ષી કતારલેખનનો ઍવોર્ડ (૧૯૯૭)

## રજનીકુમારનું સાહિત્યસર્જન

**વાર્તાસંગ્રહો :** 'ખલેલ' (૧૯૭૫, ૧૯૯૨), 'મન બિલોરી' (૧૯૮૭, ૧૯૯૫), રંગબિલોરી (૧૯૮૭, ૧૯૯૫), 'ચંદ્રદાહ' (૧૯૮૯, ૧૯૯૯), 'આત્માની અદાલત' (૧૯૯૩), 'ઝાંઝર' (૧૯૯૬), 'રજનીકુમાર પંડ્યાની શ્રેષ્ઠ વાર્તાઓ' (૧૯૯૬, સં. રમણ પાઠક), 'રજનીકુમાર પંડ્યા : સદાબહાર વાર્તાઓ' (૨૦૦૨), 'અહા ! કેટલી સુંદર' (૨૦૦૬)

**નવલકથાઓ :** 'કોઈ પૂછે તો કહેજો' (૧૯૮૮, ૧૯૯૮), 'પરભવના પિતરાઈ' (૧૯૯૧, ૧૯૯), 'કુંતી' (ભાગ : ૧-૨, ૧૯૯૧, ૧૯૯૫, ૧૯૯૬, ૨૦૦૭, ૨૦૦૯), 'અવતાર' (૧૯૯૨), 'પુષ્પદાહ' (૧૯૯૫, ૧૯૯૮), 'ફરેબ' (૨૦૦૦), 'એકલપંખી' (૨૦૦૪)

**જીવનચિત્રો :** 'ઝબકાર કિરણ-૧' (૧૯૮૪, ૧૯૯૪), 'ઝબકાર કિરણ-૨' (૧૯૮૫), 'ઝબકાર કિરણ-૩' (૧૯૮૮), 'ઝબકાર કિરણ-૪' (૧૯૯૦), 'ગુલમહોર' (૧૯૯૦, ૧૯૯૯), 'ઝબકાર કિરણ-૫' (૧૯૯૨), 'ઝબકાર કિરણ-૬' (૧૯૯૫), 'રોમાંચ રેખા' (૧૯૯૯), 'અક્ષરની આંખે' (૧૯૯૯), 'અનોખાં જીવનચિત્રો' (૧૯૯૯, સં. રતિલાલ બોરીસાગર), 'માયાનગર' (૨૦૦૦), 'શબ્દવેધ' (૨૦૦૭)

**શીઘ્રપ્રકાશ્ય :** 'શબ્દનાં સગાં'

**હાસ્ય :** 'હાસબિલોરી' (૧૯૮૭, ૧૯૯૫), 'શબ્દઠઠ્ઠા' (૨૦૦૩)

**જીવનચરિત્રનું લેખન-સંપાદન :** 'હંસપ્રકાશ' (૧૯૯૮), 'ઓજસનો અવતાર' (૨૦૦૨), 'વિરક્ત વીર' (૨૦૦૩), 'સૌના ભાઈ : રતિભાઈ' (૨૦૦૪, બીરેન કોઠારી સાથે), 'પુરુષાર્થની પેલે પાર' (ભાગ : ૧-૨, ૨૦૦૭ બીરેન કોઠારી સાથે / અંગ્રેજી અનુવાદ : Beyond The Horizons), 'મારોય એક જમાનો હતો' (૨૦૦૭, બીરેન કોઠારી સાથે), 'ઉપેન્દ્ર ત્રિવેદી : આત્મકથન અને અન્ય આલેખ' (૨૦૦૯, ૨૦૧૧, બીરેન કોઠારી સાથે), 'અમૃત સૌરભ' (૨૦૧૦, બીરેન કોઠારી સાથે), 'કર્મયોગી' (૨૦૧૨, બીરેન કોઠારી સાથે)

**ફિલ્મ :** 'આપ કી પરછાંઇયાં' (૧૯૯૪, ગુજરાતી)

**શીઘ્રપ્રકાશ્ય :** 'શબ્દાકાશ'

**સાહિત્યિક વિવેચનસંગ્રહ :** 'શબ્દનગર' (૨૦૦૪)

**સામાજિક ચિંતન-નિબંધો :** 'લગ્નેતર સંબંધો' (૧૯૯૭), 'સંબંધ પ્રેમનો...' (૧૯૯૮), 'પરણ્યાં એટલે...' (૧૯૯૮)

**શીઘ્રપ્રકાશ્ય :** 'મહામંડપ' (ઉપરોક્ત ત્રણેય પુસ્તકો સંયુક્તરૂપે એક સાથે)

**નાટક :** 'દાંડીકૂચના બજે ડંકા' (૧૯૯૮, હસમુખ રાવળ સાથે)

**સંપાદન-સંકલન :** 'બ્રધર્સ કેરમોઝોવ અને દોસ્તોએવ્સ્કી' (૧૯૬૯), 'મધુપર્ક' (૧૯૯૮), 'રમણિયમ્' (૧૯૯૮), 'કમળમાં કેદ લોહપુરુષ' (જમનાદાસ કોટેચા તથા ઉર્વિશ કોઠારી સાથે), 'લડવૈયા શૂરા જાગજો રે' (જૂનાં શૌર્ય ગીતો, ૨૦૦૦), 'રાજયાત્રા' (૨૦૦૫), 'ચૂપકે ચૂપકે બોલ મૈના', 'મેઘદૂત' (૨૦૧૦, કિલાભાઈ ઘનશ્યામના સમશ્લોકી ગુજરાતી અનુવાદની સાંગિતિક પ્રસ્તુતિ)

**ડિજિટાઇઝેશન અને વેબસાઇટ :** વીસમી સદી-www.gujarativisamisadi.com, પ્રકૃતિ-www.gujaratiprakruti.com

**અન્ય ભાષામાં અનુવાદિત પુસ્તકો :** 'બેનામ શખ્સ' (૧૯૯૩, સિંધીમાં), 'યે લોગ' (૧૯૯૪, હિન્દીમાં), 'આપ કી પરછાંઇયાં' (૧૯૯૯, હિન્દીમાં), 'કુંતી' (૨૦૦૩), 'જિંદગી બનામ જુઆ' (હિન્દી), 'ફેમિલીમેન' (હિન્દી), 'ઇન્ટિમેટ ઇમ્પ્રેશન્સ' (અંગ્રેજીમાં)

**રજનીકુમાર વિશે :** 'રજનીકુમાર : આપણા સૌના' (૨૦૦૦, સંપાદકો : ઉર્વિશ કોઠારી, બીરેન કોઠારી)

માધ્યમ રુપાંતર

- 'કુંતી' નવલકથા પરથી હિંદીમાં સિરીયલ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પ્રસારણ
- 'અવતાર' નવલકથા પરથી 'આયના તૂટે તો બને આભલાં' નામે અરવિંદ જોશી દ્વારા ગુજરાતીમાં નાટ્ય રુપાંતર અને ભજવણી
- 'પરભવના પિતરાઈ' નવલકથા પરથી અમદાવાદ દૂરદર્શન પર બે ભાગની ટેલીફિલ્મ
- 'પુષ્પદાહ' નવલકથા પરથી હિંદી સિરીયલના રાઈટ્સ 'સુરમ્ય ફિલ્મ્સ'ને આપવામાં આવ્યા. શૂટીંગ વિદેશમાં આયોજિત.
- 'જુગાર' વાર્તા પરથી આશા પારેખ દ્વારા 'જ્યોતિ' સિરીયલમાં એપિસોડ
- 'વર્લ્ડ હેલ્થ ઑર્ગેનાઈઝેશન'ના ઉપક્રમે ગોવિંદ સરૈયાની ટેલીફિલ્મ માટે એક વાર્તા-સ્ક્રીપ્ટનું લેખન
- કેટલીક વાર્તાઓ પરથી નિમેષ દેસાઈ દ્વારા દૂરદર્શન પર સિરીયલ્સ
- ચંદર બહેલ(સંગીતકાર હંસરાજ બહેલના પુત્ર)ની સીરિયલ 'હુતોહુતી'ના ત્રણ એપિસોડમાં રજનીકુમારની વાર્તાઓનો ઉપયોગ
- ઈસરો ટેલીવિઝન પર 'ભાતભાતકે લોગ' સિરીયલ (રુપાંતરઃ તરુલતા દવે)

- દૃશ્યમાધ્યમમાં પણ તેમનું માતબર પ્રદાન છે. મુંબઈના હિરાલક્ષ્મી ફાઉન્ડેશન માટે તેમણે 100 વર્ષ પહેલાંના ઉચ્ચ કક્ષાના ગુજરાતી સામયિક 'વીસમી સદી'ને ધીમંત પુરોહિત ('આજ તક' ચેનલ)ના સહયોગમાં ડીજીટલાઈઝ્ડ કરી તેની વેબસાઈટ gujarativismisadi.com વિશ્વના કરોડો ગુજરાતીઓ સમક્ષ રજૂ કરીને ભાષાની મોટી સેવા કરી. આ ઉપરાંત તેમણે ગુજરાતી ડિસ્કવરી ચેનલ જેવા જૂના ગુજરાતી સામયિક 'પ્રકૃતિ'ને પણ આ જ રીતે વેબસાઈટ પર ઉપલબ્ધ કરાવ્યું, જેનું નામ છે gujaratiprakruti.com વળી તેમણે રાજવી શાયર 'રુસ્વા' મઝલૂમી તથા વિખ્યાત ભક્તિસંગીતનાં વયોવૃદ્ધ ગાયિકા જૂથિકા રોયની હિંદી ડોક્યુમેન્ટ્રી વીડીયો સી.ડી.નું નિર્માણ પણ કર્યું. તેમના દિગ્દર્શનમાં કવિકુલગુરુ કાલિદાસના 'મેઘદૂત'ના ગુજરાતી સમશ્લોકી અનુવાદને સાંગીતિક સ્વરૂપ અપાયું છે જેની સ્વરરચના કરી છે આશિત દેસાઈએ અને કંઠ આપ્યો છે પ્રફુલ્લ દવેએ. હાલ તેમણે એ જ સંસ્થાના ઉપક્રમે કવિ કાલિદાસના 'શાકુંતલ'ના ચં.ચી.મહેતાએ કરેલા સમશ્લોકી રૂપાંતરનું ઑડીયો-વિડીયો રૂપાંતર પૂર્ણ કર્યું છે, જેને સંગીત અને કંઠ આપ્યો છે આશિત દેસાઈના સંગીતવૃંદે. હવે તેનું સચિત્ર ગ્રંથરૂપ તેઓ તૈયાર કરી રહ્યા છે.

સામાજિક, સાહિત્યિક અને સાંસ્કૃતિક નિસબત :

- દૂરદર્શન કાર્યક્રમ સલાહકાર સમિતિમાં નિયુક્ત સભ્ય
- ઑલ ઇન્ડિયા રેડિયોની કાર્યક્રમ સલાહકાર સમિતિમાં કેન્દ્ર સરકાર દ્વારા નિયુક્ત સભ્ય
- રાજ્ય સરકાર દ્વારા પત્રકાર પુરસ્કાર સમિતિમાં જ્યુરીના એક સભ્ય તરીકે ૧૯૯૭થી સેવાઓ
- રાજ્ય સરકાર દ્વારા ગુજરાતી ફિલ્મ ઍવોર્ડ સમિતિમાં બે વર્ષથી જ્યુરીમાં નિયુક્તિ
- ગુજરાત રાજ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રમાણપત્ર બોર્ડ (સેન્સર બોર્ડ)માં દસ વર્ષથી સભ્ય અને તજજ્ઞ તરીકે નિયુક્તિ
- ગુજરાત સાહિત્ય અકાદમીમાં પાંચ વર્ષથી ચૂંટાયેલા સભ્ય. કેટલાક સમય સુધી તેના મુખપત્ર 'શબ્દસૃષ્ટિ'ના પરામર્શક
- ગુજરાતી વિશ્વકોશમાં માનવવિદ્યાના તજજ્ઞ તરીકે પ્રદાન
- ગુજરાતી સાહિત્ય પરિષદના આજીવન સભ્ય અને મધ્યસ્થ સમિતિમાં ચૂંટાયેલા સભ્ય
- ગુજરાતી લેખક મંડળની કારોબારીમાં સભ્ય
- 'સૌજન્ય' ડાઇજેસ્ટ (તંત્રી : ડૉ. યાસીન દલાલ)માં પરામર્શક
- ભારતીય વિદ્યા ભવન (અમેરિકા) દ્વારા અમેરિકા અને ઈંગ્લેન્ડની ગુજરાતી સાહિત્ય અકાદમીમાં વ્યાખ્યાનો માટે નિમંત્રિત
- 'શિશુમંગલ' સંસ્થા, જૂનાગઢમાં ટ્રસ્ટી
- જય સચ્ચિદાનંદ વિકલાંગ શાળા, જેતપુરમાં ઉપાધ્યક્ષ-ટ્રસ્ટી
- 'જગમોહન મ્યુઝીક ફાઉન્ડેશન'માં ટ્રસ્ટી

વિદેશ પ્રવાસ : નેપાળ(૧૯૭૮)

- અમેરિકા-ઇંગ્લેન્ડ-કેનેડા પ્રવાસ નવલકથા લેખન અને વ્યાખ્યાન માટે(૧૯૯૪માં ચાર માસ)
- અમેરિકા-કેનેડા-ઇંગ્લેન્ડ-મેક્સિકો-વાચકમિલન અને વ્યાખ્યાન (૧૯૯૬માં અઢી માસ) પૂરા પરિવાર સાથે
- મલાવી, કેન્યા, યુગાન્ડા, ટાંઝાનીયા, સાઉથ આફ્રિકા (૧૯૯૮માં)
- મલાવીના રાષ્ટ્રપ્રમુખના વી.આઇ.પી. મહેમાન તરીકે નિમંત્રીત